# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
વિદ્યા બાલને 'ભૂલ ભૂલૈયા 2' રિજેક્ટ કરી હતી

પેજ-09
શું ટીમ ઈન્ડિયામાં મો.શમીની સફર પૂરી થઈ ગઈ ?



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 36.00 | 23.00 |
| વડોદરા | 36.00 | 24.00 |
| સુરત | 33.00 | 26.00 |

પેજ 5

ગોલ્ડ ઈટીએફસમાં જંગી ઈન્ફ્લોસ અને વિશ્વની કેન્દ્રીય બેંકો દ્વારા ગોલ્ડની...

28 OCTOBER-2024 MONDAY

વિદેશમાં નોકરી કરવાનું સપનું થશે સાકાર, જર્મનીએ ભારતીયોનો વર્ક...

પેજ 10

.....સુવિચાર.....
અસલ સુખ બાહ્ય વસ્તુઓમાં નહીં, પરંતુ આંતરિક શાંતિ અને સંતોષમાં છે.

વર્ષ-13 । અંક-343 । વિક્રમ સંવત-2079 । આસો વદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

**મન કી બાતનો 115મો એપિસોડ :** PMએ ડિજિટલ અરેસ્ટ પર કહ્યું- જ્યારે તમને ફ્રોડ કોલ આવે તો થોભો, વિચારો અને પછી પગલાં ભરો

# ડિજિટલ એરેસ્ટ મુદ્દે લોકોને સાવચેત રહેવા મોદીની અપીલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

રવિવારે મન કી બાતના 115મા એપિસોડમાં પીએમ નરેન્દ્ર મોદીએ સરદાર પટેલ અને બિરસા મુંડાની 150મી જન્મજયંતિની ઉજવણી વિશે વાત કરી હતી. તેમણે ડિજિટલ ધરપકડ જેવા ફ્રોડથી બચવા માટે ત્રણ સ્ટોપ થોભો, વિચારો અને પગલાં ભરવાની વાત કરી હતી. મોદીએ કહ્યું- કોલ આવતાની સાથે જ થોભો. ગભરાશો નહીં, શાંત રહો, કોઈપણ ઉતાવળમાં પગલાં ન ભરો, તમારી અંગત માહિતી કોઈને પણ ન આપો. સ્ક્રીન શોટ લો અને રેકોર્ડિંગ કરો. બીજું પગલું છે- 'વિચારો'. કોઈપણ સરકારી એજન્સી ફોન પર ધમકી આપતી નથી, વીડિયો કોલ પર પૂછપરછ કરતી નથી અથવા રૂપિયા માંગતી નથી. જો આમાંથી કાંઈ હોય, તો સમજો કે કંઈક ખોટું છે. આ પછી ત્રીજુ સ્ટેપ 'એક્શન લો' ફોલો કરો. નેશનલ સાયબર હેલ્પલાઈન 1930 ફોન કરો. ગયા મહિને આ કાર્યક્રમને 10 વર્ષ પૂરા થયા. આ પહેલા શનિવારે પીએમ મોદીની મન કી બાત પર એક પુસ્તક "મોદી સંવાદ"નું વિમોચન પણ કર્યુ હતું. છોટા ભીમની જેમ અન્ય એનિમેટેડ શ્રેણી કૃષ્ણા, મોટુ-પટલુ, બાલ હનુમાનના પણ સમગ્ર વિશ્વમાં ચાહકો છે. ભારતીય એનિમેટેડ પાત્રો અને ફિલ્મો તેમની સામગ્રી અને ક્રિએટિવિટીને કારણે સમગ્ર વિશ્વમાં પસંદ કરવામાં આવી રહી છે. ભારત એનિમેશનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાના માર્ગે છે. ભારતની ગેમિંગ સ્પેસ પણ ઝડપથી વધી રહી છે. ભારતીય રમતો પણ વિશ્વભરમાં પ્રખ્યાત થઈ રહી છે.



દેશમાં વધી રહેલા સાયબર ફ્રોડના કેસોને ધ્યાનમાં રાખતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં દેશવાસીઓને ડિજિટલ ફ્રોડથી સાવધાન રહેવા સલાહ આપી

### સાવચેત રહો, ફોન કોલ્સ રેકોર્ડ કરો

વડાપ્રધાન મોદીએ નાગરિકોને વિનંતી કરી કે જો કોઈને આ પ્રકારનો ફોન આવે તો ગભરાશો નહીં. આવા કેસોમાં ડિજિટલ સુરક્ષાના ત્રણ પગલાં છે - રોકો, વિચારો અને પ્રતિક્રિયા આપો. જો શક્ય હોય તો, સ્ક્રીનશોટ લો અને રેકોર્ડિંગ કરો. કોઈ સરકારી એજન્સી ફોન પર આવી ધમકીઓ આપતી નથી અથવા પૈસાની માંગણી કરતી નથી.

### સાયબર હેલ્પલાઈન પર ફોન કરો

વડાપ્રધાને લોકોને આવી છેતરપિંડી રોકવા માટે નેશનલ સાયબર હેલ્પલાઈન 1930 પર ફોન કરવા જણાવ્યું છે અને પોલીસમાં રિપોર્ટ નોંધાવવાની સલાહ આપી છે. આવા મામલા નોંધી પોલીસ અને સાયબર સુરક્ષા એજન્સીઓને જાણ કરવી જોઈએ.

### ડિજિટલ ફ્રોડમાં સતત વધારો

તાજેતરના મહિનાઓમાં ભારતમાં 'ડિજિટલ અરેસ્ટ'ના કેસ ઝડપથી વધી રહ્યા છે. ગયા મહિને, સાયબર ગુનેગારોએ વર્ધમાન ગ્રૂપના ચેરમેન એસપી ઓસવાલ સાથે 'ડિજિટલ કસ્ટડી'માં લઈને રૂ. 7 કરોડની છેતરપિંડી કરી હતી. ગુનેગારોએ, સીબીઆઈ અધિકારીઓ તરીકે, તેને બે દિવસ સુધી સ્કાયપે દ્વારા 'ડિજિટલ સર્વેલન્સ' હેઠળ રાખ્યો અને તેના પર મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો.

### PM મોદીએ મન કી બાતમાં આ મુદ્દાઓ પર વાત કરી

**એનિમેશન અને વર્ચ્યુઅલ પ્રવાસન પર...** આજે એનિમેશન સેક્ટર એક એવી ઈન્ડસ્ટ્રી બની ગઈ છે જે અન્ય ઈન્ડસ્ટ્રીઝને તાકાત આપી રહ્યું છે. આ દિવસોમાં VR ટુરીઝમ ખૂબ જ પ્રખ્યાત થઈ રહ્યું છે. અજંતા ગુફાઓ વર્ચ્યુઅલ પ્રવાસ દ્વારા જોઈ શકાય છે. કોણાર્ક મંદિરના કોરિડોરમાંથી લટાર મારવા અથવા વારાણસીના ઘાટનો આનંદ માણો. પ્રવાસન સ્થળની VR ટુર લોકોના મનમાં ઉત્સુકતા લાવે છે. આજે આ સેક્ટરમાં એનિમેટર્સ, સ્ટોરી ટેલર્સ, રાઈટર્સ, વોઈસ ઓવર એક્સપર્ટ્સ, મ્યુઝિશિયન અને ગેમ ડેવલપર્સની માંગ વધી રહી છે. તેથી, હું દેશના યુવાનોને તેમની ક્રિએટિવિટીનો વધારો કરવા જણાવું છું.

**આત્મનિર્ભર ભારત અભિયાન પર...** આત્મનિર્ભર એ માત્ર અમારી પોલિસી જ નથી, તે આપણું પેશન બની ગયું છે. આત્મનિર્ભર ભારત અભિયાન જન અભિયાન બની રહ્યું છે. અમે દરેક ક્ષેત્રમાં સિદ્ધિઓ મેળવી રહ્યા છીએ. આ મહિને અમે લદ્દાખના હાનલેમાં એશિયાના સૌથી મોટા 'ઈમેજિંગ ટેલિસ્કોપ MACE'નું પણ ઉદ્ઘાટન કર્યું. તે 4300 મીટરની ઉંચાઈ પર છે. ચાલો જાણીએ કે તેના વિશે શું ખાસ છે - તે મેડ ઈન ઈન્ડિયા છે. બિરસા મુંડા - સરદાર પટેલની જન્મજયંતિ પર મારા જીવનની સૌથી યાદગાર ક્ષણોની વાત કરીએ તો ઘણી બધી ઘટનાઓ મનમાં આવે છે. પરંતુ આમાં પણ એક ખાસ ક્ષણ છે. આ તે ક્ષણ હતી જ્યારે ગયા વર્ષે 15મી નવેમ્બરે ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિ પર હું ઝારખંડમાં તેમના જન્મસ્થળ ઉલિહાતુ ગામમાં ગયો હતો.

**દેશમાં ફિટનેસ જાગૃતિ વધારવા પર...** દેશમાં લોકો ફિટનેસને લઈને વધુ સભાન બની રહ્યા છે. સ્કૂલો ફિટનેસ પર ધ્યાન આપી રહી છે. ફિટ ઈન્ડિયા સ્કૂલ અવર પણ એક અનોખી પહેલ છે. સ્કૂલો તેના પ્રથમ પિરિયડમાં ફિટનેસ એક્ટિવિટીઝ કરાવી રહી છે. 'મન કી બાત'ના શ્રોતાઓએ મને તેમના અનુભવો મોકલ્યા છે. કેટલાક લોકો ખૂબ જ રસપ્રદ પ્રયોગો કરી રહ્યા છે. ફેમિલી ફિટનેસ કલાકનું ઉદાહરણ એ છે કે કુટુંબ દર વિકેન્ડ એક કલાક ફેમિલી ફિટનેસ માટે ફાળવે છે. બીજું ઉદાહરણ એ છે કે કેટલાક પરિવારો તેમના બાળકોને ટ્રેડિશનલ રમતો શીખવી રહ્યા છે.

## દિવાળી ટાણે મુંબઈ-બાંદ્રા ટર્મિનસમાં નાસભાગ

ગોરખપુર એક્સપ્રેસ આવતા જ મુસાફરોમાં ધક્કા-મુક્કી શરૂ થઈ : 9 ઘાયલ, 2ની હાલત ગંભીર

(એજન્સી) મુંબઈ । તા. 27

મુંબઈના બાંદ્રા રેલવે સ્ટેશન પર રવિવારે સવારે ટ્રેનમાં ચડવાની ધક્કા-મુક્કી બાદ મચેલી નાસભાગમાં નવ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના સવારે 5.56 વાગ્યે બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર એક પર બની હતી. બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું કે ટ્રેન 22921 બાંદ્રા-ગોરખપુર એક્સપ્રેસમાં ચડવામાં ધક્કા-મુક્કી થતા નાસભાગ થતા અફરા-તફરી મચી ગઈ હતી. તમામ ઈજાગ્રસ્તોને ભાભા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઘાયલોની ઓળખ શબ્બીર અબ્દુલ રહેમાન (40), પરમેશ્વર સુખદર ગુપ્તા (28), રવિન્દ્ર હરિહર ચુમા (30), રામસેવક રવિન્દ્ર પ્રસાદ પ્રજાપતિ (29), સંજય તિલકરામ કાંગે (27), દિવ્યાંશુ યોગેન્દ્ર યાદવ (18), મોહમ્મદ શરીફ શેખ (25), ઈન્દરજીત સાહની (19) અને નૂર મોહમ્મદ શેખ (18) તરીકે થઈ છે.



**અમદાવાદ રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે જવાનો તહેનાત**

દિવાળીના તહેવારને જોતા અમદાવાદ રેલવે સ્ટેશન પર પણ મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને પ્લેટફોર્મ નં. 8 પર વધારાના આરપીએફ જવાનોને તહેનાત કરવામાં આવ્યા છે.

### તહેવારોની ભીડને કારણે નાસભાગ મચી

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)એ જણાવ્યું હતું કે દિવાળી પહેલા તહેવારોની ભીડને કારણે નાસભાગ મચી ગઈ હતી. નાસભાગની તસવીરો અને વીડિયો પણ સામે આવ્યા છે જેમાં ફ્લોર પર લોહી ફેલાયેલું જોવા મળે છે અને ઘાયલ લોકો બેભાન હાલતમાં પડેલા છે. રેલવે પોલીસ કર્મચારીઓ અને અન્ય મુસાફરો ઘાયલોને સ્ટ્રેચર પર લઈ જઈ રહ્યા છે.

## શરદ પવાર જૂથે સ્વરા ભાસ્કરના પતિને ફાળવી બેઠક

(એજન્સી) મુંબઈ । તા. 27

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં ટિકિટ ફાળવણી મુદ્દે સપાનો વિવાદ હજી થંભ્યો નથી, ત્યાં એનસીપી નેતા શરદ પવારે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં પક્ષના વધુ નવ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. જેમાં શરદ પવાર જૂથે અણુશક્તિ નગરમાંથી અભિનેત્રી સ્વરા ભાસ્કરના પતિ ફહાદ અહમદને ટિકિટ ફાળવી છે. ફહાદ અહમદ સપામાં હતા, પરંતુ હવે તે એનસીપી શરદ જૂથમાં જોડાયા છે.

**ખેડૂત નેતા રાકેશ ટિકૈતે 'ભાઈજાન'ને આપી ચેતવણી**

## જો સલમાન ખાન માફી નહીં માગે તો...

(એજન્સી) મુંબઈ । તા. 27

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે સલમાન ખાનને અપીલ કરી છે કે તેઓ કાળા હરણના શિકાર મામલે બિશ્નોઈ સમાજની માફી માગી લે. સાથે જ તેમણે એક્ટરને ચેતવણી પણ આપી છે કે જો તેઓ એવું નહીં કરે તો તેમને ગંભીર પરિણામ ભોગવવું પડી શકે છે. હાલમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. લોરેન્સ બિશ્નોઈ ગેંગથી જોડાયેલા સાગરિતોએ તેની હત્યાની જવાબદારી લીધી. તેમણે સોશિયલ મીડિયા પર ધમકીભરી પોસ્ટ શેર કરતા કહ્યું હતું કે, જે પણ સલમાન ખાન સાથે ઉભા હશે.



**માફી માગી લે સલમાન ખાન : રાકેશ ટિકૈત :** રાકેશ ટિકૈતે વધુમાં કહ્યું કે, જો સલમાન ખાન બિશ્નોઈ સમાજની માફી માગી લે છે તો એક સંદેશ એ પણ જશે કે સલમાન ખાન બિશ્નોઈ સમાજનું સન્માન કરે છે. જો તેઓ માફી માગી લે તો યોગ્ય છે, ભૂલ તો થઈ રહે છે, નહિતર આ વિવાદ ચાલતો રહેશે. તેમાં ખબર નહીં કોણ-કોણ લપેટામાં આવશે અને વિવાદ ઉકેલાઈ જાય ત્યાં સુધી યોગ્ય છે. આ સમાજથી જોડાયેલો મામલો છે. સલમાન ખાને મંદિર જઈને માફી માગી લેવી જોઈએ, નહિતર જેલમાં બંધ વ્યક્તિ ખબર નહીં ક્યારે ટપકાવી (ખતમ કરાવી) દે.'.

## બાબા સિદ્દીકીની હત્યાનું કાવતરું લોરેન્સના ભાઈ અનમોલે ઘડ્યું

### પોલીસે કહ્યું- કેનેડામાં બેઠેલા અનમોલે સિદ્દીકીના ઘરની રેકી કરાવી હતી

(એજન્સી) મુંબઈ । તા. 27

NCP નેતા બાબા સિદ્દીકીની હત્યાનું કાવતરું કેનેડામાં બેઠેલા લોરેન્સના ભાઈ અનમોલ દ્વારા ઘડવામાં આવ્યું હતું. ટાઈમ્સના




અહેવાલ મુજબ, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું કે, હત્યાના આરોપી રામફૂલ કંજોઈયા અને નીતિન સપ્રેની પૂછપરછ દરમિયાન અનમોલનું ષડયંત્ર પ્રકાશમાં આવ્યું. અનમોલે અન્ય આરોપી સુજીત સુશીલ સિંહ ઉર્ફે ડબ્બુ મારફત આ હુમલો કરાવ્યો હતો. તેની શુક્રવારે (25 ઓક્ટોબર) લુધિયાણામાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. ડબ્બુ અનમોલ અને શૂટર્સ વચ્ચેની કડી હતો. તેણે રાજસ્થાનથી હથિયારો મંગાવીને શૂટરો સુધી પહોંચાડ્યા હતા.

## ત્રણ ભાઈઓએ રામ મંદિર પરિસરમાં નમાજ અદા કરી

પૂજારીએ કહ્યું- બહાર રાખેલા વાસણના પાણીથી હાથ-પગ ધોઈને બળજબરીથી ઘુસ્યા

(એજન્સી) અકોડિયા । તા. 27

શાજાપુરમાં ગુલાનામાં રામ મંદિર પરિસરમાં ત્રણ ભાઈઓએ નમાજ અદા કરી. મંદિરના પૂજારીએ તેમને રોક્યા પરંતુ તેઓ માન્યા નહીં. લોકોની આકરી પ્રતિક્રિયા બાદ પોલીસે પૂજારીની ફરિયાદ પર ત્રણેય ભાઈઓ વિરુદ્ધ FIR નોંધી છે. મામલો સલસલાઈ પોલીસ સ્ટેશન વિસ્તારના કિલોડા ગામનો છે.



પૂજારી ઓમપ્રકાશ શર્માએ કહ્યું, 'શનિવાર સાંજે લગભગ 5.45 વાગ્યે, ગામના બાબુ ખાન (70), રૂસ્તમ ખાન (65) અને અકબર ખાન (85) આવ્યા. ત્રણેય ભાઈઓએ મંદિરના દરવાજે રાખેલા ઘડાના પાણીથી હાથ-પગ ધોયા અને પરિસરમાં બેસીને નમાઝ અદા કરવા લાગ્યા. પોલીસે પૂજારીની ફરિયાદ પર ત્રણેય ભાઈઓ વિરુદ્ધ FIR નોંધી છે.

### પોલીસ સ્ટેશનમાં ભૂલ સ્વીકારી, કેસ નોંધાયો

પોલીસ સ્ટેશનના પ્રભારી જનક સિંહ રાવતે કહ્યું, 'કિલોડાના શ્રી રામ મંદિરના પૂજારી અને અન્ય ગ્રામવાસીઓએ ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાની ફરિયાદ કરી હતી. આ મામલે ત્રણેય ભાઈઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. ત્રણેયને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા. અહીં તેણે પોતાની ભૂલ સ્વીકારી લીધી. રાવતે કહ્યું- મંદિરની બાજુમાં યુનિયન બેંકની કિલોડા શાખા છે.

### જામીન-ટ્રાયલ અંગે કોર્ટ નિર્ણય કરશે

હાલ ત્રણેય ભાઈઓને પોલીસ સ્ટેશને નોટિસ આપીને છોડી મુકવામાં આવ્યા છે. આ કેસમાં સાત વર્ષથી ઓછી સજાનો સમાવેશ થાય છે, તેથી ત્રણેયને જે દિવસે ચલણ રજૂ કરવામાં આવશે તે દિવસે કોર્ટમાં હાજર રહેવું પડશે. જામીન અથવા ટ્રાયલ અંગેનો નિર્ણય કોર્ટમાં જ લેવામાં આવશે. આ વિસ્તારમાં કોઈ તંગ પરિસ્થિતિ નથી કે ન તો કોઈ ફોર્સ તૈનાત કરવામાં આવી છે.

## જયપુર એરપોર્ટ પરથી 1 કિલો સોના સાથે યુવક ઝડપાયો

### દાણચોરી માટે સોનાનો રંગ અને સ્વરૂપ બદલીને પ્રાઈવેટ પાર્ટમાં રાખ્યુ હતું

(એજન્સી) જયપુર । તા. 27

સોનાના ભાવમાં વધારો થયા બાદ ફરી એકવાર આરબ દેશોમાંથી સોનાની દાણચોરી વધી છે. અબુધાબીથી જયપુર એરપોર્ટ પર પહોંચેલા



એક મુસાફરના પ્રાઈવેટ પાર્ટમાંથી આશરે એક કિલો વજનના સોનાના ત્રણ ટુકડા બહાર કાઢવામાં આવ્યા હતા. તેમની કિંમત 90 લાખ રૂપિયાથી વધુ છે. ડોક્ટરોએ બે દિવસમાં અલગ-અલગ ઓપરેશન કરીને સોનું રિકવર કર્યું હતું.ખરેખરમાં બુધવારે જયપુર એરપોર્ટના કસ્ટમ અધિકારીઓને સોનાની દાણચોરીની માહિતી મળી હતી. એક એક્સ-રે સ્કેનમાં તેના શરીરમાં સોનાની કેપ્સ્યુલ્સ છુપાવેલી હોવાનું જાણવા મળ્યું હતું. આ પછી કસ્ટમ અધિકારીઓ આરોપી મહેન્દ્રને જયપુર એરપોર્ટ નજીક આવેલી જયપુરિયા હોસ્પિટલમાં લઈ ગયા.

**નેતાઓને મળવું રાજકીય પરિપક્વતાની નિશાની : તેઓ ન્યાયતંત્ર માટે બજેટ આપે છે**

## સરકારના વડાને મળવું એ ડીલ નથી : ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 27

ગણેશ ચતુર્થીના પર્વ સમયે વિવાદમાં મુકાયેલા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડે એક કાર્યક્રમમાં આ મુદ્દે સ્પષ્ટતા કરી દીધી છે. મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, 'જો ન્યાયાધીશ જ્યારે રાજ્ય કે કેન્દ્ર સરકારના વડાને મળે, તો તેનો અર્થ એ નથી કે, તે બંને વચ્ચે કોઈ ડીલ થઈ હોય.' વાત એમ છે કે, વડાપ્રધાન મોદીને ઘરે આમંત્રણ આપવા બદલ ચીફ જસ્ટિસની આકરી ટીકા થઈ હતી. આમ, ચીફ જસ્ટિસનું નિવેદન આ વાતની સ્પષ્ટતા કરતું હોય એવું જણાઈ રહ્યું છે. આ કાર્યક્રમમાં ચીફ જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, જ્યારે સરકારના વડા હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને મળે છે, ત્યારે આ બેઠકોમાં રાજકીય પરિપક્વતા જોવા મળે છે. અમારે રાજ્યના મુખ્યમંત્રીઓને મળવું પડે છે, કારણકે, તેઓ ન્યાયંત્ર માટે બજેટ ફાળવે છે. અમે રૂબરૂ મુલાકાતના બદલે માત્ર પત્ર વ્યવહાર પર આધાર રાખી કામ કરી શકીશુ નહીં.



**CJIના ભાષણમાંથી 3 બાબતો...**

**1. ન્યાયાધીશો પાસે વિચારવાનો સમય નથી**

કોર્ટમાં રજાઓને લઈને ઉઠતા સવાલો પર CJIએ કહ્યું- લોકોએ સમજવું જોઈએ કે જજો પર કામનો બોજ ઘણો હોય છે. તેમને વિચારવા માટે પણ સમયની જરૂર છે, કારણ કે તેમના નિર્ણયો સમાજનું ભવિષ્ય નક્કી કરે છે. હું પોતે રાત્રે 3:30 વાગ્યે જાગી જાઉં છું અને સવારે 6:00 વાગ્યે મારું કામ શરૂ કરું છું.

**2. કોલેજિયમની જવાબદારી દરેકની છે**

કોલેજિયમ સિસ્ટમ એ એક સંઘ પ્રણાલી છે. જ્યાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે વિવિધ સ્તરે જવાબદારીઓ વહેંચવામાં આવે છે. એવું પણ બને છે જ્યારે સર્વસંમતિ સધાઈ ન હોય. આવી સ્થિતિમાં, તે ન્યાયતંત્રના વિવિધ સ્તરે અને સરકારોના વિવિધ સ્તરે પરિપક્વતા સાથે વ્યવહાર કરવામાં આવે છે.

**3. સો. મીડિયાએ વિશ્વમાં ન્યાયતંત્રમાં પરિવર્તન લાવ્યા**

સોશિયલ મીડિયાના કારણે ચુકાદો સંભળાવવામાં સમગ્ર વિશ્વમાં ન્યાયતંત્રમાં પરિવર્તન આવ્યું છે. જો કે, ન્યાયાધીશોએ તેઓ શું કહે છે તેના વિશે ખૂબ કાળજી રાખવાની જરૂર છે. ન્યાયાધીશોએ સાચી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. સોશિયલ મીડિયા આપણા સમાજ માટે સારું છે.

## મધ્યપ્રદેશમાં મોટી દુર્ઘટના, ટ્રેનના એન્જિનમાં આગ લાગતા અફરાતફરી મચી

(એજન્સી) રતલામ । તા. 27

મધ્યપ્રદેશના રતલામમાં ટ્રેન અકસ્માતની ઘટના સર્જાઈ છે. જેમાં ઈન્દોરથી રતલામ જઈ રહેલી DEMU ટ્રેનના એન્જિનમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને પગલે ટ્રેનમાં સવાર મુસાફરોએ ટ્રેનમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. રતલામ નજીક પ્રિતમનગર અને રૂણીજા રેલવે સ્ટેશન વચ્ચે ઈન્દોર-રતલામ ડેમુ ટ્રેનના એન્જિનમાં આગ ફાટી નીકળી હતી. એન્જિનમાંથી ધુમાડો નીકળતો જોઈને તરત જ ટ્રેનને રોકી દેવામાં આવી હતી, ત્યારબાદ મુસાફરોમાં નાસભાગ મચી ગઈ હતી અને મુસાફરો ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. મળતી માહિતી પ્રમાણે, અકસ્માતની જગ્યા સુધી ફાયર બ્રિગેડને પહોંચવા માટેનો કોઈ રસ્તો ન હતો.

**વિદેશમંત્રી એસ. જયશંકરની આંતકવાદને ચેતવણી**

## 26/11 જેવી ઘટના હવે બની તો...

(એજન્સી) મુંબઈ । તા. 27

વિદેશ મંત્રી એસ જયશંકરે રવિવારે મુંબઈમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે 2008માં 26/11ના મુંબઈ આતંકી હુમલા બાદ ભારત તરફથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. વિદેશ મંત્રીએ કહ્યું કે જો આવી ઘટના ફરીથી બનશે તો તે ફરી નહીં બને. વધુમાં તેમણે કહ્યું કે, મુંબઈ ભારત અને વિશ્વ માટે આતંકવાદ વિરોધી પ્રતીક છે. વિદેશ મંત્રીએ આ સમયગાળા દરમિયાન ચીન સાથે એલએસી કરારનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે જ્યારે ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું સભ્ય હતું ત્યારે તે કાઉન્ટર-ટેરરિઝમ કમિટીની અધ્યક્ષતા કરતું હતું. તેમણે કહ્યું, અમે આતંકવાદ વિરોધી સમિતિની બેઠક એ જ હોટલમાં યોજી હતી જ્યાં આતંકવાદી હુમલો થયો હતો. જયશંકરે કહ્યું, લોકો જાણે છે કે ભારત આતંકવાદ સામે મજબૂત રીતે ઊભું છે. અમે આજે આતંકવાદ સામે લડવામાં નેતા છીએ.



### અમે આતંકવાદ સામે આગળ વધીશું

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું, અમે આતંકવાદનો પર્દાફાશ કરીશું અને જ્યાં અમારે કાર્યવાહી કરવી પડશે ત્યાં અમે કાર્યવાહી કરીશું. જયશંકરે એમ પણ કહ્યું કે ભારત અને ચીન ટૂંક સમયમાં લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર પેટ્રોલિંગ ફરી શરૂ કરશે એપ્રિલ 2020 માં બોર્ડર સ્ટેન્ડઓફ શરૂ થયા પહેલાની જેમ ઓર્ડર કરો.

# ખોખરાઉમર શાળાના આચાર્યની બદલી થતાં તેમના વિદાય સમારંભમાં બાળકો અને વાલીઓ ભાવુક થયા

ભરત શાહ : રાજપીપળા

**આચાર્યા જીનલબેન અને તેમનો આખો સ્ટાફ એટલો પ્રેમાળ અને શિક્ષિત છે. કે જેમના કારણે ખાનગી સ્કૂલો માંથી બાળકો સરકારી સ્કૂલોમાં ભણવા આવતા થયા**



સરકારી શાળાઓનું શિક્ષણ સુધરે અને સરકારી શાળાઓમાં પ્રાઈવેટ શાળા કરતા સારું અને આધુનિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી ગુજરાત સરકારે 2012 થી મોટી શાળાઓમાં એચ.ટાટ-આચાર્યની ભરતી કરવાનું શરુ કર્યું. ઘણા વર્ષો પછી બદલીની રાહ જોઈ રહેલ એચ. ટાટ આચાર્યોની 12 વર્ષમાં પહેલી વખત સરકારે બદલી કરી છે ત્યારે બદલી લીધેલ આચાર્યોની વિદાય પ્રસંગના ભાવુક દ્રશ્યો જોવા મળ્યા છે. નર્મદા જીલ્લાની ખોખરાઉમર પ્રાથમિક શાળામાં 2014 થી આચાર્ય તરીકે ફરજ બજાવતા જીનલબેન વાળા ની બદલી થતા શાળાના સ્ટાફ અને ગ્રામજનોએ આચાર્યને વિદાય આપી હતી. વિદાય વેળાએ બાળકો અને ગામ હિબકે ચડ્યું હતું. સરકારી શાળાઓમાં જ્યાં દિવસે દિવસે બાળકોની સંખ્યા ઘટતી જાય છે ત્યા ખોખરાઉમર પ્રાથમિક શાળાઓમાં આચાર્ય, સ્ટાફ અને ગ્રામજનોના સહયોગથી બાળકોને મળતા ગુણવત્તાયુક્ત શિક્ષણ ને કારણે શાળાની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. સરકારનો મહત્વાકાંક્ષી "સ્કુલ ઓફ એકસેલન્સ"નો પ્રોજેક્ટ શાળામાં અમલી છે. શાળામાં મળતા આધુનિક શિક્ષણનો લાભ લેવા આજુબાજુની ખાનગી શાળાઓ માંથી પણ બાળકો સરકારી શાળામાં પ્રવેશ લે છે. અનેક કર્મચારીઓ, શિક્ષકોના બાળકો પણ આ શાળામાં જ અભ્યાસ કરે છે. આમ, એક આચાર્ય ધારે તો સરકારી શાળાને પણ અત્યાધુનિક અને ખાનગી શાળા કરતા પણ વધુ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પડી શકે તેનું આ જ્વલંત ઉદાહરણ આચાર્ય એ પૂરું પાડ્યું છે.

# માલેગામ ઘાટમાર્ગમાં કપાસનો જથ્થો ભરેલ આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા અકસ્માત



સુશીલ પવાર : ડાંગ

મહારાષ્ટ્રનાં સંગમનેરથી કપાસનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો.ન.જી. જે.03.બી.ઝેડ.6460 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં માલેગામ ઘાટમાર્ગ નાં યુટર્ન વળાંકમાં ચાલક દ્વારા અચાનક સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા આ આઈસર ટેમ્પો માર્ગની સાઈડમાં પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો.આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરને શરીરનાં ભાગે નાની મોટી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

# ગરૂડેશ્વર દત્ત મંદીર પાસે નાહવા પડેલ વ્યક્તિનો બચાવ, પરંતુ સાથે સ્નાન કરતો વ્યક્તિ લાપતા



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ખાતે આવેલા દત્ત મંદિર પાસે ના વિયર ડેમ પાસે સ્નાન કરવા ગયેલા બે મિત્રો પૈકી એક ડૂબી જતા તેને બચાવી લેવાયો હતો જ્યારે અન્ય એક લાપતા હોય તેની શોધખોળ થઈ રહી છે. મળતી માહિતી અનુસાર મુકેશભાઇ જગદીશભાઇ સુથાર ઉ.વ.૩૫ રહે.રાજપીપલા નાઓ ગતરોજ ગરૂડેશ્વર દત્ત મંદીર (વીયર ડેમ) પાસે નાહવા જતા ડુબી ગયેલ જેઓને સરકારી પોલીસ વાનમા સારવાર માટે લવાયા હતા અને ત્યાં દર્દી ભાનમા છે. તેમને પુછતા એમણે જણાવેલ કે મારી સાથે સીતારામ ગુર્જર નામનો વ્યક્તિ પણ હતો જેઓ મળી આવેલ નથી, દર્દીને વધુ સારવાર માટે રાજપીપળા સિવીલ હોસ્પિટલમા રિફર કરવામાં આવ્યા છે. ગરુડેશ્વર પોલીસે આ બાબતે વધુ તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠામાં શિક્ષિકાની બદલીના કિસ્સામાં નકલી નિયામક બની ખોટાં સહી-સિક્કા બનાવી બદલીનો ઓર્ડર આપ્યો

(એજન્સી) પાલનપુર । તા. 27

**શિક્ષિકા બહેનને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સ્થળ નાં મળતાં તેઓ જીલ્લા ઓફિસનો સંપર્ક કરતાં સમગ્ર નકલી નિયામકનું કૌભાંડ બહાર આવ્યું**

ગુજરાત માં આજકાલ નકલી ટોલ પ્લાઝા ઝડપાય છે નકલી કચેરી ઝડપાય છે નકલી કોર્ટ ઝડપાય છે નકલી પોલીસ ઝડપાય છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં એક શિક્ષિકા બહેન ની બદલીનાં કિસ્સામાં વડગામ તાલુકાના મજાદર પ્રાથમિક શાળા માં એચ ટાટ આચાર્ય નકલી નિયામકશ્રી બની ખોટાં સહિ સિક્કા બનાવી બદલી નો ઓર્ડર આપ્યો હતો.

શિક્ષિકા બહેન ને અમદાવાદ મુકામે ગ્રામ વિસ્તારોમાં બદલી નો ઓર્ડર આપ્યો હતો શિક્ષિકા બહેન ને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં સ્થળ નાં મળતાં તેઓ જીલ્લા ઓફિસ નો સંપર્ક કરતાં સમગ્ર નકલી નિયામકશ્રી નું કૌભાંડ બહાર આવ્યું છે મજાદર પ્રાથમિક શાળા માં એચ ટાટ આચાર્ય તરીકે ફરજ બજાવતા શિક્ષક બ્રિજેશ પરમાર તેમણે જણાવ્યું કે આ શિક્ષિકા બહેન ને હું ઓળખતો નથી મારાં પર લગાવેલ આરોપ ખોટા છે મારી સાથે શિક્ષિકા બહેન કે તેમનાં પતિ સાથે મારે કોઈ પરિચય નથી કે વાત ચિત નથી મારાં મોબાઈલ ની આઉટ ગોઈનગ તેમજ ઈન કમિન તમામ ડીટેલ મે અમારી કચેરીએ પહોંચાડી દીધી છે બનાસકાંઠા જિલ્લામાં શિક્ષણ વિભાગ માં નકલી નિયામકશ્રી બની ખોટાં સહિ સિક્કા બનાવી બદલી નો ઓર્ડર આપવામાં આવેલ છે તેની ઝીણવટ ભરી તપાસ મુજબ થરાદ તાલુકાના ડુવા પે કેન્દ્ર શાળા માં નોકરી કરતી મીનાબેન પટેલ તેઓ અમદાવાદ નાં વતની છે તેમનો બાબો બિમાર છે તે બાબતે તેમની અમદાવાદ બદલી માટે જીલ્લા ડીપીઓ ઓફિસ માં પેડીગ તે વાત ની વડગામ તાલુકાના મજાદર ગામે પ્રાથમિક શાળા માં એચ ટાટ આચાર્ય તરીકે ફરજ બજાવતા શિક્ષક બ્રિજેશ પરમાર ને જાણ થતાં જ તેમણે મીનાબેન પટેલ નાં પતિનો૨૦૨૩ માં સંપર્ક કરી નકલી નિયામકશ્રી બની ખોટાં સહિ સિક્કા બનાવી બદલી નો ઓર્ડર ૨૦૨૪ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કર્યો હતો પણ સ્થળ નાં મળતાં તેમણે બ્રિજેસ પરમાર નો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં લોકસભાની ચૂંટણી ચાલે છે આચાર સંહિતા નાં કારણે વાર થશે ધણાં સમય વિતાવ્યો પછી તેમણે જીલ્લા ડીપીઓ ઓફિસ નો સંપર્ક કરતાં ખબર પડી અને સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું ડીપીઓ સાહેબ ને સમગ્ર કૌભાંડ ની જાણ થતાં તેમણે તાત્કાલિક અસરથી મજાદર પ્રાથમિક શાળા માં એચ ટાટ આચાર્ય બ્રિજેશ પરમાર ને સસ્પેન્ડ કરી દીધા છે સાથે થરાદના તાલુકા ટીપીઓ ને બ્રિજેશ પરમાર વિરુદ્ધ પોલીસ ફિરિયાદ દાખલ કરવા આદેશ કર્યો છે.

# રાજપીપળાના માર્ગો પર પડેલા ખાડામાં પાલિકા દ્વારા ડામરનું રી.કાર્પેટ થતા રાહત



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાની એક માટે રાજપીપળા નગરપાલિકા દ્વારા ઘણા વિકાસ કામો થયા છે અને હજુ થઈ રહ્યા છે, ચોમાસા દરમિયાન રાજપીપળા શહેર ના માર્ગો પર પડેલા મસમોટા ખાડા વાહન ચાલકો માટે જીવલેણ સાબિત થયા તેવા હતા પરંતુ સતત વરસતા વરસાદ ના કારણે તંત્ર રસ્તા બનાવવા માટે મજબૂર હતું અને હાલમાં ચોમાસા એ જાણે વિદાય લીધી છે ત્યારે તાત્કાલિક પાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ, ઉપપ્રમુખ ગીરિજસિહ ખેર, કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલ, મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયા કે જેઓ નગરજનો ને પડતી મુશ્કેલી દૂર કરવા સદા તત્પર રહેતા હોય છે તેમની સૂચના હેઠળ પાલિકા દ્વારા શહેર ના પડેલા ખાડા માં ડામર દ્વારા રોડ રી કાર્પેટ કરવાની કામગીરી યુધ્ધ ના ધોરણે કરવામાં આવતા વાહનચાલકો માં ખુશી જોવા મળી અને સામી દિવાળી એ વાહન ચાલકો ને હવે મુશ્કેલી નહિ પડે તેવું પણ કેટલાક લોકો એ જણાવ્યું હતું.

# ભડલીથી નખત્રાણા જતો માર્ગ બિસ્માર



મહેશ સોની : નખત્રાણા

નખત્રાણા તાલુકાના ભડલી વિથોણ થઈને નખત્રાણા હાઈવે ટોલનાકાના પાસે જોડાતો રસ્તો બિસ્માર થઈ ગયું છે.આ રસ્તે મીઠાના ભારી વાહનો ટ્રેલર તેમજ અન્ય મોટા વાહનોની અવરજવર ના કારણે રસ્તો વધુ ખરાબ થઈ ગયું છે. વાહન ચાલકો ટુ વ્હીલર અને ફોર વ્હીલર પરેશાન છે. અકસ્માત અને અન્ય નુકશાનીથી બચી શકાય તે માટે પુનઃ રસ્તો બનાવાની માંગ આ વિસ્તારના લોકોની છે.

# પત્નીએ કોર્ટ માં કેસ કરતા પતિ ભરણપોષણ ના રૂપિયા નહિ આપી શકતા આત્મહત્યા કરી

**તિલકવાડા ની આ ઘટનામાં 15 વર્ષથી પત્ની બાળકો સાથે પિયર માં રહેતા હોય પતિ વિરૂદ્ધ કોર્ટ માં કેસ કર્યો જેમાં નાણાં નહિ ભરતા બે વખત જેલવાસ પણ કર્યો હતો**

ભરત શાહ :રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા ખાતે રહેતા શખ્સ પત્ની એ કરેલા કોર્ટ કેસ ના રૂપિયા નહિ ભરી શકતા ફાંસો ખાઈ જીવન ની અંત આણ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર કમળાબેન રમેશભાઈ રોહીત (પરમાર)ની વિધવા , રહે.ભદામ ચિત્રાવાડી સીમ શ્રીજી સોસાયટી તા.નાદોદ જી.નર્મદા નાઓ એ પોલીસ માં જાણ કર્યા મુજબ તેમનો સગો ભાઈ રણછોડભાઈ જેઠાભાઈ રોહીત (પરમાર) ઉ.વ-૫૮ ધંધો-મજુરીકામ રહે.તિલકવાડા આંબેડકર ચોક તા.તિલકવાડા જી.નર્મદા નાઓની પત્નિ સાથે ઘરસંસાર સારી રીતે નહી ચાલતા છેલ્લા ૧૫ (વર્ષથી) પત્નિ સંતાનો સાથે તેમના પિયરમા રહેતા આવેલ હોય અને તેમને પતિ વિરૂધ્ધમાં કોર્ટમાં ભરણપોષણનો કેશ કરેલ હોય જે કેશમાં પતિ થી નાણા ભરી નહી શકવાના કારણે બે વખત વડોદરા મધ્યસ્થ જેલમાં રહીને પણ આવ્યા હતા અને પોતે એકલા જ રહેતા આવેલ હોય, તેમની પત્નિએ ભરણ-પોષણનો કેશ કરેલો હોય પણ તેઓ કમાતા ન હોય નાણા ભરી નહી શકવાને લઈને ટેન્શનમા આવી જઇ પોતાના ઘરે પંખાની સાથે મજબુત દોરીથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા તિલકવાડા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

# બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્રની સરાહનીય કામગીરી

(એજન્સી) પાલનપુર । તા. 27



બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેને મળેલ રજૂઆતના આધારે જિલ્લાની એક બહેનનું પુનઃસ્થાપન કરવામાં વહીવટી તંત્રને સફળતા મળી હતી. આ અંગે સામાજિક આગેવાનો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે છેલ્લા ઘણા વર્ષોથી જિલ્લાની એક મનોદિવ્યાંગ બહેન કે જેમનું નામ પ્રેમિલાબેન (નામ બદલેલ) અને તેમની ઉંમર ૪૮ વર્ષ છે કે જેઓ એકલવાયું જીવન જીવે છે અને તેમની સ્થિત દયનીય હાલતમાં છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રીના આદેશને પગલે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અને તેઓની ટીમ દ્વારા સ્થળ પર મુલાકાત કરતા આ બહેન મળી આવ્યા હતા. આ બહેનનો પરિવાર બીજા સ્થળે વસવાટ કરતો હતો અને બહેન એકલવાયું જીવન જીવતા હતા. વહીવટી તંત્ર દ્વારા બહેનના પરિવાર સાથે વાર્તાલાપ કર્યા પછી તાલુકાની આરોગ્ય અધિકારીની ટીમની સાથે રહીને દિવ્યાંગ બહેનને નર્ક જેવી હાલતમાંથી મુક્ત કરાવ્યા હતા. બહેનને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે સામાન્ય મેડિકલ સારવાર અપાવેલ અને ત્યારબાદ પોલીસની ટીમ અને સમાજ સુરક્ષાની ટીમ દ્વારા આ બહેનને જય અંબે મંદબુદ્ધિની સંસ્થા બાયડ ખાતે પ્રવેશ આપવામાં આવ્યો હતો. આમ જિલ્લા વહીવટી તંત્રના સકારાત્મક પ્રયત્નોથી મનો દિવ્યાંગ બહેનનું પુનઃસ્થાપન થઈ શક્યું હતું.

નર્મદાના વિસ્થાપિતો એ ધારાસભ્ય ચૈતર વસાવા પાસે પડતર મુદ્દાઓની રજૂઆત કરી

# નર્મદા પરિયોજનાના અસરગ્રસ્તોને જમીન સામે એક વ્યક્તિને નોકરી સિંચાઈ અને વિજળીની સુવિધા મળી નથી : ચૈતર વસાવા

ભરત શાહ : રાજપીપળા



આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ નર્મદાના વિસ્થાપિતોના પ્રશ્નો બાબતે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા કે વિવાદપંચના ચુકાદાને આધીન ડુબાણમાં જતા ખાતેદારોના પુત્રને લાયકાત મુજબ સરકારી નોકરી આપવામાં આવશે તેવો ઠરાવ રાજ્યપાલના આદેશથી પસાર કરવામાં આવ્યો હતો. પરંતુ 19 ગામોના 3322 ખાતેદારોના એક પણ પુત્રને સરકારી નોકરી મળી નથી .

આ મુદ્દા પર રાજ્ય સરકારે જવાબ આપવો જોઈએ. બીજી મહત્વપૂર્ણ બાબત કે, દુબાણમાં જતા વિસ્થાપિતને નોન કોમન એરિયાની જમીન આપવામાં આવેલ છે, તેઓને ત્રણ અસરગ્રસ્તનું યુનિટ બનાવીને એક ટ્યુબવેલ અને એક લાઈટ કનેક્શન પણ આપવામાં આવેલ છે, જેમાં દરેકમાં બે હેક્ટરમાં પિયત ન થાય એટલો પાણીનો પુરવઠો મળેલ છે. જેનાથી યુનિટના બે અસરગ્રસ્તોને બિલકુલ પિયત વાળી જમીન આપવામાં આવેલ નથી, માટે અમારી માંગ છે કે તમામને પિયત વાળી જમીન આપવામાં આવે. વધુ એક મહત્વપૂર્ણ બાબત કે જે ખાતેદારના 18 વર્ષ પૂર્ણ થયા હોય તેવા પુખ્ત વયના પુત્રને અલગ કુટુંબ ગણીને તમામ લાભોની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુજરાત મહારાષ્ટ્ર મધ્યપ્રદેશ આ ત્રણ રાજ્યોને એકસરખી પોલિસી લાગુ કરવામાં આવેલ છે. મહારાષ્ટ્ર મધ્યપ્રદેશના વિસ્થાપિતોને cut of date નક્કી કરવાની પોલીસીમાં મતભેદ રાખવામાં આવેલ છે, જેથી સરખી પોલિસીનો અમલ કરાવી બાકીના પુત્રને ન્યાય આપવામાં આવે તેવી અમારી વિનંતી છે. વધુ એક બાબત કે 19 ગામોના વધારાની જમીનનો ડુબાણમાં જતો તથા ભૌગોલિક સ્થિતિ પ્રમાણે નદીનાળા કોતરોમાં વસવાટ કરતા વિસ્થાપિતોની ટાપુ બનેલી જમીનનો સંપાદન કરવાની થાય છે આ જમીનોનું પુનઃ સર્વે કરી જળસ્ત્રાવો વિસ્તાર વધારી નિયમ મુજબ લાભો આપવા વિનંતી કરવામાં આવે છે. 19 ગામના ખાતેદારોની જેટલી જમીન ડુબાણમાં ગઈ હોય તેટલી જમીન ચુકાદા મુજબ આપવાની થાય છે તેવા ખાતેદારને પુખ્ત વયના પુત્રોને આપવામાં આવેલી જમીનમાં સમાવેશ કરી જમીન પૂર્ણ કરેલી છે જેના કારણે ઘણા બધા ખાતેદારોને એવોર્ડ મુજબની જમીન આપવાની થાય છે જે જમીનો ફાળવવા વિનંતી કરવામાં આવે છે.

# બિમાર પત્નીમાં ટેન્શન આવી જતા પતિ એ ઝેરી દવા પી આપઘાત કર્યો

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના મોટીબેડવાણ ગામમાં રહેતા શખ્સે બિમાર પત્ની ના ટેન્શન માં આવી ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર રાકેશભાઈ ગુલાબભાઈ વસાવા ઉ.વ ૩૦ રહે. મોટીબેડવાણ ટાકી ફળીયુ. નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના પિતા ગુલાબભાઈ ગામીયાભાઈ વસાવા ઉ.વ (૫૨) રહે. મોટીબેડવાણ ટાકી ફળીયુ તા દેડીયાપાડા જી નર્મદા નાઓએ તા.૨૫/૧૦/ ૨૦૨૪. ના રાત્રીના સમયે પોતાના ઘરે તેમની પત્ની બીમાર હોય તેમના ટૅન્શનમા આવી જતા તેમની જાતે ઘરમાં પડી રહેલ તુવેરમા છાટવાની દવાની બોટલ માંથી તેમજ બીજી દવાની બોટલો માથી દવા મિક્સ કરી પોતાની જાતે દવા પી જતા જેઓને સારવાર માટે સરકારી હોસ્પિટલ દેડીયાપાડા ખાતે લઈ આવી દાખલ કરેલ ત્યાંથી વધુ સારવાર માટે રાજપીપલા સીવીલ હોસ્પિટલ ખાતે દાખલ કરેલ હતા બીજા દિવસે સારવાર દરમ્યાન તેમનું મોત થતાં ડેડીયાપાડા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

# અમરેલી જિલ્લામાં ભૂકંપ : ગેબી અવાજ સાથે ધરતી ધ્રૂજી લોકો ઘરની બહાર નીકળી પડ્યા




કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અમરેલી સાંજે ૫:૧૬ મિનિટે અમરેલી પંથકમાં ધરાધ્રુજી સમી સાંજે ભૂકંપ ના આંચકો આવતાં લોકો માં ફફડાટ ભૂકંપ ની તીવ્રતા ૩.૭ ની તીવ્રતા નો ભૂકંપ નો આંચકો સાંજે ૫.૧૬ વાગ્યે ના અરસામાં આવ્યો ભૂકંપ ભૂકંપ નું કેન્દ્ર બિંદુ અમરેલી થી ૪૧ કિમી દૂર નોંધાયું આ ભૂકંપ ના આંચકા અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ખાંભા, લીલીયા, ધારી, સહિતના અન્ય વિસ્તારોમાં ભૂકંપ ગેબી અવાજ સાથે ધરતી ધ્રુજી લોકો ઘરની બહાર નીકળી પડ્યા હતા.

# ઝીલ પાટીલને સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાત રાજ્યનું પ્રમાણપત્ર એનાયત થયું

ભરત શાહ : રાજપીપળા



ઓક્ટોબર 2024 માં વડોદરા ડિસ્ટ્રિક્ટ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા ચેમ્પિયનશિપમાં વડોદરા ની ઓક્ઝીલિયમ કોન્વેન્ટ સ્કૂલમાં ધોરણ 9 મા અભ્યાસ કરતી ઝીલ કલ્પેશ પાટીલ ટેકવાન્ડો ગેમમાં ગોલ્ડ મેડલ વિજેતા થયેલ હતી. આજરોજ 27 10 2024 નડિયાદ સ્પોર્ટ કોમ્પ્લેક્સ ખાતે રાજ્યકક્ષાની ટેકવાન્ડો સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ઝીલ પાટીલ વડોદરા શહેરનું પ્રતિનિધિત્વ કરવા બદલ સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા ગુજરાત રાજ્ય નું પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. ટેકવાન્ડો સ્પર્ધાનું આ પ્રમાણપત્ર 15 દિવસ પહેલા તેની સ્વર્ગસ્થ થયેલ દાદી કમલાબેન તુલસીરામ પાટીલને સમર્પિત કર્યું હતું.

# વડોદરા મંડળ દ્વારા બે જોડી ટ્રેનોમાં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવામાં આવશે

(એજન્સી) અમદાવાદ । તા. 27

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વડોદરા મંડળ માંથી ચાલનારી બે જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો માં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનો માં જોડવામાં આવનારા વધારાના કોચ ની વિગતો નીચે મુજબ છે. 1. ટ્રેન નંબર 09111/09112 વડોદરા-ગોરખપુર સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર 09111 વડોદરા-ગોરખપુર સ્પેશિયલ એક્સપ્રેસ માં વડોદરાથી 28 ઓક્ટોબર અને 04 નવેમ્બરે અને ટ્રેન નંબર 09112 ગોરખપુર-વડોદરા સ્પેશિયલ એક્સપ્રેસમાં ગોરખપુરથી 30 ઓક્ટોબર અને 06 નવેમ્બરના રોજ એક વધારાનો સેકન્ડ ક્લાસ નો જનરલ કોચ ઉમેરવામાં આવશે. 2. ટ્રેન નંબર 09195/09196 વડોદરા-મઉ સુપરફાસ્ટ સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નંબર 09195 વડોદરા-મઉ સ્પેશિયલ એક્સપ્રેસમાં વડોદરાથી 02 નવેમ્બર અને 09 નવેમ્બર તથા ટ્રેન નંબર 09196 મઉ-વડોદરા સ્પેશિયલ એક્સપ્રેસમાં મઉ થી 03 નવેમ્બર અને 10 નવેમ્બરના રોજ એક વધારાનો સેકન્ડ ક્લાસ નો જનરલ કોચ ઉમેરવામાં આવશે. પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વડોદરા મંડળ માંથી ચાલનારી બે જોડી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો માં અસ્થાયી ધોરણે વધારાના કોચ જોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેનો ના સ્ટોપેજ ના સમય અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સુરત ખાલી થવાની શરૂઆત, બે કિમીની લાઈન

## વેકેશન પડતા જ ઉધના રેલવે સ્ટેશન પર 15 હજારથી વધુ લોકો ઉમટ્યા, ભીડમાં મહિલાઓ અને બાળકો પિસાયા



(એજન્સી) સુરત || તા. 27

દિવાળી અને છઠ પૂજાના તહેવારને લઈને આ વર્ષે સુરતના ઉધના રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. લોકો 12-12 કલાકથી અહીં આવી ગયા છે અને ટ્રેનમાં બેસવાની રાહ જોઈ રહ્યા છે, ત્યારે આ ભારે ભીડમાં મહિલાઓ અને બાળકોને પિસાવાનો વારો આવ્યો હતો. જોકે, મહિલાઓ અને બાળકોને રેલવે પોલીસ દ્વારા તેમને અલગથી ટ્રેન સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહિલાઓ અને બાળકોને ચારથી પાંચ કલાક જેટલો સમય હેરાન પરેશાન થવું પડ્યું હતું.

રેલવે તંત્રના અયોગ્ય આયોજનને લઈને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. રેલવે સ્ટેશન પરના જનસેલાબને જોઈને પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે અને મુસાફરોને લાઈન બંધ ટ્રેનમાં બેસાડવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત દિવાળીએ ટ્રેનમાં બેસવા માટે થયેલી ભાગદોડમાં એક યુવક મોતને ભેટ્યો હતો.

દિવાળી અને છઠ પૂજાના તહેવાર નિમિત્તે સુરતમાં વસવાટ કરતા પરપ્રાંતિયો વતન તરફ પ્રયાણ કરતા હોય છે. ત્યારે હીરા અને કાપડ ઉદ્યોગ સાથે સ્કૂલોમાં વેકેશન પડતા પરપ્રાંતિયોએ ટ્રેન મારફતે વતન જવાનું શરૂ કરી દીધું છે. સુરત રેલવે સ્ટેશન ખાતે 3 પ્લેટફોર્મ જ કાર્યરત છે, જ્યારે ઉધના રેલવે સ્ટેશન ખાતે 6 પ્લેટફોર્મ કાર્યરત છે. સુરત રેલવે સ્ટેશન પર રિ-ડેવલોપમેન્ટની કામગીરી થતી હોવાથી દિવાળીની મોટાભાગની ટ્રેનો ઉધના સ્ટેશનથી દોડાવવામાં આવી રહી છે.

આજે (27 ઓક્ટોબર) રવિવારના રોજ ઉધના રેલવે સ્ટેશન ખાતે મુસાફરોની હજારોની સંખ્યામાં ભીડ જોવા મળી રહી છે. વતન જવા માટે મુસાફરોની બે કિમિથી વધુ લાંબી લાઈનો થઈ ગઈ હતી, જેથી પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો. ભીડને કાબુમાં લેવા માટે પોલીસને પણ થોડો હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો.

સુરેન્દ્રકુમાર ગૌતમ નામના મુસાફરે જણાવ્યું હતું કે, શનિવારે ત્રણ વાગ્યાથી હું રેલવે સ્ટેશન પર ટ્રેનની રાહ જોઈને બેઠો છું. પરિવાર પણ સાથે છે. 24 કલાકમાં મારો સામાન પણ ગુમ થઈ ગયો છે, જે મળી રહ્યો નથી. સરકારને વિનંતી છે કે, ટ્રેનોની સંખ્યામાં વધારો કરવો જોઈએ. હાલ તો અહીં ખૂબ જ તકલીફ પડી રહી છે. અન્ય મુસાફર પીન્ટુકુમારે જણાવ્યું અહીં ખૂબ જ ખરાબ હાલત છે, મારે છપરા જવું છે હું ચાર પાંચ કલાકથી અહીં છું. લાખો મુસાફરો ઉધના રેલવે સ્ટેશન પહોંચી ગયા છે.

એક સાથે હજારોની સંખ્યામાં મુસાફરો ઉધના રેલવે સ્ટેશન પહોંચી જતા સ્થિતિ અસ્તવ્યસ્ત થઈ ગઈ હતી. યુપી અને બિહારના મુસાફરો ટ્રેન મારફતે પોતાના વતન જવા માટે ઉમટી પડ્યા હતા. આ મુસાફરોમાં મહિલાઓ અને બાળકોની હાલત કફોડી થઈ ગઈ હતી.

### ન્યૂઝ કોર્નર

## મોરબીમાં ભાડુઆતે દુકાન ખાલી ન કરતા ફરિયાદ નોંધાઇ

મોરબી | મોરબીમાં આવેલ ઉમા ટાઉનશીપમાં શોપિંગ સેન્ટરની દુકાન ભાડુઆતે પચાવી પાડેલ હોય હાલમાં મોરબીના ધારાસભ્યના ભત્રીજાએ મોરબી બી-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આરોપીને પકડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મોરબીના રવાપર રોડે આવેલ વિદ્યુતનગર સોસાયટીમાં રહેતા મોરબીના ધારાસભ્ય કાંતિ અમૃતિયાના ભત્રીજા કૌશીક શાંતિલાલ અમૃતિયા (ઉ.33)એ ભૂપેન્દ્ર સવજીભાઈ જેતપરિયા રહે. મોરબીવાળા સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાવેલ છે. જેમાં તેને જણાવ્યું છે કે, મોરબીની ઉમા ટાઉનશીપમાં આવેલ ડી શોપિંગ સેન્ટરની દુકાન નં. ડી- 14 આરોપીએ ભાડે રાખેલ હતી.

## પાલ્લી ખાતે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

દાહોદ | દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે આવેલી શ્રીરામ હોટલના માલીકના મકાનમાં રાત્રે અજાણ્યા તસ્કરોએ ત્રાટકીને દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી ફરાર થઈ જતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. લીમખેડાના પાલ્લી ગામે આવેલ શ્રીરામ હોટલના માલીક સહિત પાંચ લોકોના રાજસ્થાનના સિરોહીમાં રોડ અકસ્માતમા દુ:ખદ નિધન થતા પરિવારજનો અંતિમ વિધી માટે રાજસ્થાન ગયેલ હતા, ત્યારે ગત મોડી રાતે હોટલના પ્રથમ માળે આવેલા રહેણાંક મકાનમા અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા, અને ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમા પ્રવેશ કરી તિજોરીનું લોકર તોડી તેમા મુકેલી રોકડ રકમ તેમજ સોના ચાંદીના દાગીનાની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા.

### રાજકોટના સરધારમાં કમોસમી વરસાદથી બે-બે વખત પાક ધોવાતા ખેડૂતે ઝેરી દવા ગટગટાવી

# ધરતીપુત્રનો આપઘાત, પત્ની-બે પુત્રો નિરાધાર

રાજકોટ | કમોસમી વરસાદ [illegible]ડે બે એકર જમીનનો તૈયાર પાક ધોવાઈ જતાં રાજકોટના સરધાર ગામના ખેડૂતે ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો છે. ખેડૂતના મોતને પગલે તેની પત્ની અને બંને પુત્રો ચૌધાર આસુએ રડ્યાં હતા. બન્ને પુત્રોએ પિતાની ફોટો ફ્રેમને હાથમાં રાખી પિતાને પરત લઈ આવો તેવો પોકાર કર્યો હતો. પરિવારનો મુખ્ય આધાર જ છીનવાઈ જતા પત્ની અને બંને પુત્રો નોંધારા બની ગયા છે. રાજકોટના સરધાર ગામે રહેતા 42 વર્ષિય જેસીંગભાઈ અરજણભાઈ મકવાણાએ 2 એકર જમીનનો પાક સદંતર નિષ્ફળ જતા અંતિમ પગલું ભરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ વચ્ચે દિવ્ય ભાસ્કરની ટીમ રાજકોટ શહેરથી 30 કિલોમીટર દૂર આવેલા સરધાર ગામે પહોંચી તો ત્યાં હૃદય દ્રાવક દૃશ્યો સર્જાયા હતા. ખેડૂતના પત્ની અને બંને પુત્રો ચૌધાર આસુએ રડી રહ્યા હતા.

બન્ને પુત્રો પિતાની ફોટો ફ્રેમને હાથમાં રાખી રડી પડ્યા હતા અને મારા પિતાને પરત લઈ આવો તેવો પોકાર કર્યો હતો. આ વચ્ચે મૃતક ખેડૂતના સગા ભાઈએ બે હાથ જોડીને સરકાર પાસે ખેડૂતોને સહાય આપવાની માંગણી કરી હતી. પરિવારનો મુખ્ય આધાર જ છીનવાઈ જતા પત્ની અને બંને પુત્રો નોંધારા બની ગયા છે.



### પરિવારનો આધાર સ્તંભ છીનવાઈ જતાં ભાંગી પડ્યો

ભાઈઓમાં રાજેશભાઈ નાના અને બાબુભાઈ મોટાભાઈ છે. વચેટ જેસિંગભાઈ અરજણભાઈએ ઘઉંમાં નાખવાના ટીકડા ખાય આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જેના મૃત્યુથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે, તેમના પત્ની પણ પતિના મૃત્યુથી ભાંગી પડ્યા છે. પરિવારનો આધારસ્તંભ છીનવાઈ જતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

### બે-બે વખત વાવેતર, પણ પાક નિષ્ફળ

રાજકોટના સરધાર ગામે રહેતા 42 વર્ષિય જેસીંગભાઈ અરજણભાઈ મકવાણાએ 2 એકર જમીનનો પાક સદંતર નિષ્ફળ જતા અંતિમ પગલું ભરી લેતા ચકચાર મચી જવા પામી છે. આ વચ્ચે દિવ્ય ભાસ્કરની ટીમ રાજકોટ શહેરથી 30 કિલોમીટર દૂર આવેલા સરધાર ગામે પહોંચી તો ત્યાં હૃદય દ્રાવક દૃશ્યો સર્જાયા હતા.

ખેડૂતના પત્ની અને બંને પુત્રો ચૌધાર આસુએ રડી રહ્યા હતા. બન્ને પુત્રો પિતાની ફોટો ફ્રેમને હાથમાં રાખી રડી પડ્યા હતા અને મારા પિતાને પરત લઈ આવો તેવો પોકાર કર્યો હતો. આ વચ્ચે મૃતક ખેડૂતના સગા ભાઈએ બે હાથ જોડીને સરકાર પાસે ખેડૂતોને સહાય આપવાની માંગણી કરી હતી. પરિવારનો મુખ્ય આધાર જ છીનવાઈ જતા પત્ની અને બંને પુત્રો નોંધારા બની ગયા છે.

### ખેડૂત પરિવારોને સહાય મળે તેવી મારી માંગણી: ગોવિંદ મકવાણા

સરધાર ગામના ખેડૂત આગેવાન ગોવિંદ મકવાણાએ જણાવ્યું હતું કે, આ ગામમાં 1500થી 2000 જેટલા ખેડૂતો ખેતી કરી રહ્યા છે. જોકે, અતિવૃષ્ટિને કારણે પાકને ખૂબ જ મોટું નુકસાન થયું છે. અહીં મગફળી, સોયાબીન, કપાસ, ડુંગળી, લસણ સહિતના પાકોનું વાવેતર ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યું છે. અગાઉ પણ અતિવૃષ્ટિને કારણે પાકને મોટું નુકસાન પહોંચ્યું હતું, પરંતુ ત્યારે સરકાર દ્વારા કોઈપણ જાતની સહાય આપવામાં આવી ન હતી. અમારી એવી રજૂઆત છે કે, ખેડૂતોને પાકમાં ખૂબ જ મોટું નુકસાન પહોંચી રહ્યું છે, ત્યારે ખેડૂતોને સહાય આપવી જોઈએ. મારા ભાઈએ દુ:ખદ પગલું ભર્યું છે તો તેના પરિવારને પણ સહાય મળે તેવી મારી માંગણી છે.

**રાજકોટ પહોંચે તે પહેલાં જ દમ તોડી દીધો :** મૃતકના મોટાભાઈ બાબુભાઈએ જણાવ્યું હતું કે, મારો નાનો ભાઈ જેસિંગભાઈ ખેતી કામ કરતો હતો. તેણે 2 વખત ધાણા વાવ્યા બાદ વરસાદને કારણે સમગ્ર પાક ધોવાઈ ગયો હતો. જે બાદ મગફળી વાવી હતી તે પણ અડધી બગડી ગઈ હતી. 2 એકર જમીનમાં વાવેલો તમામ પાક નિષ્ફળ જતા અંદાજે રૂ. 2 લાખનું નુકસાન પહોંચ્યું હતું. આ કારણે ગઈકાલે બપોરે 12થી 1 વાગ્યામાં ગાળામાં તેઓ ઘરે એકલા હતા, ત્યારે ઝેરી દવા પી લીધી હતી. અમે તાત્કાલિક તેને ગોંડલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવાનું કહેવામાં આવ્યું હતું. જોકે, ગોંડલ ચોકડી પહોંચ્યા ત્યાં જ મારા ભાઈએ દમ તોડી દીધો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મારા ભાઈના પરિવાર પત્ની અને બે પુત્ર છે. જેસિંગભાઈના પત્નીનું નામ હંસાબેન છે. પુત્ર ક્રિશની ઉંમર 18 વર્ષની છે, જે ધોરણ 12માં અભ્યાસ કરે છે, જ્યારે નાના પુત્ર નયનની ઉંમર 14 વર્ષની છે, જે ધોરણ 9માં અભ્યાસ કરે છે. ખેડૂતોની કપરી પરિસ્થિ અંગે તેઓઅ કહ્યું કે, ખેડૂતોને પાક નિષ્ફળ જતો હોય તો સરકારે તેમાં કંઈક સમજવું જોઈએ. રાજ્ય સરકારે નિયમ મુજબ સહાય આપવી જોઈએ.

## ફાયર વિભાગ એલર્ટ: મહેસાણામાં ત્રણ સ્થળો પર ફાયર ટીમો તૈનાત

(એજન્સી) મહેસાણા | તા. 27

મહેસાણા શહેરમાં દિવાળીના તહેવારોમાં આગ જેવી આકસ્મિક દુર્ઘટનામાં ઝડપથી પહોંચી બચાવ કામગીરી થઇ શકે તે માટે તોરણવાળી માતા ચોક, રાધનપુર ચોકડી અને મોઢેરા ચોકડી ખાતે આજથી ઓક્ટોબરથી 3 નવેમ્બર સુધી ત્રણ ફાયરચોકી ઊભી કરવામાં આવી છે. નગરપાલિકા ચીફ ઓફિસર દર્શનસિંહ ચાવડા અને પ્રમુખ ડૉ. મિહિરભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તોરણવાળી માતાના ચોકમાં ડ્રાઈવર તેમજ 3 ફાયરમેન, રાધનપુર ચોકડી 4 ફાયરમેન અને ડ્રાઈવર તેમજ મોઢેરા ચોકડી 4 ફાયરમેન અને ડ્રાઈવર સવારે 8 થી રાત્રે 8 અને રાત્રે 8 થી સવારે 8 દરમિયાન ફરજ પર હાજર રહેશે.

છ ઈન્ચાર્જ ફાયરમેન નવીન ચૌધરી, સંદીપ પટેલ, અક્ષય પટેલ, કિર્તી પટેલ, ચિરાગ પ્રજાપતિ અને વિશાલ પટેલને શિફ્ટવાઈઝ કામગીરી માટે તેમના મોબાઈલ નંબર સાથે નિયુક્ત કરી દેવાયા છે. આ ઉપરાંત, આપાતકાલીન સમયે ફાયર સ્ટેશનના 02762 223283 નંબર તેમજ 101 નંબર ઉપર સંપર્ક કરી શકાશે. પેટ્રોલપંપ, હોસ્પિટલ, શાળા તેમજ ડીપી નજીક ફટાકડા નહીં વેચવા તાકીદ કરાઈ હતી.

## વીજ શોક લાગતા બે ભાઈ સહિત 3 યુવક ભડથું: પંચમહાલના ભંડોઈમાં બાઈકસવાર 3 યુવક પર જીવતો વીજ વાયર પડ્યો

(એજન્સી) પંચમહાલ | તા. 27

પંચમહાલ જિલ્લાના મોરવા હડફના ભંડોઈ ગામના ત્રણ યુવકના વીજ કરંટ લાગવાથી મોત થયા છે. આ ત્રણ યુવક બાઈક ઉપર જઈ રહ્યા હતા ત્યારે જીવતો વીજ વાયર તેમના પર પડ્યો હતો. જેથી ત્રણેય યુવકના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જેમાં બે સગા ભાઈ ભુવનેશ્વર લક્ષ્મણભાઈ મકવાણા, આશિષ લક્ષ્મણભાઈ મકવાણા તથા ગણપત નારસિંગભાઈ પલાસ નો સમાવેશ થાય છે. વીજ કંપનીની બેદરકારીને કારણે આ દુર્ઘટના ઘટી હોવાનો પરિવાજનો આક્ષેપ લગાવી રહ્યાં છે. આ ઘટના અંગે ભંડોઈ ગામના ચોરા ફળિયામાં ખાતે રહેતા લક્ષ્મણ કાળુભાઈ મકવાણાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજે વહેલી સવારે ત્રણ વાગ્યાના સુમારે ભુવનેશ્વર લક્ષ્મણભાઈ મકવાણા, આશિષ લક્ષ્મણભાઈ મકવાણા અને ગણપત નારસિંગભાઈ પલાસ આ ત્રણેય યુવાન ભંડોઈથી મેથાણ ગામે ડાંગરના ખેતરમાં ડાંગર ઝુડવા ગયા હતા અને ડાંગર ઝુડીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ભંડોઇ-મેથાણ ગામની ચોકડી પાસે ઈલેક્ટ્રીક થ્રી-ફેઝ લાઈનનો વાયર અચાનક રોડ ઉપર તૂટીને પડ્યો હતો. ત્યારે આ ઈલેક્ટ્રીક થ્રી-ફેઝ લાઈનનો જીવતો વીજતાર બાઈક ઉપર પડતા ત્રણેય યુવાનોને જોરદાર કરંટ લાગ્યો હતો અને સ્થળ પર જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.

આ દુર્ઘટનાને લઈ સ્થાનિક લોકો અને પરિવારજનોએ વીજ કંપની વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો છે. આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરીને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ ઉઠાવી રહ્યાં છે.



### બ્રેકિંગ ન્યૂઝ

## હિંમતનગરના શ્યામ સુંદર સોસાયટીમાં આખલાએ યુવતી પર હુમલો કર્યો

સાબરકાંઠા | હિંમતનગરમાં આખલાઓ ત્રાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે. ત્યારે પાલિકા ધ્વારા પણ કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં રખડતા પશુઓમાં ઘટાડો જોવા નથી મળતો પરિણામે શહેરીજનો ભોગ બની રહ્યા છે. આવી જ ઘટના ગઈકાલે મોડી સાંજે શ્યામસુંદર સોસાયટીમાં બનવા પામી હતી. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરના અંકિતા ટીપી રોડ પર આવેલ શ્યામસુંદર સોસાયટીમાં રહેતી યુવતી નીલમ પરમાર શનિવારે સાંજે ઘરેથી પાર્લર તરફ જઈ રહી હતી. રખડતા પશુઓનું ટોળામાંથી એક આખલાએ રસ્તે જઈ રહેલ નીલમ પરમાર પર હુમલો કર્યો હતો.

## બેચરાજીના બેચર ગામે ટ્રેક્ટર અડફેટે 4 વર્ષીય બાળકનું મોત

મહેસાણા | હાલમાં દિવાળીના માહોલ વચ્ચે એક દુ:ખદ ઘટના બેચરાજી પંથકમાં બનવા પામી છે. જ્યાં ચાર નાના બાળકો ટ્યુશનથી રોડની સાઈડ પર ચાલતા ઘરે આવતા હતા એ દરમિયાન એક ટ્રેક્ટર ચાલકે પોતાનું ટ્રેક્ટર બેફામ રીતે હંકારી રોડની સાઈડમાં ચાલીને જતા ચાર બાળકો પૈકીના એક બાળકને ટક્કર મારી ટ્રેક્ટરનું ટાયર બાળકના શરીર પર ફરી વળતા બાળક નું ઘટના સ્થળેજ મોત નીપજ્યું હતું.સમગ્ર મામલે તહેવારોના ટાણે જ આવી દુ:ખદ ઘટના બનતા પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

## લીંબડી-રાજકોટ હાઈવે પર અકસ્માત: ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે ટક્કર થતાં એક વ્યક્તિને ઈજા

(એજન્સી) સુરેન્દ્રનગર | તા. 27

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-રાજકોટ હાઈવે પર પરશુરામ ધામ પાસે ખાનગી ટ્રાવેલ્સ અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. જયારે અન્ય 30 જેટલા મુસાફરોનો આબાદ બચાવ થતા સદભાગ્યે મોટી જાનહાનિ ટળી હતી.

લીંબડી-રાજકોટ હાઈવે પર અવારનવાર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે આ હાઈવે પર બંધ ટ્રેલર પાછળ ખાનગી ટ્રાવેલ્સ ઘુસી જતા એક વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી. જેમાં અકસ્માતની ઘટનામાં ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે આ અકસ્માતની ઘટનામાં બસમાં સવાર અન્ય 30 જેટલા મુસાફરોનો આબાદ બચાવ થતા મોટી જાનહાનિ ટળી હતી. જયારે આ ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા. જયારે આ ઘટનાના પગલે હાઈવે પર ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. આ અકસ્માતની ઘટનાની જાણ થતા પોલીસે તાકીદે ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી ટ્રાફિક પુન: કાર્યરત કરાવ્યો હતો.



## શહેરના 33 રોડ બંધ; તાતા કંપની, એરપોર્ટ, ફતેગંજથી લક્ષ્મીવિલાસ સુધી આજે રાત્રે 10થી પરોઢિયે 3 અને આજે સવારે 6 વાગ્યાથી બપોર

(એજન્સી) વડોદરા | તા. 27

ન્યૂ વીઆઈપી રોડ તાતા એડવાન્સ સિસ્ટમ લિ.ના સી-295 એરક્રાફ્ટના અંતિમ એસેમ્બલી લાઇનના ઉદ્ઘાટન માટે સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા આવશે. જ્યારે સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ રવિવારે વડોદરા આવશે. તેઓ અલકાપુરી આઈટીસી વેલકમ હોટલમાં રોકાશે. જેને પગલે રવિવાર રાત્રે 10થી રાત્રે 3 વાગ્યા સુધી અને સોમવારે સવારે 6 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી તાતા કંપનીથી એરપોર્ટ સર્કલ વાયા ફતેગંજથી લક્ષ્મીવિલાસ પેલેસના રૂટમાં આવતા 33 રોડ બંધ કરી દેવાશે.

એરપોર્ટથી તાતા કંપની સુધી સોમવારે વડાપ્રધાનનો રોડ શો યોજાશે. જેને પગલે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જાહેરનામું બહાર પાડ્યું હતું. તેમણે 33 રોડ પ્રતિબંધિત જાહેર કરી તેના વૈકલ્પિક રસ્તા જાહેર કર્યા હતા. આ સિવાય રૂટમાં આવતાં 3 મુખ્ય સર્કલ ખાતેથી એક તરફથી અન્ય તરફ જવા માટે ફક્ત રોડ ક્રોસ કરી શકાશે. આ અંગે એક્સેસ પોઈન્ટ અલગથી દર્શાવવામાં આવ્યા હતા. લોકો ફક્ત રોડ ક્રોસ કરી શકશે, વડાપ્રધાનના રૂટ પર જઈ શકશે નહીં.



વડાપ્રધાનના કાર્યક્રમમાં દેશ અને શહેરના 500 ઉદ્યોગપતિઓ હાજર રહેશે. એરપોર્ટ પરિસરની બાજુમાં કાર્યક્રમ સ્થળ પર પાર્કિંગની સમસ્યા હોવાથી ઉદ્યોગપતિઓને તેમનાં વાહનો આજવા રોડ પંડિત દિનદયાળ હોલ ખાતે મૂકવા જણાવાયું છે. જ્યાંથી તેમને બસમાં લવાશે. જે માટે 25 બસની વ્યવસ્થા કરવા આરટીઓને કહેવાયું છે.

વડાપ્રધાનના રોડ શોના રૂટ અને લક્ષ્મી વિલાસ પેલેસ સુધીના રોડ પર હાઈ સિક્યુરિટી સાથે 90 સીસીટીવીથી સર્વેલન્સ કરાશે. બદામડીબાગ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર તથા પોલીસના કંટ્રોલ રૂમથી નજર રખાશે. રૂટ પર કચરો હોય કે બેનર-પોસ્ટર નમી પડ્યાં હોય તો તેની પર નજર રાખી સૂચના આપશે.

# ધંધુકા મંદીના ભરડામાં ભરડાયું, વેપાર ધંધામાં ઘણાને તો બોણી થતી નથી

(એજન્સી) ધંધુકા | તા.27

ધંધુકા શહેર અને પંથક જાણે કે, મંદીના વમળમાં સપડાયો હોય તેમ નવરાત્રિ મહોત્સવ પુર્ણ થયો અને દિવાળી પણ ઢુંકડી આવી પહોંચી હોવા છતાં હાલ અત્રેની બજારમાં ઘરાક દેખાતી નથી. ઘણા વેપારીઓને તો જરૂરી બોણી પણ નહિ થતી હોવાનું જાણવા મળેલ છે.અમદાવાદ જિલ્લાના છેવાડે અને ભાવનગર અને બોટાદ જિલ્લાને અડીને આવેલો ધંધુકા તાલુકો મંદીમાં સપડાયો છે. વેપારીઓ બેકાર બેઠા છે. ઘરાકી નથી, ઘણા વેપારીઓને તો આખો દિવસ બેસવા છતાં બોણી પણ થતી નથી. નોરતા ગયા અને દિપોત્સવી નજીક આવી હોવા છતાં પણ બજારો સુમશામ દેખાય છે. હીરા ઉદ્યોગ બંધ થવાના આરે આવીને ઉભો છે. હીરા ઉદ્યોગની મંદી બજારમાં દેખાય છે. છાસવારે માવઠાને લઈને ખેડૂતોને પણ ખેતીમાં મોટો માર પડયો છે. બેથી ત્રણ વખતના કપાસ સહિતના વાવેતરો નિષ્ફળ ગયા બાદ પણ ઉત્પાદન જોવે તેવુ થશે નહિ. મોંઘા ભાવના બીયારણ, ખાતર અને દવાઓ વાપરી ખેતીમાં બેથી ત્રણ વખત નિષ્ફળતા મળ્યા પછી કપાસ વિણવાનું શરૂ કરાયુ છે. કપાસમાં પણ રોગ થવાથી ઉત્પાદન દેખાતુ નથી. ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ખેતીકામમાં લાગેલા છે. ધંધુકાની બજારો માણસો વગર ભેંકાર ભાસે છે.ધંધુકા તાલુકો વરસાદી ખેતી અને હીરા ઉદ્યોગ ઉપર તેની રોજગારીનો આધાર છે. ત્યાં આ બંને ક્ષેત્રમાં આવેલી મંદીના કારણે વેપારીઓ તો ઠીક પણ લારીઓમાં નાનો મોટો ધંધો કરતા લોકોને પણ વેપાર થતો નથી.

### ન્યુઝ ફ્લેશ

## 39.9 ડિગ્રી સાથે ભુજ રાજ્યનું સર્વાધિક ગરમ મથક

ભુજ : કચ્છમાં મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે. વહેલી સવારે ઠંડક અને બપોરના સમયે ગરમી અને બફારો વાતાવરણમાં અનુભવાઈ રહ્યો છે. ચારેય મથકોના તાપમાનમાં વધઘટ નોંધાયું હતું. ભુજ ૩૯.૯ ડિગ્રી સાથે રાજ્યનું સર્વાધિક ગરમ મથક બન્યું હતું. કંડલા એરપોર્ટમાં ૩૯.૧ ડિગ્રી, કંડલા પોર્ટમાં ૩૬.૨ ડિગ્રી અને નલિયામાં ૩૬ ડિગ્રીએ નોંધાયું હતું.જિલ્લામાં ધીમે ધીમે દિવાળીના માહોલની જમાવટ થઈ રહી છે ત્યારે મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે.ગઈકાલની તુલનાએ જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાનનો પારો બે ડિગ્રી જેટલો ઉંચકાઈને ૪૦ ડિગ્રીની નજીક ૩૯.૯ ડિગ્રીએ પહોંચી જતાં બપોરના આકરો તાપ અનુભવાયો હતો.

## યુનિવર્સિટીઓ, સંસ્થાઓના રબર સ્ટેમ્પ બનાવનાર શખ્સની ધરપકડ

આણંદ : પેટલાદમાંથી ઝડપાયેલા બનાવટી માર્કશીટો અને દસ્તાવેજોના આધારે લોકોને વિદેશ મોકલવાના કૌભાંડમાં અલગ-અલગ સંસ્થાઓ અને યુનિવર્સિટીઓના રબર સ્ટેમ્પ બનાવનાર પેટલાદના એક શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. રબર સ્ટેમ્પ બનાવવા માટેના મશીનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. પેટલાદના સરદાર પટેલ સુપરમાર્કેટમાં આવેલી વી હેલ્પ કન્સલ્ટન્સી એન્ડ માઈગ્રેશન સર્વિસ નામની ઓફિસમાં ગત અઠવાડિયે આણંદ એસઓજીએ દરોડો કરી બનાવટી માર્કશીટ અને દસ્તાવેજોના આધારે લોકોને વિદેશ મોકલવાનું કૌભાંડ ઝડપી પાડયું હતું.

## દિવાળીને ગણતરીના દિવસો બાકી છતાં નડિયાદ શહેરની બજારોમાં મંદીનો માહોલ

નડિયાદ : નડિયાદ શહેરની બજારમાં માત્ર શહેરીજનો જ નહીં પરંતુ તાલુકા, જિલ્લાભરમાંથી લોકો ખરીદી માટે ઉમટતા હોય છે. સામાન્ય રીતે દિવાળીના ૧૦ દિવસ પહેલાથી લોકો ખરીદી કરવાની શરૂઆત કરી દેતા હોય છે. કપડાં, ફટાકડા, સુશોભનની વસ્તુઓ સહિતની ખરીદી પર્વ પૂર્વે થઈ જતી હોય છે. પરંતુ ચાલુ વર્ષે દિવાળીના પર્વને ત્રણ-ચાર દિવસો બાકી રહ્યા હોવા છતાં બજારમાં ઘરાકી જોવા મળી રહી નથી. નડિયાદના સંતરામ રોડ, ડુમરાલ બજાર, અમદાવાદી બજાર, સલુણ બજાર, ડભાણ ભાગોળ સહિતના મોટા બજાર વિસ્તારોમાં ઘર સજાવટની વસ્તુઓ, દીવડા, ફટાકડા સહિતની હાટડીઓ શરૂ થઈ ગઈ છે. શનિવારે ગ્રાહકો ઉમટશે તેવી વેપારીઓ આશા સેવી રહ્યા હતા. પરંતુ સાંજ સુધી બજારમાં ઘરાકી જામી ન હતી. જોકે, કપડાની દુકાનોમાં ધીમીધારે ગ્રામ્ય વિસ્તારોમાંથી ઘરાકી શરૂ થતાં દિવાળીના દિવસ સુધીમાં ઘરાકી નીકળશે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે.

### પદ મેળવવા જાણિતા ચહેરા, નામી દાવેદારોનું લોબિંગ, કેટલાક સમાજના શરણે આવ્યા

# 15 માં કુલપતિ બનવા 23 મૂરતિયાની દાવેદારી, કાલે સર્ચની બેઠક 'નિર્ણાયક' રહેવાના એંધાણ

(એજન્સી) ભાવનગર | તા.27

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૧૫માં કુલપતિ બનવા માટે ૨૩ મૂરતિયાએ દાવેદારી નોંધાવી છે. યુનિવર્સિટીના મહત્વના આ પદ પર લાયક શિક્ષણવિદની પસંદગી માટે રચાયેલી સર્ચ કમિટીની આગામી તા.૨૮ના રોજ બેઠક મળશે. આ બેઠક નિર્ણાયક રહેનાર હોવાનું મનાય રહ્યું છે. બીજી તરફ, આ બેઠક પૂર્વે દાવેદારોએ પદ મેળવવા સર્ચ કમિટી દ્વારા પસંદ થતાં ત્રણ નામોમાં સમાવિષ્ટ થવા એડીચોટીનું જોર શરૂ કર્યું છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના ૧૫માં કુલપતિની પસંદગી માટે તાજેતરમાં જ સર્ચ કમિટીની સૂચનાના પગલે દાવેદારો પાસેથી નિયમ ફોર્મેટમાં ઓનલાઈન અને ઓફલાઈન એમ બે પ્રકારે અરજીઓ સ્વીકારવામાં આવી હતી. જેમાં દાવેદારે યુનિ.ની ઓફિશિયલ વેબસાઈટ પર જઈ ઓનલાઈન વિગતો, શૈક્ષણિક લાયકાત, અનુભવ, સંશોધન સહિતના જરૂરી આધાર-પૂરાવા સાથેની અરજી તા.૨૧ ઓક્ટોબર સુધીમાં સબમિટ કરાવવાની હતી. બાદમાં ઓનલાઈન અરજી સમયે જોડેલાં આધાર-પૂરાવા તથા દસ્તાવેજોની ફિઝિકલ કોપી તા. ૨૬ ઓક્ટોબર સુધીમાં યુનિ. ખાતે ઓફલાઈન



જમા કરાવનાર દાવેદારોને આ પદની દાવેદારી માટે લાયક ગણવામાં આવ્યા હતા. ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ ૨૧ ઓક્ટોબર હતી જયારે, ઓફલાઈન અરજી સ્વીકારવાની મુદ્દત પણ આજે પૂર્ણ થતાં યુનિ.ને આ પદ માટે કુલ ૨૩ અરજીઓ મળી હતી. જેમાં સ્થાનિક સહિત રાજ્યની અલગ-અલગ યુનિવર્સિટી અને ત્રણથી વધુ રાજ્ય બહારના પ્રાધ્યાપક, આચાર્ય, ડાયરેકટર, ભાવ.યુનિ.ના એકથી વધુ પૂર્વ કુલપતિ, અન્ય યુનિ.ના વર્તમાન કુલપતિ સહિત ૨૩ દાવેદારોએ આ પદ માટે દાવેદારી નોંધાવી હોવાની કેમ્પસમાં ચર્ચા છે. દરમિયાનમાં અરજી સ્વીકારવાની મુદ્દત પૂર્ણ થતાં જ સર્ચ કમિટી સક્રિય બની છે. અને દાવેદારોની અરજીના સ્ક્રૂટિનીથી લઈ પસંદગી સુધીની દિશામાં કાર્યવાહી ઝડપી બનાવી હોવાનું જાણવા મળેલ છે. સૂત્રોના જણાવ્યાનુંસાર, આગામી તા.૨૮ને સોમવારે અમદાવાદ ખાતે સર્ચ કમિટીના ચેરમેનના અધ્યક્ષસ્થાને મ.કૃ.ભાવ. યુનિ.ના ૧૫માં કુલપતિની પસંદગી અર્થે રચાયેલી વધુ એક નવનિયુક્ત સર્ચ કમિટીની બેઠક મળશે. જો કે, રાજકીય સૂત્રોના જણાવ્યાનુંસાર, આ બેઠક નિર્ણાયક રહે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. બીજી તરફ, આ પદ પર દાવેદારી કરનાર દાવેદારોએ ભાવનગર યુનિ.ના ૧૫માં કુલપતિ બનવા માટે લોબિંગ શરૂ કરી દિધું હોવાનું જાણવા મળેલ છે. તો, સ્થાનિકથી લઈ પ્રદેશ કક્ષાએ અમુક જાણિતા ચહેરાઓએ તો સ્થાનિકથી લઈ દિલ્હી સુધીની વગ શરૂ કરી આ પદ મેળવવા તમામ પ્રયત્નો શરૂ કર્યા હોવાનું જાણવા મળેલ છે.

## ઉધના-મહુવા વચ્ચે ખાસ ટ્રેન 30મીએ અને મહુવા-ઉધના વચ્ચે 31મીએ દોડશે

(એજન્સી) ભાવનગર | તા.27

દિવાળી અને છઠ પૂજા દરમિયાન ટ્રેનોમાં થવા વાળી ભીડને ધ્યાનમાં રાખીને યાત્રિયોની સુવિધા માટે પશ્ચિમ રેલ્વેએ મહુવા અને ઉધના સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર ડીઆરએમ રવીશ કુમારના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૦૯૦૧૮ મહુવા-ઉધના સ્પેશિયલ ગુરુવારે ૩૧ ઓક્ટોબરના રોજ મહુવાથી ૧૩.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૪.૦૦ કલાકે ઉધના સ્ટેશન પહોંચશે. એજ રીતે ટ્રેન નંબર ૦૯૦૧૭ ઉધના-મહુવા સ્પેશિયલ ઉધના સ્ટેશનથી બુધવારે ૩૦ ઓક્ટોબરના રોજ રાત્રે ૨૧.૪૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે ૦૯.૧૦ કલાકે મહુવા પહોંચશે.આ ટ્રેન રાજુલા જંકશન, સાવરકુંડલા, લીલીયા મોટા, દામનગર, ઢસા, ધોળા, નિંગાળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા, ગાંધીગ્રામ, અમદાવાદ, વડોદરા અને સુરત સ્ટેશને બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર અને એસએલઆરડી ક્લાસ કોચ છે.

### ઉધાનમાં સામાન્ય રીતે માર્શ, પેલિડ, મોન્ટેગુઝ હેરિયર જોવા મળે છે

# વેળાવદરમાં 1200 હેરિયર માણી રહ્યા છે મહેમાનગતિ



(એજન્સી) ભાવનગર | તા.27

ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ વેળાવદર સ્થિત કાળિયાર રાષ્ટ્રીય ઉધાનમાં ૧૨૦૦ જેટલા હેરિયર પંખીઓ મહેમાનગતિ માણવા માટે આવી પહોંચ્યા છે. તેમ વન વિભાગના વિશ્વસનીય વર્તુળોએ જણાવ્યું હતું. વર્તુળોના જણાવ્યા પ્રમાણે વર્ષાઋતુ પૂર્ણ થવા સાથે અને શિયાળાની ઠંડી ઠંડી ઋતુનાઆગમન સાથે વેળાવદર ઉધાન અને આસપાસના ઈકો ઝોનમાં હેરિયર પંખીઓ મહેમાનગતિ માણવા આવી પહોંચતા હોય છે. અત્યાર સુધીમાં ૧૨૦૦ જેટલા પંખીઓ કઝાકિસ્તાન તરફથી નોન સ્ટોપ ઊડાન ભરીને હજારો કિલોમીટરનું અંતર કાપીને હિમાલયની પર્વતમાળા ઓળંગીને શિયાળો ગાળવા વેળાવદર આવી પહોંચ્યા છે. આ પંખીઓમાં સામાન્ય રીતે માર્શ, પેલિડ અને મોન્ટેગુઝ જોવા મળતા હોય છે જ્યારે હેન હેરિયરનું પ્રમાણ ઓછું જોવા મળે છે.ચોમાસા બાદ ખેતરોમાં ઘાસ, જુવાર, કપાસના પાકના કારણે તીડનું પ્રમાણ વધારે હોય છે. તીડ એ હેરિયરનો મુખ્ય ખોરાક છે. આથી સવારે સૂર્યોદય પહેલા તેઓ ઊડાન ભરે છે અને છેક સાંજે સૂર્યાસ્ત સમયે અંધારું ઘેરાય ત્યારે રાષ્ટ્રીય ઉધાન અને ઈકો ઝોનમાં આવે છે. આમ, રાતવાસા માટે તે આવે છે જેને 'રૂસ્ટીંગ' કહેવામાં આવે છે. રૂસ્ટીંગ માટે લેન્ડીંગ કરતા પહેલા આ પંખીઓ આકાશમાં વિશાળ ચકરાવો લેતા હોય છે. આ પંખીઓની વિશિષ્ટતા એ છે કે તે હવામાં જ ખોરાકનું આદાન-પ્રદાન કરી લેતા હોય છે. જેમ જેમ શિયાળાની ઠંડી જામશે તેમ તેમ તેની સંખ્યા વધતી જશે. વેળાવદરમાં પ્રતિ વર્ષે રેકોર્ડબ્રેક સંખ્યામાં આ પંખીઓ નોંધાય છે.



## ચકલાસી પાલિકાએ 18 વર્ષથી મોબાઈલ ટાવરનું 97.21 લાખ ભાડૂ વસૂલ્યું નથી

(એજન્સી) નડિયાદ | તા.27

ચકલાસી નગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૦૫-૦૬થી ૯ મોબાઈલ ટાવરના કુલ રૂ. ૯૭.૨૧ લાખના ભાડા વસૂલ ન કર્યા હોવાનું વાર્ષિક ઓડીટમાં ખૂલ્યું હતું. પાલિકા તંત્રએ બેદરકારી દાખવતા પાલિકાની આર્થિક સ્થિતિ પર વિપરીત અસર પડતી હોવાનું ઓડીટ રિપોર્ટમાં નોંધાયું છે. ચકલાસી નગરપાલિકામાં 18 વર્ષથી જુદા જુદા વિસ્તારોમાં 10 મોબાઈલ ટાવર નાખવામાં આવ્યા છે. જેના ભાડા નગરપાલિકા દ્વારા વસૂલ કરવાના હોય છે. આ ૧૦ પૈકી 9 મોબાઈલ ટાવરના વર્ષ ૨૦૦૫-૦૬થી ભાડા વસૂલ કરવામાં ન આવ્યા હોવાની વિગતો પાલિકાના વાર્ષિક ઓડીટમાં સામે આવી છે. પાલિકા દ્વારા ૯ મોબાઈલ ટાવરના અત્યારસુધીમાં કુલ રૂ. ૯૭.૨૧ લાખ રૂપિયા વસૂલવાના બાકી છે. છેલ્લા કેટલાક વર્ષોથી મોબાઈલ ટાવરના જવાબદારો પાસેથી ભાડા ન ભરાવી કેટલાક વહીવટદારો પોતાની અંગત નાણાકીય લેવડ-દેવડ કરતા હોવાના આક્ષેપો ઉઠયા છે.



## ગાંધીધામમાં જાહેરમાં ઢોર માર મારી દેશલપરના યુવાનની કરપીણ હત્યા

(એજન્સી) ગાંધીધામ | તા.27

દિવાળી નજીક છે જેથી કચ્છની આથક નગરી તરીકે ઓળખાતા ગાંધીધામ મહાનગરમાં કચ્છના છેવાડાનો માનવી પણ ખરીદી કરવા આવતો હોય છે ત્યારે ભુજના દેશલપરમાં રહેતો અને માધાપરની ખાનગી હોટલમાં કામ કરતા યુવાનને કોઈ અજાણ્યા ઈસમોએ બેલ્ટ જેવા હથિયાર વડે ઢોર માર માર્યા બાદ તેઓ નાસી ગયા હતા. જેથી અર્ધબેભાન હાલતમાં મળેલા યુવાનને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. દરમિયાન તેનું રસ્તામાં જ અવસાન થઈ ગયું હતું. આ ઘટનામાં સ્થાનિકેથી એવિ વાતો પણ સાંભળવા મળી હતી કે, યુવાન રહે છે દેશલપર, નોકરી કરે છે માધાપર તો તે ગાંધીધામ આવ્યો શા માટે? તો બીજી તરફ બપોરે અંદાજિત ૧૨ વાગ્યે બનેલા આ બનાવમાં આરોપીઓ કચ્છ મૂકીને નાસી ન જાય તે માટે જિલ્લાના પ્રવેશદ્વાર પર નાકાબંધી કરી નાખવામાં આવી હતી. જે દરમિયાન ૨ શંકાસ્પદ ઈસમો પણ પકડાયા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.



## તળાજામાં વિરોધનો સૂર છતાં ગામના છેવાડે નવી રેફરલ હોસ્પિટલ માટે જમીન ફાળવાઈ

(એજન્સી) તળાજા | તા.27

તળાજા શિક્ષણ અને ખેતીના કારણે આથક રીતે જિલ્લાના અન્ય તાલુકા મથક કરતા સક્ષમ છે. પરંતુ આરોગ્યની દ્રષ્ટિએ હજુ ઘણું ખૂટે છે. આથક રીતે ગરીબ, સામાન્ય વર્ગ માટે સામાન્ય રોગમાં સરકારી દવાખાનું એક આશીર્વાદરૂપ છે. ત્યારે હવે સરકાર તરફથી રેફરલ હોસ્પિટલ માટે જે જમીન ફાળવાઈ છે, તે ગામના છેડે છે. જ્યાં વરસાદી પાણી ભરાઈ જવાની દહેશત રહે છે. તળાજાની નવી રેફરલ હોસ્પિટલ ગામના છેવાડે આવેલી સરકારી કોલેજ પાસે બનાવવામાં આવનાર છે. જેને લઈ વિરોધનો સૂર ઉઠયો હતો. સ્થાનિક સત્તાધિશોથી લઈ મુખ્યપ્રધાન સુધી સરકારી હોસ્પિટલ શહેર મધ્યે બનાવવા રજૂઆત કરાઈ હતી. જેની કોઈ અસર થઈ ન હોય તેમ સરકારે ૧૦ હજાર ચોરસ મીટર જગ્યા ફાળવી માટે હસ્તાક્ષર પણ કરી દીધા છે. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, જે જગ્યા ફાળવાઈ છે, ત્યાં પાણી ભરાઈ છે, માટે ભરતી કરવી જરૂરી છે. ત્યારે સૌ કોઈ જાણે છે કે, તળાજા મધ્યે સિંચાઈ વિભાગની હજારો ચોરસ મીટર જગ્યા વર્ષોથી નક્કામી પડી છે.



## જિલ્લા ફૂડ વિભાગે પખવાડિયામાં વિવિધ ખાદ્ય સામગ્રીનો 18.23 લાખનો જથ્થો સીઝ કર્યો

(એજન્સી) ભાવનગર | તા.27

જિલ્લા ફૂડ વિભાગ દ્વારા છેલ્લા એક પખવાડિયામાં સઘન ઝુંબેશના ભાગરૂપે ભાવનગર જિલ્લામાંથી ૨૦૦ અને બોટાદમાંથી ૧૬૧ વિવિધ ખાદ્ય સામગ્રીના નમૂના એકત્ર કરાયા હતાં. જ્યારે શંકાસ્પદ જણાયેલ કુલ ૧૮.૨૩ લાખનો માલ સીઝ કરવામાં આવ્યો હતો. ભાવનગર જિલ્લા ફૂડ વિભાગ દ્વારા તાજેતરમાં દિવાળીના તહેવારોને અનુલક્ષી ફૂડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી અંતર્ગત સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ભાવનગર, પાલિતાણા, ગારિયાધાર, તળાજા, મહુવા સહિતના તાલુકા મથકો અને બોટાદના ગઢડા, બરવાળા તાલુકામાંથી સેમ્પલીંગ કામગીરી કરવામાં આવી હતી. જેમાં ફોર્મેલ અને સર્વેલન્સ મુજબ ભાવનગર જિલ્લામાંથી દૂધ, ઘી, ખાદ્ય તેલ, મિઠાઈ, મરી મસાલા, ફરસાણ, બેકરી પ્રોડક્ટ, તૈયાર ખોરાક સહિતના કુલ ૨૦૦ નમૂના લેવામાં આવ્યા હતાં.

### રોશની પર્વે શહેરમાં રંગોની બજાર રંગબેરંગી બની ગઈ...

# દિપોત્સવી પર્વ દરમિયાન ગોહિલવાડમાં 10 ટનથી વધુ ચિરોડીનું વેચાણ

(એજન્સી) ભાવનગર | તા.27

ઉજાશના મહાપર્વ દિપોત્સવીના તહેવારની ઉજવણીનો હરખ વ્યકત કરવાના મહિમાવંતા મહાપર્વે, ઝગમગતા દિવડાઓની સાથોસાથ તન અને મનને આકર્ષી લેતી એક એકથી ચડીયાતી અવનવી રંગોળીની સજાવટનું પણ સવિશેષ મહાત્મ્ય રહેલુ છે. તેથી જ દર વર્ષે દિવાળીના તહેવારો દરમિયાન ભાવનગર સહિત ગોહિલવાડમાં અંદાજે ૧૦ ટનથી વધુ અવનવી ચિરોડીનું ધૂમ વેચાણ થાય છે. હાલ રોશનીપર્વ દિવાળીનો તહેવાર ઢુંકડો આવી પહોંચ્યો હોય ચિરોડીના વેચાણમાં ઉછાળો આવ્યો છે.ગોહિલવાડમાં દિપોત્સવીના પર્વ ટાણે ઘરઆંગણે મનોહર રંગોળી પુરવાની અનોખી પરંપરા પૌરાણિક કાળથી ચાલી આવે છે. આથી જ પ્રવર્તમાન ૪ જીના ફાસ્ટ યુગમાં પણ શાળા અને કોલેજના વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો મનોહર રંગોળીઓ પ્રત્યે ભારે આકર્ષણ ધરાવી રહ્યા છે તેથી ભાવનગર શહેર અને જિલ્લામાં વર્ષ દરમિયાન યોજાતી રંગોળી હરીફાઈઓમાં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લઈ રહ્યા છે તે તેની પ્રતિતી સમાન છે. અનેક યુવાનો નાની વયથી જ પોતાના ઘર આંગણે એક એકથી ચડીયાતી આકર્ષક રંગોળીઓ કરવાનો ભારે શોખ ધરાવે છે. પ્રતિ વર્ષે દિવાળીના તહેવારના એક માસ અગાઉથી જ ચિરોડીનો આ સીઝનલ વ્યવસાય શરૂ થઈ જાય છે. આ દરમિયાન સ્થાનિક ઉપરાંત આસપાસના અનેક ગામોના વિક્રેતાઓ શહેરમાં ખરીદી માટે પુછપરછ અને ઓર્ડર નોંધાવી ડીલીવરીની તજવીજ હાથ ધરાય છે. એક અંદાજ મુજબ ભાવનગર શહેરમાં અંદાજે ૩૨ થી ૪૦ આસપાસ ચિરોડીના કલર ઉપલબ્ધ છે.

### રોગચાળો વકર્યો : ઈન્ફ્લુએન્ઝાના 1407 દર્દી અને ઝાડા-ઉલ્ટીની 913દર્દી

# જિલ્લામાં 50 દિવસમાં તાવના 7195 કેસ : 71 ટકા દર્દી એકલા મહુવા તાલુકામાં

(એજન્સી) ભાવનગર | તા.27

ભાવનગર જિલ્લામાં ઋતુજન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે અને છેલ્લા ૫૦ દિવસના જ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના આંકડા પર દ્રષ્ટિપાત કરવામાં આવે તો ખ્યાલ આવે છે કે, ૫૦ દિવસમાં તાવના ૭૧૯૫ કેસ નોંધાયા હતા. જેમાં એકલા મહુવા તાલુકામાં જ તાવના ૫,૧૩૨ દર્દી જોવા મળ્યા હતા. જો બીજા શબ્દોમાં કહીએ તો જિલ્લામાં માત્ર મહુવા તાલુકામાં તાવના ૭૧ ટકા દર્દી નોંધાયા હતા. જિલ્લામાં ૧૪૦૭ દર્દી ઈન્ફ્લુએન્ઝાની અને ૯૧૩ દર્દી ઝાડા-ઉલ્ટીની લપેટમાં આવ્યા હતા. ભાવનગર તાલુકામાં જ હિપેટાઈટીસ-એના ૧૫માંથી ૧૨ એટલે કે ૮૦ ટકા કેસ અને ટાઈફોઈડના ૧૫૦ દર્દી જેમાં ૪૨ ટકા કેસ તળાજા તાલુકામાં નોંધાયા હતા. જિલ્લામાં ડેંગ્યુના કુલ ૯ કેસ જોવા મળ્યા હતા.

જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના વર્તુળોના જણાવ્યા અનુસાર જિલ્લાના ૧૦ તાલુકામાં સપ્ટેમ્બર માસ દરમિયાન ૭ દિવસથી ઓછો તાવ આવ્યો હોય તેવા ૩૮૯૯ કેસ અને ૭ દિવસથી વધુ તાવ આવ્યો હોય તેવા ૨૯૭ કેસ નોંધાયા હતા. ઝાડા-ઉલ્ટીના ૫૭૦ દર્દી અને ઈન્ફ્લુએન્ઝાના ૮૫૨ દર્દી જોવા મળ્યા હતા. સીવીઅર એક્યુટ રેસ્પિરેટરી ઈન્ફેક્શન (એસએઆરઆઈ)ના ૨ કેસ નોંધાયા હતા. જ્યારે ઓક્ટોબર માસની ૨૦મી તારીખ સુધીમાં નોંધાયેલા કેસનો આંકડો જોઈએ તો ૭ દિવસથી ઓછો તાવ આવ્યો હોય તેવા ૨૭૯૧ દર્દી અને ૭ દિવસથી વધુ તાવ આવ્યો હોય તેવા ૨૩૮ દર્દી જોવા મળ્યા હતા. ઝાડા-ઉલ્ટીના ૩૪૩ કેસ તો ઈન્ફ્લુએન્ઝાના ૫૫૫ કેસ જ્યારે એસએઆરઆઈના ૪ કેસ નોંધાયા હતા. આમ, જિલ્લામાં એકલા મહુવા તાલુકામાં જ સપ્ટેમ્બરમાં તાવના કુલ ૨૯૩૦ દર્દી અને ૨૦મી ઓક્ટોબર સુધીના ૨૦ દિવસમાં ૨૨૦૨ દર્દી જોવા મળ્યા હતા. આમ, તાવના ૭૧ ટકા કેસ એકલા મહુવા તાલુકામાં જ નોંધાયા છે. જિલ્લામાં સપ્ટેમ્બર માસમાં ડેંગ્યુના ૬ કેસ જોવા મળ્યા હતા. જેમાં ગારિયાધાર અને ઘોઘા તાલુકામાં ૨-૨ કેસ જ્યારે સિહોર અને તળાજા તાલુકામાં ૧-૧ કેસ નોંધાયો હતો. તો હિપેટાઈટીસ-એના ભાવનગર તાલુકામાં ૧૧, ઘોઘા અને તળાજા તાલુકામાં ૧-૧ દર્દી હતા. જિલ્લામાં ટાઈફોઈડના ૭૦ દર્દી નોંધાયા.

## આણંદ જિલ્લામાં 1200 થી વધુ હોસ્પિટલો એક્ટ હેઠળ માત્ર પંદરનું રજિસ્ટ્રેશન

(એજન્સી) આણંદ | તા.27

આણંદ જિલ્લામાં અંદાજે સરકારી અને ખાનગી ૧૨૦૦થી વધુ હોસ્પિટલો આવેલી છે. ત્યારે આણંદ જિલ્લાની માત્ર ૧૫ હોસ્પિટલોની જ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ હેઠળ નોંધણી થઈ હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે નોંધણી થયેલી ન હોય તેવી હોસ્પિટલો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.ધ ગુજરાત ક્લીનીક એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ ૨૦૨૧ની કલમ ૬ હેઠળ હોસ્પિટલ, પ્રસુતિ ગૃહ, નર્સિંગ હોમ કે પોલીક્લીનીકને કાયદા હેઠળ રજિસ્ટ્રેશન કરાવ્યા વગર ચલાવી શકાય નહીં. તેમછતાં આણંદ જિલ્લામાં તંત્રની રહેમનજર હેઠળ ૧૨૦૦થી વધુ હોસ્પિટલો ધમધમી રહી છે. સમગ્ર જિલ્લામાં કેટલાય બીએચએમએસ, ડીએચએમએસ તથા રાજ્ય બહારથી આવેલા ડૉક્ટરો ઠેર-ઠેર હોસ્પિટલો ખોલીને પ્રેક્ટીસ કરતા જોવા મળી રહ્યા છે. જિઆણંદ જિલ્લામાં પેટલાદ જનરલ હોસ્પિટલ, કરમસદ મેડિકલ હોસ્પિટલ, ઝાયડસ હોસ્પિટલ સહિત બોરસદ, આણંદ અને પેટલાદ તાલુકાની ૧૫ હોસ્પિટલોનું જ એક્ટ હેઠળ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમે તેને તમારી ક્ષમતા મુજબ સારી રીતે પૂર્ણ કરશો. કોઈ સારા સમાચાર મળ્યા પછી તમે ભાવનાત્મક રીતે ખૂબ જ મજબૂત અનુભવ કરશો.



**વૃષભ (બ,વ,ઉ)**
કેટલીક મહત્વપૂર્ણ વ્યક્તિગત અને વ્યવસાય સંબંધિત યોજનાઓ પણ બનાવવામાં આવશે. ઉછીના પૈસા આજે પરત મળવાની શક્યતા છે.



**મિથુન (ક,છ,ઘ)**
આજે તમે તમારી આસપાસ સ્વસ્થ વાતાવરણ અનુભવશો. કોઈની મદદ કરવાથી તમે આનંદ અનુભવશો. કોઈપણ કાર્યની સિદ્ધિ પણ શક્ય છે.



**કર્ક (ડ,હ)**
આજે કેટલાક પેન્ડિંગ પૈસાની વસૂલાતની પ્રબળ સંભાવના છે. પરિવારની જરૂરિયાતોથી પણ વાકેફ રહેશે. કોઈ ખાસ વ્યક્તિને મળવું ખૂબ જ સારું રહેશે.



**સિંહ (મ,ટ)**
દિવસની શરૂઆતમાં થોડી સમસ્યાઓ આવશે. આજે તમે અનેક પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહેશો. પ્રયત્ન કરતા રહો.



**કન્યા (પ,ઠ,ણ)**
આજે દિવસનો મહત્તમ સમય સામાજિક કાર્યોમાં પસાર થશે અને મેળાપ વધશે અને ઉત્તમ સંપર્કો પણ બનશે. આજે તમે કોઈ મોટો નિર્ણય લેશો.



**તુલા (ર,ત)**
આજે કેટલાક ઉતાર-ચઢાવ આવશે, પરંતુ તમારા આત્મવિશ્વાસ અને મહેનતથી પરિસ્થિતિઓ ઘણી હદ સુધી અનુકૂળ બની જશે.




**વૃશ્ચિક (ન,ય)**
કોઈ નિર્ણય લેવામાં મૂંઝવણ થઈ શકે છે, કોઈ વરિષ્ઠ વ્યક્તિની યોગ્ય સલાહથી તમને સફળતા ચોક્કસ મળશે. કોઈ પ્રોજેક્ટ વગેરેને કારણે યાત્રા પણ શક્ય છે.



**ધન (ભ,ધ,ફ)**
સમજદારીપૂર્વકની આપ-લે તમારા માટે ફાયદાકારક રહેશે. આ સમયે લેવાયેલ કોઈપણ વિશેષ નિર્ણય ભવિષ્યમાં તમારા માટે ફાયદાકારક સાબિત થશે.



**મકર (ખ,જ)**
કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિઓ ઊભી થશે તમે નજીકના મિત્રની સમસ્યાને ઉકેલવામાં પણ સહયોગ કરશો. કોઈ મનોરંજક કાર્યક્રમનું આયોજન થઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
તમારી આર્થિક યોજનાઓને સફળ બનાવવા માટે આજનો સમય યોગ્ય છે. શાંતિ મેળવવા માટે, કલાત્મક અને સંબંધિત પ્રવૃત્તિઓમાં થોડો સમય પસાર કરો.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે જે ધ્યેયને પ્રાપ્ત કરવા માટે કેટલાક સમયથી પ્રયાસ કરી રહ્યા હતા તેનાથી સંબંધિત યોગ્ય પરિણામ મળી શકે છે. તમે સમાજ કે સામાજિક કાર્યોમાં પણ સહયોગ કરશો. પ્રતિષ્ઠા પણ વધશે.

# 32 ટકા વૃદ્ધિ સાથે સોનાના વૈશ્વિક ભાવમાં 2024માં 45 વર્ષ બાદ સૌથી મોટો વધારો

(એજન્સી) મુંબઈ | તા 27

મધ્ય પૂર્વના દેશોમાં ભૌગોલિકરાજકીય તાણ અને અમેરિકામાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દર વધુ ઘટવાની સંભાવનાને પરિણામે વર્તમાન વર્ષના સોનાના વૈશ્વિક ભાવમાં ૪૫ વર્ષમાં સૌથી ઊંચો વધારો જોવાયો છે. ૨૦૨૪માં સોનાના આંતરરાષ્ટ્રીય ભાવ અત્યારસુધી ૩૨.૫૦ ટકા વધ્યા છે જે ૧૯૭૯ બાદ સૌથી વધુ વધારો છે. ચાંદીમાં પણ ૩૭.૫૦ ટકાની વૃદ્ધિ જોવા મળી છે. ઘરઆંગણે એમસીએક્સ પર સોનાના ભાવ ૨૩.૬૦ ટકા અને ચાંદી ૩૨.૯૦ ટકા વધ્યા છે જે ૨૦૨૦ બાદ સૌથી ઊચો વધારો છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધની સ્થિતિ અને ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડા ઉપરાંત ગોલ્ડ ઈટીએફસમાં જંગી ઈન્ફલોસ અને વિશ્વની કેન્દ્રીય બેન્કો દ્વારા ગોલ્ડની સતત




ખરીદીને કારણે પણ સોનાના ભાવને ટેકો મળ્યો છે.

ચીનમાં આર્થિક રિકવરીને કારણે ચાંદીની ઔદ્યોગિક માગ વધવાની ધારણાં મૂકવામાં આવી રહી છે. ૨૦૨૪માં ચીને ગોલ્ડ રિઝર્વમાં ૨૯ ટનનો ઉમેરો કર્યો છે જે ૨૦૨૩ની સરખામણીએ ૧૬ ટકા વધુ છે. અમેરિકન ડોલરમાં નબળાઈ પણ સોનાના ભાવમાં મજબૂતાઈનું કારણ રહ્યું છે. ડોલરની નબળાઈના કિસ્સામાં વૈશ્વિક ફન્ડ હાઉસો સોના જેવી સેફ હેવન એસેટસમાં રોકાણ તરફ વળતા હોય છે. ભારતમાં સોનાની તહેવાર નિમિત્તેની માગ ઊંચી જોવા મળી રહી છે, જેને કારણે પણ ભાવને ટેકો મળતો હોવાનું વિશ્લેષકે ઉમેર્યું હતું. સોનાનો વૈશ્વિક ભાવ હાલમાં પ્રતિ ઔંસ ૨૭૧૮ ડોલર જ્યારે ચાંદી ઔંસ દીઠ ૩૩.૦૯ ડોલર મુકાઈ રહી છે.

# નાણાંકીય સ્થિરતા સામે ક્રિપ્ટોકરન્સી મોટા જોખમ સમાન બાબત : દાસ

(એજન્સી) મુંબઈ | તા 27

નાણાંકીય સ્થિરતા સામે ક્રિપ્ટોકરન્સીસ મોટા જોખમ ધરાવે છે. ક્રિપ્ટોકરન્સીસને કારણે એવી સ્થિતિ ઊભી થઈ શકે જેમાં અર્થતંત્રમાં નાણાં પૂરવઠો કરવા પરનો અંકૂશ કેન્દ્રીય બેન્ક કદાચ ગુમાવી શકે છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હોવાનું પીટીઆઈના અહેવાલમાં જણાવાયું હતું. હકીકતમાં હું એવો મત ધરાવું છું કે આ એક એવી કરન્સીસ છે જેનું નાણાં વ્યવસ્થામાં પ્રભુત્વ વધવા દેવું જોઈએ નહીં, કારણ કે તેનાથી નાણાંકીય સ્થિરતા સામે તથા બેન્કિંગ વ્યવસ્થા સામે જોખમ રહેલા છે. પિટરસન ઈન્સ્ટિટયૂટ ફોર ઈન્ટરનેશનલ ઈકોનોમિકસ ખાતે આપેલી હાજરી



વખતે તેમણે આ મત વ્યકત કર્યો હતો.કેન્દ્રીય બેન્ક નાણાં પૂરવઠા પરનો અંકૂશ ગુમાવી દે તો, નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટીની ઉપલબ્ધતા કઈ રીતે જાણી શકાય? કેન્દ્રીય બેન્ક ફુગાવાનું સંચાલન કઈ રીતે કરી શકે? માટે અમે ક્રિપ્ટોને મોટુ જોખમ માની રહ્યા છીએ. આ માટે આંતરરાષ્ટ્રીય સમજુતિ થવી જરૂરી છે કારણ કે વ્યવહાર સરહદપાર થતા હોય છે એમ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

## NEWS BRIEF

### Diwali પર ઘરે જવું થશે સરળ, ટાટા ગ્રુપની એરલાઈન્સે લોન્ચ કરી ઓફર

મુંબઈ | આ બેંકે ચાલુ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. આ ક્વાર્ટરમાં બેન્કનો નફો 45 ટકા વધીને રૂ. 551 કરોડ થયો છે. ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં બેંકનો નફો 381 કરોડ રૂપિયા હતો. શેરબજારને આપેલી માહિતીમાં, આ બેંકે કહ્યું કે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને 3,420 કરોડ રૂપિયા થઈ ગઈ, જે ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં 2954 કરોડ રૂપિયા હતી. બેન્કની વ્યાજની આવક ગયા નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. 2,764 કરોડથી વધીને રૂ. 3,124 કરોડ થઈ છે. તમને જણાવી દઈએ કે બેન્કની એસેટ ક્વોલિટી સુધરી છે અને સપ્ટેમ્બર ક્વાર્ટરના અંતે ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPA) સુધરીને ગ્રોસ ડેટના 3.95 ટકા થઈ ગઈ છે, જ્યારે એક વર્ષ પહેલા તે 5.26 ટકા હતી. એ જ રીતે, નેટ એનપીએ એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં 1.04 ટકાની સરખામણીએ ઘટીને 0.85 ટકા થઈ છે. બેંકનો મૂડી પર્યાપ્તતા ગુણોત્તર (CAR) સપ્ટેમ્બર 2023ના અંતે 14.53 ટકાથી વધીને 14.99 ટકા થયો છે. જમ્મુ અને કાશ્મીર એટલે કે J&K બેંકના શેરની વાત કરીએ તો શુક્રવારે તેની ભારે માંગ હતી. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શેર 4.10% વધીને રૂ.97.70 પર બંધ થયો હતો. એક દિવસ પહેલા બેંકનો શેર રૂ. 93.85 પર હતો, જે ટ્રેડિંગ દરમિયાન રૂ. 99.80 પર પહોંચ્યો હતો. 9 ફેબ્રુઆરી, 2024 ના રોજ, શેર રૂ. 152.45 પર ગયો. આ શેરની 52 સપ્તાહની ઊંચી સપાટી છે.

### વર્ષ 2024-25 માટે ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ લંબાવી

મુંબઈ | દિવાળી પહેલા ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરનારા લોકો માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT)એ કોર્પોરેટ માટે એસેસમેન્ટ વર્ષ 2024-25 માટે ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ લંબાવી દીધી છે. નાણા મંત્રાલયે કહ્યું કે કોર્પોરેટના લોકો પાસે હવે 15 નવેમ્બર, 2024 સુધીનો સમય છે, આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા જે 31 ઓક્ટોબર, 2024ની હતી, તેને હવે લંબાવવામાં આવી છે. ત્યારે જાણો આનાથી શું ફાયદો થશે અને તેના વિશે નિયમ શું કહે છે? સરકારે કહ્યું છે કે આ તારીખ લંબાવવાનો નિર્ણય આવકવેરા અધિનિયમ, 1961ની કલમ 139ની પેટા-કલમ (1) હેઠળ આવરી લેવામાં આવેલા કરદાતાઓને લાગુ પડે છે. નોંધનીય છે કે, સરકારે ટેક્સ ઓડિટ રિપોર્ટ સબમિટ કરવાની સમયમર્યાદા 30 સપ્ટેમ્બર, 2024ના પ્રારંભિક સમયગાળાથી 7 ઓક્ટોબર, 2024 સુધી લંબાવી હતી તે પછી આ તારીખ ફરી લંબાવવામાં આવી છે. તમને જણાવી દઈએ કે આવકવેરા કાયદા હેઠળ, કેટલાક કરદાતાઓએ આવકવેરા ઓડિટમાંથી પસાર થવું પડશે અને એસેસમેન્ટ વર્ષની 30મી સપ્ટેમ્બર સુધીમાં રિપોર્ટ સબમિટ કરવો પડશે.

### આવનારા સપ્તાહમાં નબળું મોમેન્ટમ જારી રહેશે

મુંબઈ | વાચક મિત્રોને દિવાળીની શુભકામનાઓ, આ વખતની ત્રિમાસિક પરિણામોની સીઝનમાં એકાદબેને બાદ કરતા મોટેભાગે બધી જ લાર્જકેપ કંપનીઓના પરિણામો નબળા અથવા ફ્લેટ આવતા ચોતરફ વેચવાલીનો માહોલ સર્જાયો હતો, એમાં પણ ફેરેન ફંડોની અવિરત વેચવાલી પડતા પર પાટુ સમાન સાબિત થયું હતું ઓક્ટોબર મહિના નો વેચાણનો આંકડો એક લાખ કરોડને પાર કરી ગયો છે, નિફ્ટી 50, સેન્સેક્સ એ એના અગત્યના બધાજ સ્તરો તોડીને એક નબળા ઝોનમાં દાખલ થયા છે, નિફ્ટી તથા સેન્સેક્સ એના ઓલ ટાઈમ હાઈ થી આશરે આઠ ટકાનો કડાકો બોલાયો છે, આ પેહલા તાજેતરમાં થયેલા એટલે કે કોરોના બાદ થયેલા કડાકાઓ સપ્ટેમ્બર-ઓક્ટોબર 2023માં આશરે પોણા સાત ટકાનો કડાકો નોંધાયો હતો એ સિવાય ડિસેમ્બર 2022 થી માર્ચ 2023 સુધીમાં આશરે દસ ટકાનો કડાકો બોલયો હતો, ત્યારબાદનો આ સૌથી મોટો કડાકો છે જે આગળ પણ ચાલુ રહે એવી વકી છે, સપ્તાહના અંતે જેનો ભય હતો એ આખરે વાસ્તવિતમાં પરિણમ્યું હતું શનિવારના રોજ પરોઢીયે પચીસ દિવસ બાદ ઈઝરાયેલે આખરે ઈરાન પર જવાબી કાર્યવાહી કરી હતી.

# છેલ્લા એક વર્ષમાં મ્યુચ્યુઅલ ફંડોમાં એક કરોડ નવા રોકાણકારો ઉમેરાયા

(એજન્સી) નવી દિલ્હી | તા. 27

ભારતની ઈક્વિટી બજારમાં સતત મજબૂતાઈને પરિણામે છેલ્લા એક વર્ષમાં મ્યુચ્યુઅલ ફન્ડસમાં એક કરોડ નવા રોકાણકારો ઉમેરાયા છે. નવા ઈક્વિટી ફન્ડને કારણે પણ રોકાણકારોની સંખ્યામાં વધારો થયો છે. રોકાણકારોની કુલ સંખ્યા વધી ૫.૦૧ કરોડ પહોંચી ગઈ છે. રોકાણકાર દ્વારા પૂરા પડાતા પરમેનન્ટ એકાઉન્ટ નંબર્સ (પાન)ને આધારે તેઓ નવા રોકાણકાર છે કે કેમ તે જાણી શકાય છે, એમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ



ફન્ડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના સુત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૩ના ઓકટોબરના અંતે રોકાણકારોની સંખ્યા ૪.૦૯ કરોડ હતી તે ૨૦૨૪ના સપ્ટેમ્બરના અંતે વધી ૫.૦૧ કરોડ પર પહોંચી ગઈ છે. ઓગસ્ટ ૨૦૨૩ના અંતે આ આંક ૩.૯૮ કરોડ હતો. ઓકટોબર ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન મ્યુચ્યુઅલ ફન્ડોના રોકાણકારોની સંખ્યામાં ૪૪ લાખનો ઉમેરો થયો હતો. મ્યુચ્યુઅલ ફન્ડોમાં રોકાણકારોની સંખ્યામાં વધારો દેશના રિટેલ રોકાણકારો ફન્ડો મારફત ઈક્વિટીસમાં રોકાણ કરવાનું પસંદ કરી રહ્યા હોવાનું સૂચવે છે. જો કે ઓકટોબરમાં ભારતીય શેરબજારમાં બોલાઈ ગયેલા કડાકાને ધ્યાનમાં રાખતા આવનારા દિવસોમાં ફન્ડસ મારફતના રોકાણમાંથી રિટેલ રોકાણકારોની પીછેહઠ જોવા મળી શકે છે. જેને પગલે ફન્ડો પર રિડમ્પશનનું દબાણ જોવા મળવાની પણ શકયતા નકારાતી નથી, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે સપ્ટેમ્બરમાં ફન્ડ હાઉસોની ઈક્વિટી સ્કીમમાં કુલ રૂપિયા ૩૪૪૧૯ કરોડનો નેટ ઈન્ફલોસ જોવા મળ્યો હતો. મ્યુચ્યુઅલ ફન્ડ ઉદ્યોગની એસેટ અન્ડર મેનેજમેન્ટ પણ વધી રૂપિયા ૬૮ ટ્રિલિયન પહોંચી ગઈ હતી. સપ્ટેમ્બરમાં સતત ૪૩માં મહિને ઈક્વિટી મ્યુચ્યુઅલ ફન્ડસમાં નેટ ઈન્ફલોસ રહ્યો છે.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 80555 થી 78222 વચ્ચે અથડાશે

(એજન્સી) મુંબઈ | તા 27

સંવત ૨૦૮૦ની શેરોમાં ઐતિહાસિક તેજી બાદ છેલ્લા એક મહિનામાં મોટા કરેકશન સાથે વિદાય થઈ રહી છે. ઘણા શેરોમાં રોકાણકારોને રેકોર્ડ વળતર છૂટયા બાદ ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)ની શેરોમાં ઓકટોબર મહિનામાં અત્યાર સુધીમાં રૂ.૧,૦૦,૨૫૬ કરોડ જેટલી જંગી ચોખ્ખી વેચવાલીના પરિણામે આવેલા કરેકશને મોટું ધોવાણ નોતર્યું છે.રોકાણકારોની સંપતિમાં ૨૫ દિવસમાં જ રૂ.૩૪.૩૭ લાખ કરોડનું ધોવાણ થયું છે. વિદેશી ફંડોની વેચવાલી સામે લોકલ ફંડોની ખરીદી પર્યાપ્ત નહીં રહી બજારની પડતીને અટકાવી શકી નથી. ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા વળતાં પ્રહારે મિડલ ઈસ્ટમાં ફરી ટેન્શન અને કોર્પોરેટ પરિણામો ફન્ટલાઈન કંપનીઓના નબળા આવી રહ્યા હોવા સાથે બેંકોમાં એસેટ ગુણવતા મામલે ચિંતાને લઈ સપ્તાહના અંતે આવેલા કડાકામાં શેરોના ભાવોમાં ઘટાડાએ દિવાળી ટાંકણે રોકાણકારોના ચોપડે વળતરમાં ઘટાડાની નિરાશાજનક સ્થિતિ સર્જી છે. શેરોમાં હાલ તુરત ડિફેન્સિવ બનવું અને સિલેક્ટેડ રહેવું જરૂરી છે. વિદેશી ફંડોની અવિરત વેચવાલી અટકે નહીં ત્યાં સુધી બજારમાં સાવચેત રહેવું આવશ્યક છે.

# મુહૂર્ત ટ્રેડિંગ માટે ભલામણ કરાયેલા શેરો પૈકી 75%એ સેન્સેક્સ કરતા ઓછું

(એજન્સી) મુંબઈ | તા 27

સંવત 2080ના મુહૂર્ત ટ્રેડિંગમાં આવી રીતે જે શેર ખરીદવાની ભલામણ કરવામાં આવી હતી તે શેરોએ સરેરાશ 6 ટકા વળતર આપ્યું છે જે એક વર્ષમાં સેન્સેક્સ અને નિફ્ટીએ આપેલા વળતરની તુલનાએ ઘણું ઓછું છે. આવા જે કુલ 12 શેરની ભલામણ કરવામાં આવી હતી તેમાંથી માત્ર 3 શેરોએ સેન્સેક્સ અને નિફ્ટીના વળતર કરતાં વધુ સારું વળતર આપ્યું છે, જ્યારે આ 12 પૈકી કોઈ પણ મિડ કેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સના વળતર કરતાં વધુ વળતર આપી શક્યા નથી. આ માટે કરવામાં આવેલા એક અભ્યાસમાં 11 બ્રોકરજ કંપનીઓ દ્વારા જે 83 શેરન ભલામણ કરવામાં આવી હતી તે પૈકી 12 શેરને ગણતરીમાં લેવામાં આવ્યા હતા કારણ કે આ શેરો માટે એકથી વધુ બ્રોકરેજ કંપનીઓએ ભલામણ કરી હતી. આ 12 શેરો પૈકી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેંક અને ગોદરેજ કન્ઝયુમર પ્રોડક્ટ્સએ 27 ટકાથી 36 ટકા જેટલું વળતર આપી મુખ્ય બે બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરતાં વધુ સારું વળતર આપ્યું હતું. આમાં 36 ટકા વળતર સાથે એસબીઆઈ સૌથી મોખરે રહી છે. ગયા વર્ષે 12મી નવેમ્બરના રોજ મુહૂર્ત ટ્રેડિંગ યોજાયું હતું જે પછી અત્યાર સુધીમાં સેન્સેક્સ 23 ટકા જેટલો વધ્યો છે, જ્યારે નિફ્ટીમાં 25 ટકાનો વધારો નોંધાયો છે. આની તુલનાએ બીએસઈ મિડ કેપ ઈન્ડેક્સે 41 ટકા અને બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સે આ સમયગાળામાં 39 ટકા વળતર આપ્યું છે. અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવેલા 12 ભલામણ કરાયેલા શેર પૈકી દાલમિયા સિમેન્ટ, ઝી એન્ટરટેઈનમેન્ટ અને સ્પંદના સ્ફુર્થિ ફાયનાન્સિયલે તો એક વર્ષમાં 11થી 54 ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

# સોનું ઉછળીને રૂ.81,600ની નવી વિક્રમી સપાટીએ

(એજન્સી) મુંબઈ | તા 27

વિશ્વબજારમાં ભાવ ફરી ઉછળતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરીબજારોમાં આજે દિવાળીના તહેવારો શરૂ થાય એ પૂર્વે બજાર ભાવ ફરી ઉછળતા જોવા મળ્યા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં સોનાના ભાવ આજે ૧૦ ગ્રામના ઝડપી રૂ.૧૧૦૦ વધી ગયા હતા તથા ઉંચામાં ભાવ રૂ.૮૧૬૦૦ બોલાતાં નવી ટોચ દેખાઈ હતી. આ પૂર્વે અમદાવાદમાં બુધવારે ભાવ ઉંચામાં રૂ.૮૧૫૦૦ની ટોચે પહોંચ્યા હતા તથા આજે બજારે આ ટોચ કુદાવતાં નવી ઉંચી ટોચ દેખાઈ હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ બજારમાં સોનાના ભાવ આજે ઉછળી ૯૯.૫૦ના રૂ.૮૧૪૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૧૬૦૦ બોલાયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના ઝડપી રૂ.૧૫૦૦ ઉછળી રૂ.૯૭૦૦૦ને આંબી ગયા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૭૨૮થી ૨૭૨૯ વાળા વધી ઉંચામાં ભાવ ૨૭૪૭થી ૨૭૪૮



થયા પછી છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૨૭૪૭ રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૩.૪૬થી ૩૩.૪૭ વાળા ઉંચામાં ૩૪.૦૧થી ૩૪.૦૨ થઈ છેલ્લે ભાવ ૩૩.૭૧થી ૩૩.૭૨ ડોલર રહ્યા હતા. ઈરાન તથા ઈઝરાયલ વચ્ચે ફરી તંગદીલી શરૂ થતાં વૈશ્વિક સોનામાં ઘટાડે ફંડો ફરી દાખલ થયાની ચર્ચા હતી. ઈરાન- ઈઝરાયલ વચ્ચે તંગદીલી વચ્ચે વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચકાતાં તેની અસર સોનાના વૈશ્વિક ભાવ પર પણ જોવા મળી હતી. વિશ્વબજારમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૭૫.૦૭ વાળા ઉંચામાં ૭૬.૧૪ થઈ છેલ્લે ભાવ ૭૬.૦૫ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૦.૮૫ વાળા ઉંચામાં ૭૧.૯૨ થઈ છેલ્લે ભાવ ૭૧.૭૮ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ૧૦૪.૦૭ વાળો ઉંચામાં રૂ.૧૦૪.૩૪ થઈ ૧૦૪.૩૨ રહ્યાના સમાચાર વચ્ચે મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૪.૦૮ વાળા રૂ.૮૪.૧૩ બોલાતા થયા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે સપ્તાહના અંતે ૦.૪૪ ટકા પ્લસમાં રહ્યા હતા. મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહીહતી.

# BSNL: બીજી કંપનીઓએ ખિસ્સા ખાલી કરાવ્યા, આને 2 મહિનામાં દેખાડી દીધો જાદુ

(એજન્સી) મુંબઈ | તા 27

સામાન્ય રીતે પછાત ગણાતી દેશની સરકારી ટેલિકોમ કંપની BSNL છેલ્લા કેટલાક મહિનામાં ઝડપથી આગળ વધી રહી છે. ખાનગી ટેલિકોમ કંપનીઓ દ્વારા ટેરિફમાં તાજેતરમાં કરાયેલા વધારા બાદ ઘણા ગ્રાહકો સરકારી કંપનીઓ તરફ વળ્યા છે. TRAI દ્વારા જારી કરાયેલા લેટેસ્ટ ડેટા અનુસાર, છેલ્લા બે મહિનામાં BSNLના યુઝર્સમાં જોરદાર વધારો થયો છે, જેનું કારણ સસ્તા ટેરિફ પ્લાન અને વિશેષ સેવાઓ છે. ઓછા ટેરિફ પાછળનું એક કારણ એ છે કે કંપનીએ હજુ સુધી સત્તાવાર રીતે હાઈ-સ્પીડ 4G લોન્ચ કર્યું નથી, જ્યારે Jio અને Airtel જેવા ખાનગી ઓપરેટરોએ તેમના મોટાભાગના ગ્રાહકોને 5G પર ટ્રાન્સફર કર્યા છે. Voda Idea એકમાત્ર ખાનગી કંપની છે જે હજુ પણ 4G પર કામ કરી રહી છે, જોકે તાજેતરમાં ભંડોળ એકત્ર કર્યા પછી, તે પણ 5G પર જવાની તૈયારી કરી રહી છે. જુલાઈમાં, BSNLએ લગભગ 30 લાખ નવા ગ્રાહકો ઉમેર્યા, જ્યારે રિલાયન્સ જિયો, ભારતી એરટેલ અને વોડાફોન આઈડિયા સહિત અન્ય તમામ કંપનીઓએ વપરાશકર્તાઓ ગુમાવ્યા. એરટેલે 17 લાખ યુઝર્સ ગુમાવ્યા છે, વોડા આઈડિયાએ 14 લાખ યુઝર્સ ગુમાવ્યા છે અને જિયોએ લગભગ 8 લાખ યુઝર્સ ગુમાવ્યા છે. જ્યારે ઓગસ્ટમાં પણ BSNL એકમાત્ર એવી કંપની હતી જેના ગ્રાહકોમાં વધારો થયો હતો, જ્યારે અન્ય તમામના ગ્રાહકોમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ મહિને BSNLએ 25 લાખ નવા ગ્રાહકો ઉમેર્યા, જ્યારે Jioએ 40 લાખ, એરટેલે 24 લાખ અને વોડા આઈડિયાએ 19 લાખ ગ્રાહકો ગુમાવ્યા.

# ઘઉંની આયાત ડયૂટી ઘટાડવા સરકાર હાલમાં કોઈ દરખાસ્ત ધરાવતી નથી



મુંબઈ | તા. 27

ઘરઆંગણે ટ્રેડરો પાસે પૂરતો સ્ટોકસ જમા પડયો છે અને ફુગાવો એક અંકમાં છે ત્યારે ઘઉંની આયાત ડયૂટી ઘટાડવાની કોઈ દરખાસ્ત નહીં હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. આ ઉપરાંત સરકાર પોતાના સ્ટોકસમાંથી ખુલ્લા બજારમાં ઘઉં વેચવાની પણ હાલમાં કોઈ યોજના ધરાવતી નથી. ઊંચા ભાવને ધ્યાનમાં રાખી ગયા નાણાં વર્ષમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)એ એક કરોડ ટન ઘઉંનું વેચાણ કર્યું હતું. હાલમાં ઘરઆંગણે ઘઉનો આવશ્યકતા પ્રમાણે પૂરવઠો થઈ રહ્યો છે અને ભાવ પણ નિયંત્રણ હેઠળ છે માટે ડયૂટી ઘટાડી આયાત વધારવાની આવશ્યકતા નથી. એફસીઆઈ પાસે હાલમાં ૨.૨૯ કરોડ ટન ઘઉંનો સ્ટોક પડયો છે જ્યારે ટ્રેડરો તથા સ્ટોકિસ્ટો પાસે ૯૦ લાખ ટન માલ જમા છે. ઘઉં પર હાલમાં ચાલીસ ટકા ઈમ્પોર્ટ ડયૂટી લાગુ છે. દેશમાં ઘઉંની ઉપલબ્ધતા વધારવા મે ૨૦૨૨થી ઘઉંની નિકાસ પર નિયમન મૂકવામાં આવ્યા છે. સપ્ટેમ્બરમાં ઘઉંનો ફુગાવો ૬.૭૦ ટકા રહ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે દેશમાં ચોખાના વિપુલ ઉત્પાદનને ધ્યાનમાં રાખી સરકારે ચોખાની નિકાસ અંગેના વિવિધ નિયમનો હાલમાં હળવા કર્યા છે.

# નાદાર કંપનીને ખરીદવા અદાણી આવ્યા સામે, રેસમાં આટલા મોટા માથા

(એજન્સી) નવી દિલ્હી | તા. 25

એક પાવર કંપનીને ખરીદવા માટે જ્યાં ઓછા ખરીદનાર હતા ત્યાં હવે અદાણી જૂથ પણ આ રેસમાં આવતાની સાથે બીજા દિગ્ગજો તૈયાર થયા છે. નાદાર થયેલી આ કંપનીને ખરીદવા માટે અદાણી ગૃપે 12,500 કરોડ રૂપિયાની બોલીની રજૂઆત કરી છે. આમ છતાં બોલી કરનારની સંખ્યામાં દેખીતો વધારો જોવા મળી રહ્યા છે. છેલ્લી બોલીની સંખ્યા શરૂઆતના આંકડાઓથી વધુ હોઈ શકે છે. કપરી સમસ્યામાં મૂકાયેલી કંપની કેએસકે મહાનદી પાવર છે, તેને ખરીદવા માટે બિડર્સની સંખ્યામાં વધારો થયો છે, જેના કારણે આ નાદાર કંપનીની કમિટી ઓફ ક્રેડિટર્સ સંપૂર્ણ રિકવરી માટે આશાવાદી છે. જો આવું થાય, તો તે એક મોટી સફળતા હશે, જે કદાચ ક્યારેય ન થયું હોય. મળતી માહિતી અનુસાર, ગૌતમ અદાણીની સૌથી વધુ બિડ આગામી હરીફ કરતાં 62 ટકા વધુ છે. અદાણીની રૂપિયા 12500 કરોડની બિડથી કેએસકે મહાનદીમાં ખરીદદારોનો રસ વધ્યો છે. તાજેતરના વિકાસમાં, NTPC સહિત 10 શરૂઆતના ગાળાના બિડર્સમાંથી છ જણાએ અદાણી સાથે જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેના કારણે આ કંપનીને ખરીદવાની રેસ તેજ થઈ ગઈ છે. આ કારણે તેની સંપત્તિની કિંમતમાં પણ વધારો થઈ ગયો છે.

# મોર્ગન ઈન્ડેક્સમાં ભારતીય બોન્ડના સમાવેશ પછી રોકાણ પ્રવાહમાં વધારો

મુંબઈ | તા. 27

ગત ૨૮મી જૂને જેપી મોર્ગન ઈન્ડેક્સમાં ભારતીય સરકારી બોન્ડનો સમાવેશ કરવામાં આવ્યો ત્યારથી, ફુલ એક્સેસેબલ રૂટ (FAR) હેઠળની સરકારી સિક્યોરિટીઝને લગભગ રૂ. ૬૦,૦૦૦ કરોડનો ચોખ્ખો પ્રવાહ મળ્યો છે. એફએઆર સિક્યોરિટીઝમાં રોકાણ ૧૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ રૂ. ૧ લાખ કરોડને પાર કરી ગયું હતું. સપ્ટેમ્બર ૨૦૨૩માં, જેપી મોર્ગને જાહેરાત કરી હતી કે તે તેના GBI-EMમાં એફએઆર હેઠળ રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા સરકારી કાગળોનો સમાવેશ કરશે.

ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ઓક્ટોબરમાં અત્યાર સુધીમાં રૂ. ૫,૦૦૦ કરોડની એફએઆર સિક્યોરિટીઝ વેચી છે. બજારના સુત્રોનું કહેવું છે કે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને ભૌગોલિક રાજકીય તણાવને કારણે વિદેશી રોકાણકારોએ આ વેચાણ કર્યું છે.



અમેરિકાની ચૂંટણીઓ અને ચીન દ્વારા ઉત્તેજનાના પગલાં અને તેના શેરબજારોમાં અનુગામી તેજીથી મૂડી પ્રવાહ પર દબાણ આવ્યું છે. ભૌગોલિક રાજકીય તણાવને કારણે, વિદેશી રોકાણકારો ડેટ અને ઈક્વિટી બંનેમાં વેચાણ કરી રહ્યા છે. એફએઆર હેઠળ, ૩૮ બોન્ડમાંથી માત્ર ૨૭ જ જેપી મોર્ગન બોન્ડ ઈન્ડેક્સના પાત્રતા માપદંડને પૂર્ણ કરે છે, જેને ૧ બિલિયન ડોલરથી વધુની ફેસ વેલ્યુ અને બાકીની મેચ્યોરિટી ૨.૫ વર્ષથી વધુની જરૂર છે. આક્ટોબરમાં ભારતીય ડેટ માર્કેટમાં વિદેશી રોકાણકારોના રોકાણમાં ફેરફાર જોવા મળ્યો હતો, જેમાં એપ્રિલ પછી પ્રથમ વખત ચોખ્ખો આઉટફ્લો જોવા મળ્યો હતો.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, આસો વદ-12**

# રાજકીય પૂર્વગ્રહોનો શિકાર બનતા ઉદ્યમીઓ

ભારત અભૂતપૂર્વ ઔદ્યોગિક કાયાપલટના દોરમાંથી પસાર થઈ રહ્યું છે. પરિવર્તનનો આ વાયરો દેશના આર્થિક વિકાસ અને સામાજિક લોકાચારને પરિભાષિત કરશે. લગભગ ૨૪.૭ લાખ ઉદ્યમીઓના આ વિશાળ પરિવારે ૨૦૨૩માં ૮.૮ ટ્રિલિયન (લાખ કરોડ) ડોલરની વિસ્મયજનક લેવડદેવડના સ્તરને પાર કર્યું. મુંબઈ, દિલ્હી અને બેંગલુરુમાં સંઘર્ષ કરનારા મોટા વ્યવસાયોથી લઈને ગ્રામીણ ક્ષેત્રોમાં નાના પાયે ઉદ્યમો સુધી વ્યવસાય પારંપરિક પ્રતિમાનોને ફરીથી પરિભાષિત કરી રહ્યા છે અને આર્થિક સમાવેશિતાને ઉત્તેજન આપી રહ્યા છે. ઉદ્યમની આ લહેર માત્ર એક સાંખ્યિકીય ઘટના નથી, બલ્કે નવાચાર અંj મહત્ત્વાકાંક્ષાની અદમ્ય ભાવનાનું પ્રતિબિંબ છે, જે ભારતીય સમાજના દરેક વર્ગમાં વ્યાપ્ત છે. છતાં મુશ્કેલી એ છે કે જેમ જેમ આ ઉદ્યમી દેશને આગળ વધારવાનો પ્રયાસ કરે છે, તેઓ હુમલાનો સામનો કરે છે. રચનાત્મક આલોચના પ્રતિસ્પર્ધા અને નવાચારને ઉત્તેજન આપતાં જવાબદારી સુનિશ્ચિત કરે છે. તે વિકાસ માટે ઉત્પ્રેરક રૂપે કામ કરે છે. ઉદ્યમીઓને પોતાના માપદંડોને ઊંચા લઈ જવા અને મૂલ્ય પ્રદાન કરવા માટે પ્રેરિત કરે છે. ટીકાત્મક મૂલ્યાંકનથી પ્રેરિત સ્વસ્થ પ્રતિસ્પર્ધા બહેતર ઉત્પાદનો, સેવાઓ અને અંતે વધુ મજબૂત અર્થવ્યવસ્થા તરફ લઈ જઈ શકે છે. જોકે આલોચના જ્યારે સ્વસ્થ અને સારી દાનતથી ન કરવામાં આવે તો માત્ર નકારાત્મકતાને વધારે છે. આપણા જાહેર વિમર્શમાં કોઈ વર્ગો દ્વારા હંમેશાં એવું થવા લાગ્યું છે. વેલ્થ ક્રિએટર્સ એટલે કે સંપદા સર્જન કરનારાઓને બિનજરૂરી રૂપે નિશાના પર લેવામાં આવી રહ્યા છે. ઉદ્યમીઓને પોતાની રાજકીય લડાઈના હાથા બનાવવામાં આવે છે. નવાચાર અને આકરી મહેનત દ્વારા મળેલ સફળતાનું જશ્ન મનાવવા માટે સામાજિક આખ્યાનને બદલવાની જરૂર આ સમયે વધારે અનુભવાઈ રહી છે. આર્થિક વિકાસને જાળવી રાખવા માટે ઉદ્યમશીલતાના પ્રયાસોનં સમર્થન કરનારી સંસ્કૃતિને અપનાવવી મહત્ત્વપૂર્ણ છે. આપણા અભ્યાસક્રમમાં વ્યાપક ઉદ્યમિતા શિક્ષણની ગેરહાજરીને કારણે કટલાય લોકો વ્યાવસાયિક સાહસોના પડકારો અને યોગદાનોને સંપૂર્ણ રીતે સમજી નથી શકતા. એક ઉદ્યમી કેટલાય મુશ્કેલ પડાવોને પાર કરીને સફળતાના ગંતવ્ય સુધી પહોંચે છે. યુવા ઉદ્યમીઓનું જ ઉદાહરણ લઈએ તો ક્યારેક ક્યારેક યોગ્યતાના આધાર પર મૂલ્યાંકન કરવાને બદલે તેમની ઉંમરના કારણે તેમને નકારી દેવામાં આવે છે. એ જ રીતે, ધાર્મિક અને સાંસ્કૃતિક પૂર્વગ્રહ વિશિષ્ટ પૃષ્ઠભૂમિને કારણે પણ ઉદ્યમીઓને ભેદભાવ સહન કરવો પડી શકે છે. જ્યારે લૈંગિક પૂર્વગ્રહ મહિલા ઉદ્યમીઓ માટે એક અડચણ બનેલી છે, જેમને પોતાના માટે સ્થાન બનાવવામાં વધારે પરિશ્રમ કરવો પડે છે.

# અલગ અને ઈનોવેટિવ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમની માગ ભવિષ્યમાં વધતી રહેવાની છે અને એ માટે આપણે સૌએ તૈયાર રહેવાનું છેઃ કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટર

## ગાંધીનગરમાં યુએમઆઈ-2024 કોન્ફરન્સના સમાપન સમારંભમાં વિવિધ કેટેગરીમાં એનાયત એવોર્ડ્સમાં, 2 એવોર્ડ્સ ગાંધીનગર અને સુરતના ફાળે





(એજન્સી) ગાંધીનગર । તા. 27

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત યુએમઆઈ-2024 કોન્ફરન્સનો સમાપન સમારંભ યોજાયો. જેમાં કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટર, કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી તોખન સાહુ, શ્રી કનુ દેસાઈ, નાણામંત્રી, ગુજરાત સરકાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસીય યુએમઆઈ-2025 કોન્ફરન્સમાં પ્રધાનમંત્રીના વિઝન વિકસિત ભારત@2047ને અનુરૂપ અર્બન ટ્રાન્સપોર્ટના પડકારો તથા ઉપાયો વિશે ઉંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આજના સમાપન સમારંભમાં વિવિધ કેટેગરીમાં વિજેતાઓને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં મીરાબેન પટેલ, મેયર, ગાંધીનગરે બેસ્ટ સેફ્ટી એન્ડ સિક્યુરિટી સિસ્ટમ માટે ગાંધીનગરને પ્રાપ્ત એવોર્ડ સ્વીકાર્યો હતો, જ્યારે દક્ષેશ મવાણી, મેયર, સુરતે બેસ્ટ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે સુરતને પ્રાપ્ત એવોર્ડ સ્વીકાર્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી મનોહરલાલ ખટ્ટરે કહ્ હતું કે યુએમઆઈ-2024ના સમાપન સમારંભમાં ઉપસ્થિત રહેવું મારા માટે ગૌરવપૂર્ણ છે. હું આ તકે અર્બન ટ્રાન્સપોર્ટ સોલ્યુશન્સ માટેના ઉપાયો માટે કાર્યરત અહીં તમામ લોકોનો આભાર માનું છું. ભારત સરકાર અર્બન મોબિલિટી માટે ખૂબ પ્રયાસો કરી રહી છે. અટલ મિશન જેવા કાર્યક્રમો આ માટે ઉપયોગી થઈ રહ્યા છીએ. ઈલેક્ટ્રીકલ વાહનો અને હાઈબ્રિડ વાહનો ઉપરાંત મેટ્રો રેલ સિસ્ટમમાં મોટાપાયે ભારત સરકાર દ્વારા રોકાણ કરવામાં આવી રહ્યું છે. 1 કરોડ લોકો દૈનિક મેટ્રોમાં મુસાફરી કરે છે. આજે ભારતનું મેટ્રો નેટવર્ક યુએસ અને ચાઈના પછી આજે વિશ્વમાં ત્રીજા ક્રમે છે.

શ્રી ખટ્ટરે કહ્યું હતું કે આમ છતાં અલગ અને ઈનોવેટિવ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમની માગ ભવિષ્યમાં વધતી રહેવાની છે અને એ માટે આપણે સૌએ તૈયાર રહેવાનું છે. આ સમાપન સમારંભમાં તેમણે તમામ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટેની અહીં ઊંડી વિચારણા અને ચર્ચા કરવામાં આવી છે જે ભવિષ્યમાં ઉપયોગી નીવડશે. શ્રી ખટ્ટરે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલા યુએમઆઈ-2024 એક્ઝિબિશનની મુલાકાત પણ લીધી હતી. આ સમાપન સમારંભમાં કેન્દ્રીય આવાસ અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી તોખન સાહુએ જણાવ્યું હતું કે પ્રસંગે છેલ્લા 3 દિવસથી કાર્યક્રમ યોજાયો અને વિવિધ ચર્ચાઓ યોજાઈ, જેનાથી ભારતની શહેરી ગતિશીલતાને પ્રોત્સાહન મળશે. તેમણે કહ્યું હતું કે મોબિલિટીને સંબંધિત મહત્વના મુદ્દાઓની ઓળખ આપવા યુએમઆઈએ સન્માનીય મંચ પ્રદાન કર્યા છે. શ્રી સાહુએ જણાવ્યું હતું કે શહેરોને આર્થિક વિકાસના એન્જિન તરીકે જોવામાં આવે છે. આથી શહેરોએ મહત્વની ભૂમિકા ભજવવી પડશે. મેટ્રોમાં દૈનિક મુસાફરોની સંખ્યા 1 કરોડથી વધુ છે. મેટ્રોથી રોજગારીના વિવિધ વિકલ્પો પણ ઉપલબ્ધ થઈ રહ્યા છે. ગતિશીલતા વધારવા, ઈ-બસ સેવા વગેરેને પ્રોત્સાહન મળશે. પ્રધાનમંત્રીના નેતૃત્વમાં ભારતે વિકાસની નવી ઊંચાઈઓ જોઈ. અગાઉ સિંગલ લેન રસ્તા માટે ઘણો સમય રાહ જોવી પડતી, આજે 2 લેન, 4 લેન, 6 લેન, હાઈવેઝ વગેરે નિર્માણ પામી રહ્યા છે, જે પ્રધાનમંત્રીના વિઝનને સાકાર કરે છે. યુએમઆઈ-2025 કોન્ફરન્સના સમાપન સમારંભમાં એવોર્ડ્સ વિતરણ સાથે કેન્દ્રીય મંત્રી શ્રી ખટ્ટરે વર્ષ 2025માં યોજાનાર યુએમઆઈ કોન્ફરન્સનું ઓફિશિયલ લોન્ચિંગ કર્યુ હતું. યુએમઆઈ-2025 કોન્ફરન્સનું આયોજન હરિયાણાના ગુડગાંવમાં 22-24 ઓક્ટોબર, 2025 દરમિયાન થવાનું છે.

### એવોર્ડ્સ વિજેતાઓ

- કોચીને મોસ્ટ સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે
- ભુવનેશ્વરને બેસ્ટ સિટી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે
- શ્રીનગરને નોન-મોટરાઈઝ્ડ ટ્રાન્સપોર્ટ એવોર્ડ
- ગાંધીનગરને બેસ્ટ સેફ્ટી એન્ડ સિક્યુરિટી સિસ્ટમ માટે ગાંધીનગરને
- સુરતને બેસ્ટ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ માટે
- જમ્મુ શહેરને મોસ્ટ ઈનોવેટિવ ફાઈનાન્સિયલ મિકેનીઝમ માટે
- બેંગલુરુને રામચંદ્ર આર. બેંગલોર મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (બેસ્ટ રેકોર્ડ ઓફ પબ્લિક ઈન્વોલ્વમેન્ટ ઈન ટ્રાન્સપોર્ટ માટે
- બેંગલુરુને મેટ્રો રેલ વિથ બેસ્ટ મલ્ટીમોડેલ ઈન્ટિગ્રેશન એવોર્ડ
- મુંબઈને મેટ્રો રેલ વિથ બેસ્ટ પેસેન્જર સર્વિસ એન્ડ સેટિસફેક્શન એવોર્ડ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. અને જીઆઈઝેડને એનાયત થયો હતો.

# ડાંગ સાયબર ક્રાઈમ પોલીસની સફળતા : એક લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર ગેંગના બે સભ્યો ઝડપાયા

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાની સાયબર ક્રાઈમ પોલીસે એક મોટી સફળતા હાંસલ કરી છે. એક લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર એક ગેંગના બે સભ્યોને કચ્છ-ભૂજથી ઝડપી લેવામાં આવ્યા છે. આરોપીઓ પાસેથી 81,500 રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે.અને બે ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.ડાંગ જિલ્લામાં ગત તા. 20/06/2024ના રોજ આહવા પોલીસ સ્ટેશનમાં એક ફરિયાદ નોંધાઈ હતી.જેમાં ફેસબુક પર એક ખોટી આઈ.ડી. બનાવી એક લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.જે બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.ત્યારે પોલીસે આરોપીઓને શોધવા પોતાના ચક્રો ગતિમાન કર્યા હતા.

સાયબર ક્રાઈમ પોલીસે તપાસ દરમિયાન તકનીકી સર્વેલન્સના આધારે આરોપીઓને ભૂજ અને જાયનગરમાં હોવાનું જાણવા મળ્યું હતું.જે બાદ કચ્છ એલસીબીની મદદથી આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.પોલીસે રમજાન



સાલેમામદ સોઢા (ઉ.વ.૩૨, રહે. અમનનગર રહીમનગર ખારી નદી રોડ ભૂજ-કચ્છ) અને આસીફ ઉમર લંગા (ઉ.વ ૨૨, રહે. અમનનગર રહીમનગર ખારી નદીરોડ ભૂજ-કચ્છ) ની અટકાયત કરી હતી.ત્યારે આરોપીઓની પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે, રમજાન સાલેમામદ સોઢા એ વોન્ટેડ આરોપી ફૈજલ કાસમ લંગાએ ફેસબુક ઉપર દેવા આહીર નામે ખોટી આઈ-ડી બનાવી ભોગ બનનારને ત્રણ ગણા પૈસા આપવાની લાલચ આપેલ અને ભોગ બનનાર ને ઓનલાઈન એક લાખ રૂપિયા પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવેલ હતા.આ ગુનામાં તેઓનું બેન્ક એકાઉન્ટ ઉપયોગમાં આપેલ હતું. તેમજ રૂપિયા એક લાખમાંથી તેણે ચાલીસ હજાર વોન્ટેડ આરોપી ફૈઝલના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ છે તથા પચાંસ હજાર રૂપિયા અન્ય વોન્ટેડ આરોપી સીકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢાને વિડ્રો કરી રોકડા આપેલ હતા. તેમજ આ બંને આરોપીના સાગરીતો સિકંદર ઉર્ફે સીકલો જુસબ સોઢા (રહે.ભુજ) અને ફૈઝલ કાસમ લંગા ( રહે.ભાણવડ જી.જામનગર) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા.ત્યારે પોલીસે હાલ વોન્ટેડ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.તેમજ આરોપીઓ પાસેથી 81,500 રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે..

# ઈકો ઝોન આવકારદાયક છે પણ તેનો અમલ કરવા સરકાર બિન આધારભૂત કારણો અને બહાના આગળ ધરે છે એ હાસ્યાસ્પદઃ નિવૃત્ત જજ

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ઈકો ઝોન મુદ્દે સર્વોચ્ચ અદાલતનું બહાનું આગળ ધરતા નારાજગી સુપ્રીમ કોર્ટે તો સિંહોનું અન્યત્ર સ્થળાંતર કરવાનું પણ કહ્યું હતું સરકાર દ્વારા ઈકો ઝોનનો વિરોધ શાંત પાડવા સુપ્રીમ કોર્ટનો આદેશ હોવાના બહાના આગળ ધરવામાં આવી રહ્યા છે. આ મુદ્દે નિવૃત્ત એડિશનલ જજ દ્વારા સરકાર અને વન વિભાગની આકરી ટીકા કરવામાં આવી છે. કે સરકાર સુપ્રીમ કોર્ટને આગળ ન ધરે, કેમ કે સુપ્રીમ કોર્ટે તો અગાઉ સિંહોને અન્યત્ર સ્થળાંતરિત કરવા માટેનો પણ હુકમ કર્યો હતો. તો તેનું શા માટે પાલન ન કર્યું તેવા સવાર્લો ઉઠાવ્યા છે. ગીરના ૧૯૬ ગામડાઓમાં ઈકો સેન્સિટીવ ઝોન લાગુ કરવાના નિર્ણયથી ખૂબ મોટો રોષ ફાટી નીકળ્યો છે. આ રોષને શાંત પાડવા માટે વનવિભાગ અને સરકાર અનેક મથામણ કરે છે. ભાજપના આગેવાનો અને સરકારના અમુક અધિકારીઓ ઈકો ઝોન લાગુ કરવા મુદ્દે સુપ્રીમ કોર્ટને આગળ ધરી રહ્યા છે.

# રાજુલા આર.એફ.ઓ. અને કોમ્પ્યુટર ઓપરેટર બે લાખની લાંચ લેતા ગીર સોમનાથ એસીબીના છટકામાં ફસાઈ ગયા

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

અગાઉ દસ લાખની માંગણી કરી હતી કોન્ટ્રાક્ટ ની ડિપોઝિટ પેટે પાંચ લાખ છુટા કરવા માંગી હતી લાંચ આયોજનબદ્ધ ભ્રષ્ટાચાર.... શું આ એક અધિકારી એકલાની ભ્રષ્ટાચાર કરવાની તાકાત છે?? કે પછી નીચે થી ઉપર સુધી ભાગ બટાઈ કરવાની હતી...!!! આટલી મોટી રકમ ક્યારે લાંચ તરીકે માંગવા માં આવે, જ્યારે કામ મોટું હોય અને કામ મોટું હોય તો તેની મંજૂરીઓ પણ ઉપલા સ્તરેથી આવે... એટલે આયોજનબદ્ધ ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. ઝીણવટભરી તપાસ થાય અને આ લાંચની રકમની ભાગ બટાઈમાં હિસ્સેદાર હોય તે તમામને પકડવામાં આવે એ.સી.બી ની સફળ ટ્રેપ ફરીયાદી એક જાગૃત નાગરીક આરોપી :-(૧) યોગરાજસિહ મુળુભા રાઠોડ - રેન્જ ફોરેસ્ટ ઓફિસર, રાજુલા જી.અમરેલી. (૨)વીસ્મય દિનેશભાઈ રાજ્યગુરુ, કોમ્પ્યુટર ઓપરેટર (કરાર આધારીત), રેન્જ ફોરેસ્ટ ઓફિસ રાજુલા ટ્રેપ તારીખ:-૨૬/૧૦/૨૦૨૪ લાંચની માંગણીની રકમ: રૂ.૧૦,૦૦,૦૦૦/- લાંચની સ્વીકારેલ રકમ : રૂ.૨,૦૦,૦૦૦/-લાંચની રીકવર કરેલ રકમ રૂ.૨,૦૦,૦૦૦/- ટ્રેપનુ સ્થળ :-રેન્જ ફોરેસ્ટ ઓફિસ, રાજુલા જિ.અમરેલી. ટુંક વિગત આ કામના ફરિયાદીને ફોરેસ્ટ વિભાગ,રાજુલામાં સિવિલ બાંધકામનો વાર્ષિક કોન્ટ્રાક્ટ મંજૂર થયેલ જેની ડિપોઝિટ પેટે તેઓએ રૂપિયા 5,00,000/- (પાંચ લાખ) જમા કરાવેલ હતા. આ કોન્ટ્રાક્ટ નું કામ પૂર્ણ થઈ જતા ફરિયાદીએ આરોપી નંબર (1)ને ડિપોઝિટ ની રકમ છૂટી કરવા માટે જણાવેલ. જે ડિપોઝિટ ની રકમ છૂટી કરવા તથા વાર્ષિક કોન્ટ્રાક્ટમાં જે કામ કરેલ હતું તેના કમિશનની ટકાવારી પેટે એમ બંને કામના સાથે મળી આક્ષેપિત નંબર (1) નાએ ફરિયાદી પાસે રૂપિયા 10,00,000/- (દસ લાખ)ની લાંચની માંગણી કરેલી.આ અંગે ફરિયાદીએ અગાઉ રૂપિયા 90,000/- હજાર આક્ષેપિત નંબર (1) ને આપેલા. આમ છતાં આક્ષેપિત નંબર (1) નાએ લાંચ ની રકમ ની માંગણી ચાલુ રાખતા, આ કામના ફરિયાદી લાંચ ની રકમ આપવા માંગતા ન હોય તેઓએ એસીબી નો સંપર્ક કરેલ. ફરિયાદીની આ ફરિયાદ આધારે લાંચના છટકાનું આયોજન કરવામાં આવેલ,જે લાંચના છટકા દરમિયાન આરોપી નંબર (1)નાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, આરોપી નંબર-(1) તથા નંબર (2) ના એ સાથે મળી પાસે લાંચના નાણા સ્વીકારી, રંગે હાથ પકડાઈ જઈ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા વિગેરે બાબત.

# આહવાનાં એક ગામે બદકામ કરવાનાં ઈરાદાથી 11 વર્ષીય સગીરાની છેડતી કરવામાં આવતા પોલીસ ફરિયાદ

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં એક ગામ ખાતે 11 વર્ષીય સગીરા ખુલ્લામાં હાજતે ગઈ હતી.ત્યારે કલમવિહીર ગામનાં વ્યક્તિએ આ સગીરાને પાછળથી પકડી લઈ તેણીના કપડા ફાડી નાખ્યા હતા.અને સગીરાની છેડતી કરી હતી.જે બાદ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં એક ગામની 11 વર્ષીય સગીર દીકરી વહેલી સવારે ઘરની સામે આવેલ જંગલમાં કુદરતી હાજતે ગયેલ ત્યારે તેની પાસે અચાનક ચેતન બન્યાભાઈ કુંવર(રહે. કલમવિહિર,તા.આહવા જી.ડાંગ) આવી પહોંચ્યો હતો.અને તેણીની એકલતાનો લાભ લઈ સગીરા સાથે બદકામ કરવાના ઈરાદે પકડી લઈ છાતીનાં ભાગે દબાવી કપડા ફાડી નાખી છેડતી કરી હતી.ત્યારે સગીર દીકરીએ બુમાબુમ કરતા સગીરાના પરિવારના સભ્ય અને આસપાસનાં લોકો ત્યા દોડી આવ્યા હતા.લોકોને આવતા જોઈ ચેતન બન્યાભાઈ કુંવર જંગલ તરફ નાસી છૂટયો હતો.જે બાદ સમગ્ર મામલાની જાણ સગીરાએ પોતાના પરિવારના સભ્યોને કરી હતી.ત્યારે આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.આ બનાવને લઈને આહવા પોલીસે ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ચાણસ્મા કારોડા ગામે પિતાજીની પૂર્ણતિથિ દિવાળીમાં આવતી હોઇ ગામના હરેક પરિવારને મીઠાઇ વહેંચી



નીતિન ઠાકર : ચાણસ્મા

દિવંગત પિતાજી ના પૂર્ણાર્થે શ્રદ્ધાજલી સાથે ગામને પરીવાર માની સાથે દિવાળી ની ઉજવણી કરી વતનનું ઋણ અદા કરતો બારોટ પરિવાર ચાણસ્મા તાલુકા ના કારોડા ગામ મૂળ વતની અને સુરત ખાતે ધંધાર્થે સ્થાયી થઈ કર્મભૂમિ બનાવનાર બારોટ મહેશકુમાર વિરમભાઈ અંબાલાલ ના પિતાશ્રી દિવંગત વિરમભાઈ અંબાલાલ ની પૂર્ણતિથિ દિવાળી સમયે જ આવતી હોઈ સમગ્ર કારોડા ગામ ના તમામ પરીવાર દિઠ ૧ કિલો મીઠાઈ ની વહેચણી કરી સાથે ગામ ને પરિવાર માની સાથે દિવાળી ની ઉજવણી સાથે કરવાની ભાતૃભાવના સાથે વતનનું ઋણ અદા કર્યા નો આનંદ વ્યકત કર્યો હતો મહેશભાઈ બારોટ અનેક સેવાકીય કાર્યો ની સુવાસ ફેલાવી માનવતા ની સુવાસ મહેકાવી રહ્યા છે દિવાળી સમયે પિતાજીની પૂર્ણ તિથિ અને દિવાળી ના તહેવારો સાથે આવતાં હોઈ પિતાજી ના પૂર્ણાર્થે અને દિવાળી ની ઉજવણી ના ભાગ રૂપે આખા ગામ ના તમામ પરીવારો ને પરીવાર દીઠ ૧ કિલો મીઠાઇ ની વહેચણી કરી વતન નું રૂણ અદા કર્યા નો આનંદ વ્યક્ત કર્યો હતો.

# એકાદશી કરીએ તો વ્રજ સુખ પામીએ, મારે ઠાકોરજી ને મળવું છે ધન્ય એકાદશી...

વર્ષમાં આવતી કુલ ૨૪ અગિયારસનું ધાર્મિક દ્રષ્ટિ એ વિશેષ મહત્વ હોય છે,એકાદશી નું વ્રત ઈશ્વર કૃપા વગર થતું નથી જેના પર ઠાકોરજી ની વિશેષ કૃપા હોય છે એ જ એકાદશી નું વ્રત ધારણ કરી શકે છે. પરિવાર માં પાંચ સભ્યો હોય તો પાંચેય એકાદશી નું વ્રત કરતા હશે એવું નથી વ્રત તો જેના પર ભગવાન ની કૃપા હશે એજ કરતું હશે.આસો વદ કૃષ્ણ પક્ષ માં આવતી રમા એકાદશી વ્રત કરવાથી એ અનન્ય સુખ પ્રાપ્ત થાય છે. દિવાળી પવિત્ર પર્વ ની શરૂઆત રમાં એકાદશી થી થાય છે.દેવો અને દાનવો એ અમૃત પ્રાપ્તિ માટે સમુદ્ર મંથન કર્યું ત્યારે અનેકો અનેક ચીજ વસ્તુઓ સમુદ્ર માંથી નીકળી હતી. હળાહળ ઝેર ભગવાન શિવજી એ ધારણ કર્યું હતું.સમુદ્ર માંથી લક્ષ્મીજી પ્રગટ થતા જ ભગવાન વિષ્ણુ એ એની સાથે પાણિગ્રહણ કર્યું ને વૈકુંઠ ના સ્વામીની બનાવ્યા. આ કારણો સર લક્ષ્મીજી એ સમુદ્ર પુત્રી અને વિષ્ણુ પત્ની ના નામે ઓળખાય છે.ધનારક ના દિવસો માં ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં પત્ની લક્ષ્મીજી સાથે હોય છે.ધનારક માં ભગવાન વિષ્ણુ નિંદ્રાધીન થતાં શુભ પ્રસંગો થતાં નથી. જ્યાં ભગવાન વિષ્ણુ નો વાસ ત્યાં લક્ષ્મીજી નું આગમન થતું જ હોય છે.ગોપીગીત માં ગોપીઓના મદ ના લીધે ભગવાન અદશ્ય થતાં વિરહ મા રડતા રડતા ગોપીઓ એ કૃષ્ણ ને ખૂબ શોધ્યા પણ મળીયા નહિ એટલે વૃંદાવન ની રમણ રેતી પર બેસી ને દર્દમાં વિરહ વેદના માં ગોપી ગીત ગાયું હતું. પરંતુ ગોપી ગીત ની શરૂઆત.

ગોપીઓ કહે છે કે હે!!ખબર છે તમને તમારી પત્ની લક્ષ્મીજી અત્યંત પ્રિય છે ને એ અમારી શોક્ય છે પરંતુ જયાર થી તમે વ્રજ માં પધાર્યા છો ત્યારથી વ્રજની શોભા અધિક વધી છે.નાનકડા લાલન ના દર્શન કરવા માલણ બની ને આવેલ લક્ષ્મીજી ને આવતા તો બધાએ માલણ રૂપ માં જોયા હતા પરંતુ પરત ફરતા નિહાળ્યા નહતા. પ્રભુ આપના પ્રિયા લક્ષ્મીજી ના પાવન પગલાં ને લીધે તો વ્રજ અધિક સમૃદ્ધ બન્યું છે.ગોપીગીત માં લક્ષ્મીજી નો મહિમા ગાયો છે..

દિવાળી ના પર્વ ના પ્રથમ દિવસે આવતી રમાં એકાદશી વ્રત ની કથા: પૂર્વે રાજા મુચકુંદ એ ધર્મ પ્રિય, સત્યવાદી ભગવાન વિષ્ણુ નો પ્રિય ભક્ત હતો.રાજા મુચકુંદ ના વરુણ, વિભીષણ,ઈન્દ્ર,કુબેર વગેરે મિત્રો હતા. રાજા મુચકુંદ એ યુગો સુધી ઈન્દ્ર ના સેનાપતિ બની ને દાનવો થી ઈન્દ્રાસન રક્ષિત કર્યું હતું.એક સમયે રાજા મુચકુંદ ને ઈન્દ્ર એ આરામ કરવાની આજ્ઞા આપીને પાર્વતી પુત્ર કાર્તિકેય ની સાથે પોતાની પુત્રી દેવસેના ના લગ્ન કરાવી ને દેવો ના સેનાપતિ નિયુક્ત કર્યા. આ બાદ રાજા મુચકુંદ જૂનાગઢ ના ગિરનારની ગુફામાં યુગો સુધી નિંદ્રાધીન થઈ ગયા હતા.ગુફા માં પ્રવેશ્યા બાદ કાલ યવન એ રાજા મુચકુંદ ને નિદ્રા માંથી જગાડતા જ મુચકુંદ એ આંખ ખોલતાની સાથે જ કાલ યવન ભસ્મ થઈ ગયો.ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ પ્રગટ થઈ ને રાજા મુચકુંદ ને પુનઃ સંસાર પ્રાપ્તિનું વરદાન આપ્યું હતું. કુળવાન રાજકુંવરી સાથે લગ્ન કર્યા બાદ અકંટક રાજ્યના રાજા બન્યા.રાજ્ય મા બે નિયમો માંસાહાર નિષેધ અને એકાદશીનું વ્રત ફરજિયાત કર્યું હતું. રાજા મુચકુંદ એ એની પુત્રી ચંદ્રભાગાના લગ્ન ચંદ્ર સેન ના પુત્ર શોભન સાથે કર્યા હતા. એકવાર પુત્રી એના પતિ શોભન સાથે પિતા ગૃહે અમુક દિવસ રોકવવા આવી. જે દિવસે ચંદ્રભાગા પિતા ગૃહે આવી એના બીજા દિવસે રમા એકાદશી હતી એટલે રાજા એ મંત્રીઓ દ્વારા પ્રજા ને એકાદશીના વ્રત કરવા માટે ઢંઢેરો પીટાવ્યો. ચંદ્રભાગા ના પતિ શોભન એ પત્ની ને કીધું કે મારાથી ઉપવાસ થવો અશક્ય છે ત્રણચાર કલાક પેટ માં અન્ન ના પડે તો મૃત્યુ તુલ્ય પીડા થાય છે. એકાદશી નું વ્રત કરવું મારા માટે અશક્ય છે.તુ સહમત થા તો મનમાં એક વિચાર છે.હું અને તું રાત્રિ દરમિયાન નગર ચર્યા કરવા ના બહાને તારા પિતા ના નગર થી થોડે દૂર જતા રહીએ.



**રમા એકાદશી**
**- રુપાલી દવે**

પતિના વિચાર સાથે અસહમત થતાં ચંદ્રભાગા એ કહ્યું કે નાથ!લગ્ન બાદ પ્રથમ વખત પિતા ગૃહે આવી છું એટલે પિતાને જાણકારી આપ્યા વગર નગર છોડવું શક્ય નથી.રાત્રિ થતાં જ આપ પિતા નું નગર છોડી બાજુ ના નગર મા એક દિવસ માટે જતા રહો. શોભન એ પત્ની ની વાત સાંભળી ને કીધું કે જ્યાં મારી પત્ની ત્યાં હું જ રહીશ,ભલે જે થવું હોય તે થાય "હરી ઈચ્છા" પ્રબળ સમજો. નિયતિ અનુસાર શોભન રમાં એકાદશી વ્રતનો ઉપવાસ ધારણ કર્યો. સવાર ના અમુક પ્રહર બાદ શોભન નું શરીર પીળું પડવા લાગ્યું ને મૃત્યુ ના અંતિમ શ્વાસ એ પત્ની ને એની પાછળ સતી થવાની મનાઈ ફરમાવી.રાજા એ રાજ પુરોહિતો આગળ જમાઈ શોભનના અંતિમ સંસ્કાર વિધિ વિધાન થી કર્યા. રાજા મુચકુંદ ખુદ ને જમાઇ ના મૃત્યુ ના જવાબદાર માનવા લાગ્યા. પુત્રી ના વૈધવ્ય ને નિહાળી ને રાજા એ ભગવાન વિષ્ણુ ને પ્રાર્થના કરતા કીધું કે હે!! પ્રભુ મારી ભૂલ ના લીધે મારી પુત્રીનું જીવન મૃત્યુ તુલ્ય બન્યું છે.ખરેખર મને ખબર નહતી કે જમાઈને સતત ભૂખ લાગવાની બીમારી છે. જો મે સાચા હદય થી એકાદશી નું વ્રત કર્યું હોય તો હે!!પ્રભુ,મારા જીવન માં કરેલી બધી જ એકાદશી ના વ્રત નું ફળ મારા જમાઈ ને આપવા માંગી છું બોલી ને હાથ માંનું પાણી છોડ્યું.હાથ માંનું પાણી પાત્ર માં છોડતા વેંત નજર સમક્ષ દ્રશ્ય પ્રગટ થયું જેમાં મંદરાચલ પર્વત પર ના રાજ્યમાં જમાઈ શોભન રાજગાદી પર બેઠા છે.જે આ રાજ્ય અધ્રુવ એટલે આભાસી મૃત્યુ સમાન હતું. ચંદ્રભાગા માત્ર શોભન ને નિહાળી જ શકતી હતી એને સ્પર્શ કરી શકતી નહતી.અચાનક દેવી વિમાન આવ્યું ને ચંદ્રભાગા એમાં બેસીને અધ્રુવ મંદરાચલ પર્વત પર ના નગર મા પ્રવેશી. જેવી એ નગરમા પ્રવેશી તુરંત બધું ધ્રુવ બની ગયું. ધ્રુવ નો અર્થ જીવંત એટલે કે ચંદ્રભાગા એના પતિ શોભન સાથે પ્રથમ માફક પિતાના મહેલ મા જ હતી. ભગવાન વિષ્ણુ એ રાજા મુચકુંદ ના એકાદશી વ્રતની નિષ્ઠા અને પવિત્રતા થી ખુશ થઈ ને એના મૃત જમાઇ શોભન ને પુનઃ જીવિત કર્યા. શોભન નું મૃત્યુ રમાં એકાદશી ના દિવસે થયું હતું એટલે શોભન પુનઃ જીવિત થતાં એનું શરીર રોગ મુક્ત અને આયુષ્ય બળ યુક્ત બન્યું હતું.

માન્યતા અનુસાર રમાં એકાદશી ના વ્રત ના પ્રભાવ થી પાપ નષ્ટ થાય છે અને બ્રહ્મ હત્યા નો દોષ નિર્મૂળ થઈ જાય છે. સૌભાગ્ય વતી સ્ત્રીઓ માટે આ વ્રત સુખ અને સૌભાગ્ય ની પ્રાપ્તિ કરાવે છે. આ વ્રત ના દિવસે વ્રતી એ બારસ ની તિથિ બેસે ત્યાં સુધી અન્ન નો ત્યાગ કરવાનો હોય છે. શાસ્ત્ર એ ચોખા ને આખું ધાન માન્યું છે એટલે બને ત્યાં સુધી વ્રત ના દિવસે ચોખા ગૃહસ્થ એ ભોજન માં લેવા જોઈએ નહિ.રમાં એકાદશી ના દિવસ થી શરૂ થતી દિવાળી ના ઉત્સવ ને આનંદ થી માણીએ..

રમાં એકાદશી ના "જય શ્રી કૃષ્ણ"..

# અહિંસા અને શાંતિ વિશ્વમાં ક્યારેય હતી ખરી?

**'ગાંધીજી, માર્ટિન લ્યુથર કિંગ અને મંડેલા સાંપ્રત છે' જેવી બડી બડી વાતો વચ્ચે વિશ્વમાં યુદ્ધ અને ગૃહ યુદ્ધનો મોરચો કાયમ માટે મંડાયેલો જ રહે છે**

**નેતાનયાહૂ, બાઈડન,જિનપિંગ કે પુટીન ભારતની મુલાકાતે આવે તો ગાંધીજીની સમાધિ પર પુષ્પો અર્પણ કરે એને શક્ય છે તે પછી તરત દુશ્મન દેશ પર મિસાઈલ એટેક કરવાનો હોટલાઈન પરથી સેનાના વડાને આદેશ આપે**

**સીરિયા કે અન્ય ઈસ્લામ દેશોમાં શિયા અને સુન્ની વચ્ચે હિંસા થાય છે ત્યારે કોઈ પક્ષ શાંતિ અને અહિંસાના પાઠનું અનુકરણ નથી કરતો**

વિશ્વના જે પણ નેતા ભારતની મુલાકાત લે છે ત્યારે નવી દિલ્હીમાં મહાત્મા ગાંધીજીની સમાધિ પર પુષ્પો મૂકીને અંજલિ જરૂર આપે. ઈઝરાયેલના નેતાનયાહૂ , પેલેસ્ટાઈન નેતાઓ, જિનપિંગ , પુતિન અને અમેરિકી પ્રમુખ પણ વિશ્વના શાંતિ દુતોના ઉપદેશનું મહિમા ગાન ગ્રુપ સેવન, ગ્રુપ ટ્વેન્ટી કે બ્રિક્સ જેવા વૈશ્વિક નેતાઓના મેળાવડામાં કરતા જ હોય છે. અહિંસાને અનુસરવું, વિશ્વ શાંતિ થકી વિશ્વ સુખદ બનાવવું અને પર્યાવરણની જાળવણી આ ત્રણ પરિબળોની ચિંતા કરવી તે કમનસીબે મંચ પર ભજવતા નાટક બની ગયા છે. 'ગાંધીજી, માર્ટિન લ્યુથર કિંગ અને મંડેલાનો અહિંસાનો ઉપદેશ જ સમયની માંગ છે અને તે આજે પણ સાંપ્રત છે.' તેવું નેતાઓના ભાષણની સ્ક્રિપ્ટમાં અચૂક હોવાનું.

આપણા બુદ્ધિજીવીઓ , સર્જકો અને નેતાઓ પણ પ્રત્યેક જયંતિએ રંગ બદલે છે. ગાંધી જયંતિ વખતે ગાંધીજી, સુભાષ ચંદ્ર બોઝ કે ભગત સિંઘને અંજલિ આપતા તેઓની વિચારધારાનો જયકાર કરે. જે રાજાઓએ શૌર્ય બતાવી તલવાર, અશ્વ અને તોપોનો મારો કરીને હિન્દુ અસ્મિતાનું ગૌરવ વધારતા મુઘલ કે મુસ્લિમ રાજાઓને યુધ્ધનો માર્ગ અપનાવી મહાત આપી કે શહાદત વહોરી તે પણ આપણા હીરો છે. ઝાંસીની રાણી પણ તેની દેશભક્તિ માટે યાદ કરાય છે. અહિંસા કે ક્ષમાની માનવતા ક્યાં સુધી અને કોને તે અંગે કોઈ ગળે ઉતરે તેવી સ્પષ્ટતા કોઈ મહાપુરુષોએ નથી કરી. ઉદાહરણ તરીકે અવળચંડાઇ અને અંચઈ કરી રહેલ ચીન ગલવાનમાં ભારતીય સૈનિકોને શહાદત ભેટમાં આપે તો આપણે કંઈ નીતિ અખત્યાર કરવી. પેલેસ્ટાઈન પહેલો હુમલો કરે ત્યારે ઈઝરાયેલે તેના જવાબમાં ગાઝા પટ્ટી પર ઉપવાસ પર બેસી જવું? સીરિયા કે અન્ય ઈસ્લામ દેશોમાં શિયા અને સુન્ની વચ્ચે હિંસા થાય છે ત્યારે કોઈ પક્ષ શાંતિ અને અહિંસાના પાઠનું અનુકરણ નથી કરતો. રશિયાને યુક્રેન જે રીતે મર્યાદિત તાકાત અને સક્ષમતા હોવા છતાં જડબાતોડ જવાબ આપે છે તે જઝબા પર વિશ્વ



આફ્રીન પોકારી ગયું છે. વર્તમાન વિશ્વમાં તમે નજર નાંખશો તો જણાશે કે આંતર વિગ્રહ કે યુધ્ધ કેટલાક વર્ષોથી જારી જ છે. મંડેલાના પ્રભાવ ક્ષેત્ર કહી શકાય તેવા આફ્રિકી દેશોમાં વંશ યુદ્ધ ચાલે છે. 'તમને કોઈ એક ગાલે તમાચો મારે એટલે બીજો ગાલ ધરવો' તે ઉપદેશ અને કળિયુગમાં તેનું પરિણામ કલ્પી જુઓ. આપણે ભગવાન કૃષ્ણનો 'પાર્થ, હવે તો યુદ્ધ જ એ જ કલ્યાણ' તેવા ટંકાર અને અહિંસાના પૂજારી બંને વિષય પર એક કલાક વક્તવ્ય આપી શકીએ છીએ. બંને પર થીસીસ થાય જ છે.પણ આપણા દેશની,આપણી સુરક્ષા માટે કઈ નીતિ રાખવી તે માટે સ્પષ્ટ બનવું પડશે. ડાબેરીઓ જેવા પણ હોય પણ તેમની નીતિમાં સ્પષ્ટ છે. આસ્તિક કે નાસ્તિક પણ તેમની માન્યતા માટે મક્કમ છે. ભારતના નેતાઓ બડી બડી વાત કરે છે કે 'અમે પહેલો હુમલો નહીં કરીએ પણ જો કોઈ દેશની તાકાતને પડકારશે તો વળતો જોરદાર જવાબ આપીશું.' પણ ભારત પહેલો, પાંચમો કે પચાસમો આતંકી હુમલા થયા તો પણ સર્જીકલ સ્ટ્રાઈકને બાદ કરતાં નિષ્ક્રિય રહ્યું છે તેવી નાગરિકોમાં છાપ છે.

અહિંસાના પૂજારી મનાતા ભારત દેશના નાગરિકો જ હવે શાસકોને પ્રશ્ન કરે છે કે 'ઈઝરાયેલ જો તેમના દુશ્મનો અને તેમના કમાન્ડરોને તેમના દેશમાં ઘૂસીને મારે છે તો આપણે પાડોશી દેશમાં છુપાયેલા તત્ત્વોને કેમ આ રીતે સજા ન આપીએ.' ભારતે આમ કરવું જોઈએ તેમ સલાહ નથી આપતા પણ સવાલ એ જ છે કે શું આ ભારતનો હિંસામાં નહીં માનવાનો જે ઉપદેશ છે તે પાળવાનો પ્રયત્ન છે કે ઈઝરાયેલ જેમ નહીં કરી શકવાની લાચારી પર ઢાંક પિંછોડો છે. વિશ્વ શાંતિ આવશ્યક છે જ પણ તે બે દુશ્મન દેશો સમજે તો જ સાકાર થઈ શકે. વિશ્વના બધા દેશો કેમ યુદ્ધ નહીંનો ઠરાવ નથી કરતા. જેમ છે તે સ્થિતિએ હવેથી શાંતિથી રહીશું તેમ કેમ સમજૂતી નથી થતી. વડાપ્રધાન મોદી સિવાય કેમ બાઈડન, જિનપિંગ કે પુતિન 'શાંતિ એ જ ઉધ્ધાર' તેવા સુફિયાણાં નિવેદન નથી કરતા. શું ચીન કે પાડોશી દેશ યુધ્ધ લાદે તો ભારત શાંત બેસીને માર ખાતું રહે? અત્યારે જે દેશે યુધ્ધ ભડકાવ્યું તેને શાંત રહેવાનું અને યુદ્ધ વિરામ કરવાની સલાહ અપાય. બાકી અહિંસા અને શાંતિનો વ્યાપક ઉપદેશ તો સારો છે જ ને તેમાં શું નવાઈ. અમેરિકા, રશિયા અને યુરોપીય દેશોની મહત્તમ કમાણી જ શસ્ત્રોના વેચાણ થકી છે.વિશ્વમાં અરાજકતા જારી રહે અને શાંતિ હોય તો યુધ્ધની ભૂમિકા સર્જાય તે જ આ ટોચના દેશોની નીતિ છે ત્યારે અહિંસા અને શાંતિના ઉપદેશનો પ્રસાર ન થાય તેની આ દેશો જ તકેદારી રાખે. અમેરિકા, રશિયા, યુરોપીય દેશો, નોર્થ કોરિયા, તાલિબાનો, આતંકી જૂથો, યહૂદી, ખ્રિસ્તી, ઈસ્લામ વચ્ચેનું પરસ્પર વૈમનસ્ય જેવા કેટલાયે પરિબળો વિશ્વના અન્ય દેશોને પણ પ્રત્યેક પળે યુદ્ધ માટે તૈયાર રહેવા ફરજ પાડે છે. પ્રત્યેક દેશ તેનું સરક્ષણ બજેટ વધારતું જ જાય છે તે શું સૂચવે છે ? કોઇ વિવાદ હોય તો ટેબલ પર મંત્રણા માટે બેસાય પણ વિસ્તારવાદ અને વિશ્વ પર પ્રભુત્વ સ્થાપવાની કે ધર્મનો પ્રસાર અને અમલ ક્રૂરતાથી ઠોકી બેસાડવાની મેલી મુરાદ સરમુખત્યાર જેવા નેતાઓ, આતંકીઓ અને લશ્કરની હોય તો સામો પક્ષ અહિંસા કે ઉપવાસથી વિજય મેળવી શકે ? શો, સૈન્ય બળ અને નાગરિકોમાં રાષ્ટ્રની રક્ષા કરવા માટે વળતો જવાબ આપવાની તાકાત ન હોય તો દેશ પર અન્ય દેશ ખૂંખાર હુમલા સાથે કબ્જો પ્રાપ્ત કરી જ લે. હા, તમામ દેશોમાં સુલેહ, સૌજન્ય અને વિશ્વ કલ્યાણની ભાવના હોય અને કોઈ મતભેદ હોય તો અહિંસા અને ટેબલ મંત્રણાથી રૂડું કઈ નથી પણ કમનસીબે મંત્રણા થાય છે પણ યુધ્ધ પછી. જ્યારે હિટલર યહૂદીઓનો નરસંહાર કરી રહ્યો છે ત્યારે ''યહૂદીઓએ કોઈપણ જાતના પ્રતિકાર વગર નરસંહાર માટેના કેમ્પમાં ચાલ્યા જઈને શહાદત વહોરવી જોઈએ આજે નહીં તો કાલે અહિંસક શરણાગતિનો જયજયકાર થશે'' તેવા ગાંધીજીના વલણની ભારે ટીકા થઈ હતી. શહાદત સામી છાતીએ લડીને વહોરી કહેવાય. આપણા શાસ્ત્ર, વેદો, ઉપનિષદો, ગીતા બધા જ આજે પણ પણ સાંપ્રત છે જ. ફર્ક એટલો છે કે આપણે તે પ્રમાણે સૂક્ષ્મ અને સ્થૂળ દેહે અને તેવા માનસથી જીવવું નથી. ખરેખર બંને દેશો કે જૂથોમાં અહિંસાનો ઉપદેશનો પ્રભાવ હોય તો વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ અનુભવાય. એક તરફ વિશ્વના દેશો તેનું સંરક્ષણ બજેટ વધારતા જાય છે. પરમાણુ અને હાઈડ્રોજન બોંબના પરીક્ષણ જાણે દિવાળી કે નાતાલની આતશબાજી હોય તેમ થાય છે. અમેરિકા વિરુધ્ધ નોર્થ કોરિયાને ગાંધીજીનો સંદેશ પહોંચે ખરો? ભારતમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદની ઘટનાઓ બને, કાશ્મીરમાં પાકિસ્તાનીઓ બ્રેઈન વોશિંગ કરાવી પથ્થરમારાની ઘટનાને જન્મ આપે, આતંકવાદીઓ આશ્રય પામે ત્યારે ભારતીય સેના બીજો ગાલ ધરે? પાકિસ્તાન અને ચીન તેમની ધરી રચીને ભારતને ભીંસમાં લે કે ડોકલામ પર ઘૂસણખોરી કરે ત્યારે ભારતીય સેના ઉપવાસ પર બેસી શકે? ભારતની આંતરિક સલામતીને માટે જોખમી નીવડી શકે તેવા રોહિંગ્યાને ગાંધી ચિંધ્યા માર્ગે આશ્રય આપી શકાય ખરો? એમ જોવા જઈએ ભારત-પાકિસ્તાનના ભાગલા થતા જ હિંસા ફાટી નીકળી ત્યારે જ બંને ધર્મના નાગરીકોએ ગાંધીજીના જીવન અને સંદેશને અભરાઈએ મૂકી દીધો હતો. હા, જો વિશ્વના નાગરિકો તેમના ધર્મના મુળ ઈશ્વરો કે મહાસંતોને અનુસર્યા હોત તો પણ વિશ્વ સ્વર્ગમય હોત. વ્યક્તિ હજુ પણ અંગત રીતે ગાંધીમાર્ગે જીવીને તેની પોતાની સૃષ્ટિ રચી શકે છે પણ નેતાગીરી, આતંકીઓ અને ભ્રષ્ટ માનસ ધરાવતા તત્ત્વો, ઉપભોગવાદીઓ, મૂડીવાદીઓના હાથમાં વ્યવસ્થા અને નીતિઓ હોય ત્યારે વ્યક્તિ અમુક હદથી આગળ સમાજને તેના સ્વપ્નનનો આકાર નથી આપી શકાતો. વિશ્વની ૯૫ ટકા સંપત્તિ પાંચ ટકા લોકો પાસે છે. પર્યાવરણને આપણે ભયજનક રીતે ખોરવી ચૂક્યા છે. પાણીના સ્રોતો, ઊર્જા, તેલ તળિયે છે. આ બધું પૂરવાર કરે છે કે આપણે કે વિશ્વ ગાંધી માર્ગે જીવ્યા નથી. હવે અહિંસક આંદોલનો છેડાય તે વાતમાં દમ નથી. આંદોલનકારીઓની જ ગેમ કરી નાંખે તેવા વિશ્વમાં રાજકારણીઓ છે. ગાંધીજીને આપણા ઘરમાં જીવીઓ તો પણ ખરું.

**આખા વર્ષની સરખામણીએ દિવાળીના તહેવારમાં રેડીમેડ કપડાંની સર્વાધિક ખરીદી થાય છે. આ દિવસોમાં તૈયાર કપડાનું સ્વેદશી માર્કેટ 35 ટકા સુધી વધે છે**

# દેશમાં રેડીમેડ કપડાંની ઈન્ડસ્ટ્રીમાં દિવાળી...

ઈ.સ. પૂર્વેની બીજી સદીમાં યુરોપ-એશિયા વચ્ચે વેપાર શરૂ થયો ત્યારે જે રસ્તાનો ઉપયોગ થયેલો એ ભવિષ્યમાં આ નામથી ઓળખાયો. ભારત અને ચીનના સિલ્કની યુરોપમાં ભારે ડિમાન્ડ રહેતી એટલે એ રૂટ પર વેપાર થયો એને ઈતિહાસકારોએ સિલ્ક રોડ નામ આપ્યું. ઈ.સ. પૂર્વ ૧૩૦ના વર્ષમાં ચીનમાં હાન વંશનું શાસન હતું ત્યારે આ રસ્તાનો વિકાસ કરાયો હતો. ભારતના મરી-મસાલા યુરોપના દેશો સુધી આ માર્ગે પહોંચતા હતા. સિલ્ક રોડ શબ્દ જર્મન ટ્રાવેલર ફર્ડિનાન્ડ વોન રિથોફને છેક ૧૮૭૭માં પહેલી વખત પ્રયોજ્યો હતો. યુરોપ અને પૂર્વ એશિયા વચ્ચે આ માર્ગ પર વેપાર ઉપરાંત સાંસ્કૃતિક આદાન-પ્રદાન થયું હોવાથીય એને સિલ્ક રોડ કહેવાય છે. સિલ્ક રોડ એટલે માત્ર એક જ રસ્તો એવી વ્યાખ્યા ન હતી. ઘણાં વેપારીઓ ભારતને બાજુ પર રાખીને સીધા ચીન પહોંચતા. તો કેટલાક ભારતમાં થઈને ચીન અને ત્યાંથી પૂર્વ એશિયાના દેશો સુધી જતા. આ રૂટ એના નામ પ્રમાણે સિલ્ક કાપડ માટે જાણીતો હતો. ઈતિહાસકારો તો ત્યાં સુધી દાવો કરે છે કે ઉત્તર ભારતમાંથી સિલ્ક ચીન પહોંચતું અને ચીનથી યુરોપના દેશો સુધી જતું. દેશ પર અંગ્રેજી શાસન હતું ત્યારે ભારત કાપડનો સૌથી મોટો નિકાસકાર દેશ હતો. ભારતમાંથી કાપડનું રો-મટિરિયલ બ્રિટનમાં જતું અને બ્રિટન એની પ્રોસેસ કરીને એના પર માતબર કમાણી કરતું. સંશોધકોએ શોધી કાઢ્યું છે કે ૧૭૫૦ના ગાળામાં જગતના કાપડની જરૂરિયાતમાંથી ૨૫-૩૦ ટકા કાપડ એકલા



ભારતમાંથી એક્સપોર્ટ થતું. ભારતીયોને જરૂરી કાપડને ઉમેરીએ તો ભારતનો કાપડ ઉદ્યોગ કેટલો મોટો હશે એની કલ્પના કરવી અઘરી નથી. યાદ રહે, આ ભારત એટલે અખંડ ભારત. જેમાં આજના પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંનેનો સમાવેશ થાય છે. આજેય ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશના કાપડ ઉદ્યોગના સંયુક્ત આંકડાં માંડવાના થાય તો આખું ચિત્ર બદલાઈ જાય. વેલ, દાયકાઓની પડતી પછી ફરીથી ભારતીય કાપડ ઉદ્યોગની ચડતી શરૂ થઈ અને આજે વસ્ત્ર ઉદ્યોગમાં ભારતનો ક્રમ દુનિયામાં બીજો છે. એમાંય તૈયાર કપડાંનું માર્કેટ ઝડપભેર ગ્રો થઈ રહ્યું છે. આખા વર્ષ દરમિયાન તો તૈયાર કપડાંની ડિમાન્ડ રહે જ છે, પરંતુ દિવાળીમાં તો વાત જ જુદી હોય છે. આજેય ભારતીયો સર્વાધિક ખરીદી દિવાળીમાં કરે છે. તેના કારણે રેડીમેડ ગારમેન્ટના બિઝનેસમાં દિવાળી સીઝન દરમિયાન ૩૫ ટકાનો ઉછાળો આવે છે. ચીન પછી કાપડ અને રેડીમેડ ગારમેન્ટના ઉત્પાદન, નિકાસમાં ભારતનો બીજો ક્રમ છે. ચીન અને ભારત કપાસના ઉત્પાદનમાં અનુક્રમે પ્રથમ અને બીજા સ્થાને છે. દુનિયામાં ૨.૭ કરોડ ટન કપાસનું ઉત્પાદન થાય છે. એમાંથી ચીનમાં લગભગ ૬૦-૬૫ લાખ ટન અને ભારતમાં ૫૦થી ૫૫ લાખ ટનનું ઉત્પાદન થાય છે. બંને મળીને દુનિયાની કુલ જરૂરિયાતનું ૪૫ ટકા કાપડનું પ્રોડક્શન કરે છે, પરંતુ નિકાસની વાત આવે ત્યારે ભારત ચીનની સરખામણીએ પાછળ રહી જાય છે. ભારતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી ૧૬૫ અબજ ડોલરે પહોંચી છે. એમાંથી ૪૮-૫૦ અબજ ડોલરથી વધુની નિકાસ થાય છે. ભલે, નિકાસની બાબતમાં હજુય ચીન પ્રથમ ક્રમે છે અને વિશ્વમાં કાપડની નિકાસમાં ૫૦ ટકા શેર ચીનના ભાગે છે, પરંતુ ભારત આગામી એકાદ દશકામાં એમાંથી મોટો હિસ્સો અંકુશમાં લેશે. ભારતમાં વર્ષ દર વર્ષ કપાસનું ઉત્પાદન કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરાય છે. તે સિવાય ભારતીય કંપનીઓ કોટનની આયાત પણ કરે છે. દુનિયામાં ચીનની પ્રોડક્ટની જે તકલાદી ઈમેજ બની છે તેનો ફાયદો ભારતને મળશે. ભારતનું આ માર્કેટ ૧૧ ટકાના દરે વૃદ્ધિ પામી રહ્યું છે. દેશમાં અત્યારે ૨૫૦૦ મોટી મીલ કાર્યરત છે અને રેડીમેડ કપડાંના ૪૫૦૦ યુનિટ ધમધમી રહ્યા છે. ભારતનો કાપડ ઉદ્યોગ કૃષિ પછી બીજા ક્રમનો એવો ઉદ્યોગ છે જે સૌથી વધુ રોજગારીનું સર્જન કરે છે. આ ક્ષેત્રમાં સાડા ચારથી પાંચ કરોડ લોકોને સીધી રોજગારી મળી રહી છે ને છ કરોડ લોકોને આડકતરી રોજગારી મળે છે એ રીતે જોઈએ તો દેશના ૧૦-૧૧ કરોડ લોકો કાપડ ઉદ્યોગ પર નિર્ભર છે. આમેય ભારતની કાપડની નિકાસ, ખાસ તો તૈયાર કપડાંની નિકાસમાં ૧૨ ટકાનો ઉછાળો તો છેલ્લાં એક ક્વાર્ટરમાં આવ્યો છે. અત્યારે આખા જગતમાં યુદ્ધના ઓછાયા પડી રહ્યા છે. યુક્રેન-રશિયા યુદ્ધ ઉપરાંત મિડલ-ઈસ્ટમાં ભડકો થયો છે. ઈઝરાયલ-ઈરાન વચ્ચે યુદ્ધ થાય એવી શક્યતા છે. તુર્કીમાં આતંકવાદી હુમલા બાદ આગ વધારે પ્રસરી છે. એવી સ્થિતિમાં રેડીમેડ ગારમેન્ટના બિઝનેસમાં ગ્લોબલ ક્રાઈસિસ છે, છતાં ભારતના તૈયાર કપડાંની ડિમાન્ડ ધીમી પણ મક્કમ ગતિએ થઈ રહી છે. ભારતમાં ચીન અને બાંગ્લાદેશની સરખામણીએ તૈયાર કપડાંનું પ્રોડક્શન થોડું મોંઘું પડે છે, છતાં ચીનની સરખામણીએ ટકાઉ હોવાથી સ્વદેશી રેડીમેડ ગારમેન્ટની વિદેશમાં ડિમાન્ડ છે. ભારતની કેટલીય પ્રોડક્શન કંપનીઓ વિદેશી બ્રાન્ડ્સના ગારમેન્ટ્સ બનાવીને નિકાસ કરે છે. કાપડ ઉદ્યોગમાં રેડીમેડ સેગમેન્ટ છેલ્લાં એક દશકામાં ૫૦ ટકાએ પહોંચી ગયું છે. એટલે કે જેટલા જથ્થામાં કાપડની જરૂર પડે છે એટલા જ જથ્થામાં તૈયાર કપડાં વેચાય છે. દુનિયાભરમાં તૈયાર કપડાંનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. બે-અઢી દશકા પહેલાં દેશનું રેડીમેડ કપડાંનું માર્કેટ એટલું વિશાળ ન હતું. મોટાભાગના ગ્રાહકો કાપડ લઈને સીવવાનું પસંદ કરતા હતા, પરંતુ સમય બદલાયો અને રેડીમેડ કપડાંના પ્રોડક્શનમાં ગ્રાહકોને વિશ્વાસ બેસવા માંડયો પછી ઓનલાઈન-ઓફલાઈન બંને માર્કેટમાં ચારેબાજુ તૈયાર કપડાંના ગંજ ખડકાય છે. દિવસો પહેલાં કાપડ ખરીદ્યા પછી માપ પ્રમાણે સીવડાવવાનો ટ્રેન્ડ હતો. એમાં દરજીને વારંવાર યાદ પણ કરાવવું પડતું. બધું સમયસર ન થાય તો છેક છેલ્લી ઘડીએ દોડધામ થતી અને એમ માંડ દિવાળી-બેસતા વર્ષે નવા કપડાં હાથમાં આવતા.

# કેનેડાની આડોડાઈ, એનઆઈએને નિજ્જરનું ડેથ સર્ટિ આપવા ઈન્કાર

એનઆઈએના સુત્રોના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધી કેનેડાના સત્તાધિશો તરફથી ખાલિસ્તાની આતંકવાદી હરદિપસિંહ નિજ્જરનું મૃત્યુ પ્રમાણપત્ર ભારતને આપવામાં નથી આવ્યું. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ખૂબ ખાટા થઈ ગયા છે ત્યારે કેનેડાના સત્તાધિશો આડોડાઈ પર ઉતરી આવ્યા છે. એનઆઈએએ જ્યારે કેનેડાના સત્તાધિશો પાસે આતંકવાદીના મૃત્યુનું પ્રમાણપત્ર માંગ્યું ત્યારે એમણે એ માટેનું કારણ પૂછ્યું હતું. યાદ રહે કે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટીન ટ્રુડોએ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યા પછી બંને દેશો વચ્ચેના સંબંધો બગડયા છે. એનઆઈએ, પન્નુની જિંદગીના છેલ્લા છ મહિનાની તપાસી કરી રહી છે. ચંદિગઢમાં આવેલી પન્નુની ત્રણ સપત્તિ પણ જપ્ત કરવામાં આવી છે. અમૃતસરમાં પણ પન્નુની ઘણી જમીનો હતી એ પણ એનઆઈએએ જપ્ત કરી છે. દિવાળી અને છઠની રજાઓ દરમિયાન દિલ્હી, બિહાર, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જનારા યાત્રીઓનું ખાસ ચેકિંગ કરવાની સૂચના રેલવેના સત્તાધિશોએ ટિકિટ ચેકરોને આપી છે. રેલવે સત્તાધિશોનું માનવું છે કે દર વર્ષે રજા દરમિયાન મુસાફરી કરતા કેટલાક મુસાફરો વગર ટિકિટે મુસાફરી કરે છે અને પોતાની પાસે આઈડી પ્રૂફ પણ રાખતા નથી. રેલવે સત્તાધિશોએ ઉત્તર પ્રદેશ અને બિહાર સહિતના કેટલાક રાજ્યોના ટિકિટ ચેકિંગ સ્ટાફને ૨૦૦ કરોડ રૂપિયાનો દંડ ઉઘરાવવાનો ટાર્ગેટ આપ્યો છે. આ ટાર્ગેટ પૂરો કરવા માટે ટિકિટ ચેકરો લાંબા અંતરની ટ્રેનોમાં મુસાફરોનું ચેકીંગ કરી એમના સામાનનું વજન પણ ચેક કરશે.

### ભારતમાં દર બીજો વૃદ્ધ બે કરતાં વધુ બીમારીઓથી પીડાય છે

સરકારે કરાવેલા એક સર્વે પ્રમાણે ભારતમાં દર બીજો વૃદ્ધ એક કરતા વધુ બીનચેપી રોગથી પીડાય છે. આ સર્વેના આવેલા તારણ પ્રમાણે ૫૬ ટકા વૃદ્ધોમાં બેથી વધારે રોગો હોવાનું બહાર આવ્યું છે. દેશના ૨૬ ટકા વૃદ્ધો કોઈપણ એક બિમારીથી પીડાય રહ્યા છે. ડાયાબીટીસ અને હાઈ બ્લડ પ્રેસર જેવી બિમારીઓ કેટલાક વૃદ્ધોમાં જોવામાં આવી છે. સર્વે દરમિયાન ૨૦ ટકા જેટલા વૃદ્ધોએ પોતાને કોઈ બિમારી છે કે નથી એની જાણકારી ન હોવાનું જણાવ્યું હતું. આ સર્વે માટે ૧૦ રાજ્યોના ૨૦ શહેરોમાં આશરે ૫ હજારથી વધુ વૃદ્ધો સાથે વાતચીત કરવામાં આવી હતી. આ સિવાય ૧૩૦૦ જેટલા ડોક્ટરોના અભિપ્રાય પણ લેવામાં આવ્યા હતા.

### કેટી રામારાવની બદનક્ષી ન કરવા તેલંગાણાના મંત્રીને કોર્ટની ચેતવણી

હૈદ્રાબાદની એક કોર્ટે તેલંગાણાના રાજ્યમંત્રી કોન્ડા સુરેખાને બીઆરએસના કાર્યકારી પ્રમુખ કેટી રામારાવ સામે બદનક્ષીકારક નિવેદનો નહીં કરવા ચેતવણી આપી છે. કોર્ટનું માનવું છે કે, રાજ્યમંત્રી સુરેખાના નિવેદનો સમાજ માટે હાનીકારક છે. કોર્ટે મંત્રીને એમના નિવેદનો મીડિયા તેમજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને વેબસાઈટો પરથી દૂર કરવાની સૂચના આપી છે. આ સિવાય યુટયુબ, ફેસબુક અને ગુગલને પણ આવી બદનક્ષીકારક ટીકાઓને ડીલીટ કરવા હુકમ કર્યો છે. મંત્રી સુરેખાએ તેલુગુ અભિનેતા નાગા ચૈતન્ય અને અભિનેત્રી સામંથા રૂથ પ્રભુના છૂટા છેડા માટે કેટી રામારાવને જવાબદાર ગણાવ્યા હતા. આ બાબતે મંત્રી સામે બદનક્ષીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. સોશિયલ મીડિયાની વિશ્વનીયતા ખતમ થઈ રહી છે : દોભાલ ભાજપનું આઈટી સેલ સક્રિય રહીને સોશિયલ મીડિયા પર વિરોધીઓની સતત ટીકા કરતું રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ સોશિયલ મીડિયાનો વ્યાપક ઉપયોગ કરે છે. આવા સમયે નેશનલ સિક્યુરીટી એડવાઈઝર (એનએસએ) અજીત ડોભાલે એવું કહ્યું છે કે જે રીતે સોશિયલ મીડિયા પર બેફામ ટીકાઓ થઈ રહી છે એને કારણે સોશિયલ મીડિયાની વિશ્વસનીયતા ઓછી થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ભારતીય આર્મીને લગતી ખોટી વાતો બાબતે ડોભાલની આ વાત સાચી છે. જોકે કેટલાક રાજકીય નીરિક્ષકો માની રહ્યા છે કે સોશિયલ મીડિયા પર સરકારની ટીકા થાય એને પણ અફવા ગણાવવી એ બેહુદુ છે. સરકાર કંઈ ભારતીય લશ્કર નથી કે ટીકાથી એનું મનોબળ નબળું પડે.

### સમાજવાદી પક્ષના અબુ આઝમી મહાવિકાસ અઘાડી પર ગુસ્સે થયા

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની તૈયારી પૂર ઝડપે ચાલી રહી છે. દરેક મુખ્ય પક્ષના સિનિયર નેતાઓ ટિકિટ માટે પોતાના પક્ષના હાઈકમાન્ડ પર દબાણ લાવી રહ્યા છે. ઈન્ડિયા ગઠબંધનના મુખ્યપક્ષ સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીએ એવું નિવેદન આપ્યું છે કે, એમના પક્ષના જે પાંચ ઉમેદવારો જાહેર થયા છે તેઓ જીતવાના છે. એમણે મહાવિકાસ અઘાડીની ટીકા કરતા કહ્યું કે, ટિકિટ બાબતે આટલા બધા દિવસો સુધી મનોમંથન કરવું એ ભૂલ છે. પોતે આટલો લાંબો સમય રાહ જોઈ શકે એમ નથી. અબુ આઝમીએ એમ પણ કહ્યું કે કોંગ્રેસે એમને બે વખત દગો આપ્યો છે એટલે એમને મહાવિકાસ અઘાડી પર ભરોસો નથી. મહારાષ્ટ્રમાં એવી ચર્ચા થાય છે કે અબુ આઝમીના આ નિવેદનની ફરિયાદ કોંગ્રેસ હાઈકમાન્ડે અખિલેશ યાદવ સમક્ષ પણ કરી છે.



### પોતાના સલુનમાં રાહુલ ગાંધીને આવેલા જોઈને વાળંદ ડઘાઈ ગયો

કોંગ્રેસના સાંસદ અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અચાનક જ નાના કારીગરોને મળવા પહોંચી જાય છે. એમને મળીને તેઓ એમની મુશ્કેલીઓ વિશે જાણે છે. રાહુલ ગાંધી હમણા દિલ્હીના એક હેર કટીંગ સલુનમાં અચાનક પહોંચી ગયા હતા. સલુનનો વાળંદ અજીત, રાહુલ ગાંધીને પોતાની નાનકડી દુકાનમાં જોઈને ચોંકી ગયો હતો. અજીતે રાહુલ ગાંધીની દાઢી ટ્રીમ કરી અને દાઢી કરતા કરતા એણે પોતાની જિંદગીના દુખ વિશે પણ રાહુલ ગાંધીને વાત કરી. રાહુલ ગાંધીએ આ વીડિયો સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કર્યો છે. રાહુલ ગાંધીએ લખ્યું છે કે, મોંઘવારીને કારણે સામાન્ય માણસોના સપના તૂટી રહ્યા છે. હવે એવી યોજના બનાવવાની જરૂર છે કે, મહેનત કરનારાઓ બચત પોતાના ઘરે લઈ જઈ શકે. રાહુલ ગાંધીએ વાળંદને એની કમાણી વિશે પણ પૂછ્યું હતું. વાળંદે જવાબ આપ્યો હતો કે જે કઈ કમાણી થાય છે એ બધી ઘરનું ભાડુ ચૂકવવામાં પૂરી થઈ જાય છે.

### પંજાબના ખેડૂતોના આક્રોશનો પડઘો મહારાષ્ટ્રની ચૂંટણીમાં પડશે

પંજાબના ખેડૂતોએ ફરીથી સરકાર સામે મોરચો ખોલ્યો છે. તેમનો પાક ખરીદવામાં આવી રહ્યો નથી. તે સિવાય પરાળી બાળવામાં આવે તો ખેડૂતો સામે પોલીસ ફરિયાદ દાખલ થાય છે. તેમને પરાળીનો નિકાલ કરવાની કોઈ જ વ્યવસ્થા કરી દેવામાં આવતી નથી. ખેડૂતોએ અમૃતસર-દિલ્હી હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. પંજાબમાં ફરીથી ખેડૂત આંદોલને માથું ઊંચક્યું તેનાથી મહારાષ્ટ્ર ભાજપની ચિંતામાં વધારો થયો છે. મહારાષ્ટ્રમાં પણ ખેડૂતોના પડતર પ્રશ્નો ઉકેલાયા નથી. પંજાબના ખેડૂતોના દેખાવોના વીડિયો અને ફોટો ઈન્ડિયા ગઠબંધને મહારાષ્ટ્રના સોશિયલ મીડિયામાં વાયરલ કર્યા હતા. તેનાથી મહારાષ્ટ્રના ખેડૂતોનો કેન્દ્ર સરકાર સામેનો આક્રોશ તાજો કરવાનો વ્યૂહ છે. આવું કરવાની સલાહ ગઠબંધનને શરદ પવારે આપી હતી. અઠંગ રાજકારણી શરદ પવાર માને છે કે આ ખેડૂતોની અસર મહારાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં થશે.

### ઓબીસી મંત્રાલયની માગ કરીને અનુપ્રિયા પટેલે સરકારને ઘેરી

અનુપ્રિયા પટેલ એનડીએના સહયોગી છે અને અપના દલ પાર્ટીના પ્રમુખ છે. તેઓ ઉત્તર પ્રદેશની મિર્ઝાપુર લોકસભાથી ચૂંટાયા છે. ઘણી બાબતોમાં સહયોગી ભાજપની જ ઉત્તર પ્રદેશ સરકારની ટીકા પણ કરે છે. કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે એક એવું નિવેદન આપી દીધું છે કે કેન્દ્ર સરકાર પણ ચોંકી ગઈ છે. તેમણે કહ્યું હતું કે કેન્દ્રમાં ઓબીસીને સમર્પિત હોય એવું ઓબીસી મંત્રાલય બનાવવું જોઈએ, જુદું બજેટ ફાળવવું જોઈએ. અનુપ્રિયા પટેલે શિક્ષકોની ભરતીમાં પણ ઓબીસી ઉમેદવારો સાથે અન્યાય થયાનો મુદ્દો ઉઠાવ્યો હતો. અનુપ્રિયાની આ આક્રમકતાનો ભાજપ હાઈકમાન્ડ જવાબ આપવાનું ટાળે છે.

### દિલ્હીની મહિલા કોલેજે દિવાળી સેલિબ્રેશનનું નામ નૂર રાખતા વિવાદ

દિલ્હીની લેડી શ્રી રામ કોલેજમાં દર વર્ષે દિવાળીનું સેલિબ્રેશન થાય છે. વેકેશન પહેલાં થતી આ ઉજવણીનું નામ નૂર રાખવા બાબતે આ વર્ષે વિવાદ થયો છે. નેશનલ સર્વિસ સ્કિમ હેઠળ થતી આ ઉજવણીનું નામ દિવાળીના ઉજાસના સંદર્ભમાં ઉર્દુ નામ નૂર રખાયું તે બાબતે બે જૂથ પડી ગયા. એક વર્ષે આરોપ લગાવ્યો કે દિવાળીના તહેવારનું બિનજરૂરી રીતે ઉર્દુ નામ રાખવામાં આવે છે.

### રૂમર્ડ બોયફ્રેન્ડ જોડે પહોંચી હાર્દિક પંડ્યાની એક્સ વાઈફ, નવાબ સૈફનો લાડલો ઈબ્રાહિમ ગર્લફ્રેન્ડ પલકને ભેટ્યો...

# અબુ જાની-સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં પહોંચ્યા બોલિવૂડ સ્ટાર્સ

દિવાળી પહેલાં જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પ્રિ-દિવાળી પાર્ટીઓ શરૂ થઈ ગઈ છે. તાજેતરમાં, ડિઝાઈનર્સ અબુ જાની અને સંદીપ ખોસલાએ દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં ઈન્ડસ્ટ્રીની ઘણી હસ્તીઓએ હાજરી આપી હતી. પાર્ટી દરમિયાન સૈફ અલી ખાનનો પુત્ર ઈબ્રાહિમ અલી ખાને તેની રૂમર્ડ ગર્લફ્રેન્ડ પલક તિવારીને ગળે લગાવીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું. દિવાળી પાર્ટીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં પલક તિવારી કારમાંથી નીચે ઊતરીને પાર્ટીમાં પ્રવેશતી જોવા મળી રહી છે. આ દરમિયાન ઈબ્રાહિમ અલી ખાને તેનું સ્વાગત કર્યું અને તેને ગળે લગાવી. આ પછી ઈબ્રાહિમે પલકનો ત્યાં ઊભેલા વિજય વર્મા અને તમન્ના ભાટિયા સાથે પણ પરિચય કરાવ્યો. રૂમર્ડ બોયફ્રેન્ડ એલેક્ઝાન્ડર જોડે પાર્ટીમાં પહોંચી હાર્દિકની એક્સ વાઈફ નતાશા નતાશા સ્ટેનકોવિકે તેના મિત્ર અને રૂમર્ડ બોયફ્રેન્ડ એલેક્ઝાન્ડર એલેક્સ ઈલિક સાથે અબુ જાની સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી.આ દરમિયાન એલેક્ઝાન્ડર નતાશાનો હાથ પકડીને કારમાંથી બહાર નીકળવામાં મદદ કરતો જોવા મળ્યો હતો. આ પહેલાં પણ નતાશા સિકંદર સાથે ઘણી જગ્યાએ જોવા મળી હતી. હાલમાં જ બંને પૂલમાં એન્જોય કરતા જોવા મળ્યા હતા.



# માતા-પિતાના છૂટાછેડા પર સોહેલ ખાનનો મોટો પુત્ર બોલ્યો

## નાના ભાઈને છૂટાછેડાનો અર્થ ખબર ન હોવાથી તેણે ગૂગલ પર સર્ચ કર્યું

(એજન્સી) મુંબઈ | તા.27

સીમા સજદેહ હાલમાં નેટફ્લિક્સના શો 'ધ ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ વાઈવ્સ' માટે સમાચારમાં છે. તાજેતરમાં, તેણે એક એપિસોડમાં મોટા પુત્ર નિર્વાણ અને સોહેલ ખાન સાથેના છૂટાછેડા વિશે વાત કરી. આ દરમિયાન નિર્વાણે જણાવ્યું કે છૂટાછેડા સમયે તેના નાના ભાઈ યોહાનને તેનો અર્થ પણ ખબર ન હતી, તેથી તેણે ગૂગલ પર સર્ચ કર્યું. કપલને બે બાળકો છે, જેનું નામ નિર્વાણ અને યોહાન છે.



વાસ્તવમાં, શોના એક એપિસોડમાં સીમા સજદેહ તેના પુત્ર નિર્વાણને પૂછે છે, લોકો મારા આગળ વધવાની વાત કરી રહ્યા છે. શું તમે મારાથી નારાજ છો? આના પર નિર્વાણ જવાબ આપે છે, 'ના મમ્મી, બિલકુલ નહીં. દરેક વ્યક્તિને જીવનસાથીની જરૂર હોય છે. જો તમે ખુશ છો, તો અમે તમારા માટે ખુશ છીએ. માતા-પિતાના છૂટાછેડા અંગે નિર્વાણ કહે છે, 'તમારા છૂટાછેડા જાહેરમાં થયા છે. આ એવા સમયે થયું જ્યારે યોહાન કદાચ છૂટાછેડા શબ્દ પણ જાણતો ન હતો. તેથી જ્યારે આ બધું થઈ રહ્યું હતું, ત્યારે તે કદાચ બધું શીખી રહ્યો હતો. મેં તેને ગુગલ પર છૂટાછેડા શબ્દનો અર્થ સર્ચ કરતાં જોયો.

નિર્વાણે આગળ કહ્યું, 'છૂટાછેડા પછી તમે વરલી શિફ્ટ થઈ ગયા. યોહાન માટે આ સ્વીકારવું મુશ્કેલ હતું, કારણ કે તેનો જન્મ બાંદ્રા પરિવારમાં થયો હતો. અમે એક જ ઘરમાં મોટા થયા છીએ. યોહાનના મિત્રો બાંદ્રામાં રહે છે, તેથી તે મોટાભાગનો સમય પપ્પાના ઘરે વિતાવતો હતો. જો તમે (સીમા) બાંદ્રા પાછા આવ્યા હોત તો કદાચ અમારા માટે ઘણું બધું સરળ બની ગયું હોત.

સોહેલ-સીમાએ ભાગીને લગ્ન કરી લીધા હતા સોહેલ અને સીમા ભાગી ગયા અને 1998માં લગ્ન કરી લીધા. સીમા દિલ્હીની રહેવાસી છે અને ફેશન ડિઝાઈનિંગમાં કરિયર બનાવવા માટે તે મુંબઈ ગઈ હતી. આ દરમિયાન સીમા અને સોહેલ પહેલીવાર મળ્યા હતા.

# પલક તિવારી અને ઈબ્રાહીમ અલી ગળે ભેટ્યાં, ડેટિંગની અફવાઓ વચ્ચે વીડિયો થયો વાઈરલ

(એજન્સી) મુંબઈ | તા.27

સૈફ અલી ખાન અને અમૃતા સિંહનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અવારનવાર હેડલાઈન્સમાં રહેતો હયો છે. સ્ટાર કિડ તેની આગામી ફિલ્મ 'સરઝમીન'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. તેની પ્રોફેશનલ સિવાય પર્સનલ લાઈફની પણ સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થતી તહી છે. 26 ઓક્ટોબરના રોજ અબુ જાની સંદીપ ખોસલાની દિવાળી પાર્ટીમાં હાજરી આપનાર ઈબ્રાહિમ અલી તેની કહેવાતી ગર્લફ્રેન્ડ પલક તિવારીને ગળે લગાવતો જોવા મળ્યો હતો. બંનેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ઈબ્રાહિમ અલી ખાને પાર્ટીમાં પ્રવેશતા પહેલા પલક તિવારીને ગેટ પર ગળે લગાવીને મુલાકાત કરી હતી. આ પાર્ટી દરમિયાન ઈબ્રાહિમે પલકનો પરિચય અભિનેતા વિજય વર્મા અને અભિનેત્રી તમન્ના ભાટિયા સાથે પણ કરાવ્યો હતો.

# વિદ્યા બાલને 'ભૂલ ભૂલૈયા 2' રિજેક્ટ કરી હતી


## એક્ટ્રેસે કહ્યું, 'મને ડર હતો કે મારી પહેલી ફિલ્મની ઈમેજ બગડી જશે, જોખમ લેવા નહોતી માંગતી'

(એજન્સી) મુંબઈ | તા.27

'ભૂલ ભુલૈયા' ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મ 2007માં રીલિઝ થઈ હતી અને ત્યારથી દર્શકોમાં તેના માટે ઘણો ક્રેઝ છે. આ ફિલ્મમાં વિદ્યા બાલન અને અક્ષય કુમારે કામ કર્યું હતું. જ્યારે ભૂષણ કુમારે 'ભૂલ ભૂલૈયા 2' બનાવવાનું વિચાર્યું ત્યારે તેણે વિદ્યા બાલનને આ રોલ ઓફર કર્યો, પરંતુ વિદ્યાએ ના પાડી. એક્ટ્રેસે કહ્યું કે , તેને ડર હતો કે તે પ્રથમ ફિલ્મની સફળતાનું પુનરાવર્તન કરી શકશે નહીં.

એક ઈવેન્ટ દરમિયાન પ્રોડ્યુસર ભૂષણ કુમારે કહ્યું, 'મેં 'ભૂલ ભૂલૈયા 2' માટે વિદ્યા જીનો સંપર્ક કર્યો હતો, પરંતુ તેમણે ના પાડી દીધી હતી. પછી ટ્રેલર લોન્ચ સમયે, ઓછામાં ઓછું ટ્રેલરનો ભાગ બનવા વિનંતી કરી. તેણે ટ્રેલર પોસ્ટ કર્યું, ફિલ્મ પસંદ કરી અને વચન આપ્યું કે તે ત્રીજી ફિલ્મનો ભાગ બનશે.

આ અંગે વિદ્યાએ કહ્યું, 'હું ખૂબ ડરી ગઈ હતી કારણ કે ભૂલ ભૂલૈયા 1 એ મને ઘણું બધું આપ્યું છે... મેં કહ્યું, 'જો હું ગડબડ કરીશ તો બધું બરબાદ થઈ જશે.' હવે વિદ્યા ફરીથી 'ભૂલ ભુલૈયા 3'માં જોડાઈ રહી છે. તેણે કહ્યું, 'હું ભૂલ ભૂલૈયા 2 માં કામ કરવા માંગતી હતી, પરંતુ ડરતી હતી. મેં અનીસ ભાઈને કહ્યું કે તે આ જોખમ લઈ શકે તેમ નથી. પરંતુ જ્યારે ત્રીજા ભાગની



ઓફર આવી ત્યારે મને સ્ક્રિપ્ટ ગમી અને વસ્તુઓ સારી થઈ. અભિનેત્રીએ આગળ કહ્યું, 'કાર્તિક પણ તેમાં હતો, મને પણ ભૂલ ભુલૈયા 2 ગમ્યું. અને માધુરી દીક્ષિત પણ ત્યાં હતી. મેં હિંમત ભેગી કરી અને મજા કરી. અનીસ ભાઈ મનોરંજનના બાદશાહ છે, તેમની સાથે કામ કરવું મેજીકલ હતું.

# રણબીરે એક સીન માટે 37 ટેક આપ્યા હતા: ડાયરેક્ટરે એક્ટરના વખાણ કર્યા, કહ્યું- તે રિટેક આપવામાં થાકતો નથી

(એજન્સી) મુંબઈ | તા.27

ફિલ્મમેકર લવ રંજને ખુલાસો કર્યો છે કે, રણબીરે ફિલ્મ 'મૈં જૂઠી તુ મક્કાર'ના એક સીન માટે 37 ટેક આપ્યા હતા. આ પછી પણ રણબીરે કહ્યું કે જો રંજન શોટથી ખુશ નથી તો તે વધુ શોટ આપશે.

રંજન અજય દેવગન અને રણબીરને સાથે કાસ્ટ કરવા માગતો હતો લવ રંજને એ પણ ખુલાસો કર્યો હતો કે તે શરૂઆતમાં રણબીર અને અજય દેવગન સાથે ફિલ્મ બનાવવા માગતો હતો. જ્યારે તે ફિલ્મ બની ન હતી, ત્યારે તેણે રણબીર સાથે મળીને ફિલ્મ 'મેં જૂઠી તુ મક્કાર' બનાવી હતી.

સોની મેક્સ પર તેની ફિલ્મ વિશે વાત કરતાં રંજને કહ્યું, 'તે એક નવું જોડાણ હતું. રણબીર અને હું પહેલીવાર સાથે કામ કરી રહ્યા હતા. અમે ત્યાં જ વાત શરૂ કરી. આ એક એવી ફિલ્મ હતી જે અમે સાથે કરવાના હતા. પરંતુ ફિલ્મ બની શકી નહીં. આ પછી મેં રણબીર સાથે 'તુ જૂઠી મેં મક્કાર' બનાવવાનું નક્કી કર્યું. રણબીર પણ આ વાત પર સહમત થયો.

રણબીરે એક સીન માટે 37 ટેક આપ્યા હતા રંજને રણબીરના કામ અને સમર્પણની વધુ પ્રશંસા કરી. તેણે કહ્યું, 'ફિલ્મ બનાવતી વખતે ઘણી વખત ઘણી રસપ્રદ વસ્તુઓ થાય છે. એક વાત એવી છે કે શૂટિંગનો ત્રીજો દિવસ હતો. અમે રણબીરના 37 ટેક લીધા. તે એવી વ્યક્તિ છે જે 37 ટેક આપ્યા પછી પણ તમારી પાસે આવશે અને કહેશે - જો તમે 100% ખુશ નથી, તો મને જણાવો. હું તેને બીજી તક આપીશ. એવું ન કહે કે તે ઠીક છે કારણ કે મેં 37 ટેક આપ્યા છે.

આ ફિલ્મ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી નોંધનીય છે કે, ફિલ્મ 'તુ જૂઠી મેં મક્કાર'નું નિર્દેશન લવ રંજને કર્યું હતું. આ ફિલ્મમાં રણબીર કપૂર, શ્રદ્ધા કપૂર, બોની કપૂર અને ડિમ્પલ કાપડિયા જેવા મોટા સેલેબ્સ હતા. 200 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે વિશ્વભરમાં 223 કરોડ રૂપિયાની કમાણી કરી હતી.



# દિલ્હીથી 'દિલ લુમિનાટી ઈન્ડિયા ટૂર 2024'ની શરૂઆત

## દિલજીત દોસાંઝે પરફોર્મન્સ પહેલા તિરંગો લહેરાવ્યો હતો, ચાહકોથી હાઉસફુલ થઈ ગયું સ્ટેડિયમ

(એજન્સી) મુંબઈ | તા.27

દિલજીત દોસાંઝે દેશની રાજધાની દિલ્હીથી દિલ-લુમિનાટી ટૂર ઈન્ડિયા શરૂ કરી. 26 ઓક્ટોબરના રોજ, જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં તેનો કોન્સર્ટ યોજાયો હતો જ્યાં તેણે તેના શાનદાર પ્રદર્શનથી દર્શકોના દિલ જીતી લીધા હતા.

દિલજીત દોસાંજનો આ કોન્સર્ટ બે દિવસ દિલ્હીમાં યોજાવાનો છે. શનિવારે લાઈવ શોમાં ગાયક કાળો પોશાક, મેચિંગ પાઘડી અને ચશ્મા પહેરીને જોવા મળ્યો હતો. કોન્સર્ટની શરૂઆતમાં દોસાંઝે ત્રિરંગો ફરકાવ્યો હતો. આ પછી તેણે ધ્વજ સામે સલામી આપી હતી. આ પછી તેણે 'ઉડતા પંજાબ'ના 'લવર્સ', '5 તારા', 'ડુ યુ નો', 'ઈક કુડી' જેવા લોકપ્રિય ગીતો ગાઈને દર્શકોને ખુશ કર્યા.

ટિકિટના અભાવે ત્રણ દિવસનો કોન્સર્ટ થઈ શક્યો ન હતો. આ દરમિયાન દિલજીતે કહ્યું- 'દિલ્હીમાં અમારું હાઉસ ફુલ થઈ ગયું હતું, ટિકિટો વેચાઈ ગઈ હતી. અમને આટલી ટિકિટ માટે જ પરવાનગી મળી છે, નહીં તો અમારે વચ્ચે સ્ટેજ બનાવીને સતત ત્રણ દિવસ સુધી પરફોર્મ કરત. આપ સૌનો આભાર અને કદર.

'હું પ્રેક્ષકોમાં દરેક સાથે...' અંતમાં દિલજીતે કહ્યું- 'ઘણા ઈન્ટરનેશનલ પર્ફોર્મન્સ પછી દિલ્હી પરત ફરવું ઘર વાપસી જેવું લાગ્યું. ભીડનો પ્રેમ સ્પષ્ટ હતો અને તેમણે મને યાદ કરાવ્યું કે હું જે કરું છું તે શા માટે કરું છું. પ્રેક્ષકોના દરેક ઉત્સાહ અને દરેક અવાજે મને હાજર દરેક સાથે જોડાયેલો અનુભવ કરાવ્યો. જબરજસ્ત પ્રતિસાદ માટે હું ખૂબ જ આભારી છું, અને હું આજે દિલ્હીમાં ફરીથી પરફોર્મન્સ કરવા માટે રાહ જોઈ શકતો નથી.

કોન્સર્ટને કારણે જામ થયો દિલજીત દોસાંઝના કોન્સર્ટને કારણે દિલ્હીમાં ઘણી જગ્યાએ ટ્રાફિક જામની સમસ્યા સામે આવી હતી, ઘણા લોકોએ સ્થળ સુધી પહોંચવાના પ્રયાસમાં લાંબા ટ્રાફિક જામમાં ફસાઈ જવાની ફરિયાદ કરી હતી.



# 12 વર્ષ, 4331 દિવસ, 18 હોમ સિરીઝ જીતના વર્ચસ્વનો અંત



## રોહિત-વિરાટનું ખરાબ ફોર્મ ભારે પડ્યું, કેપ્ટન-કોચની સ્ટ્રેટેજી નિષ્ફળ; કિવીઝને હળવાશથી લેવાનું પરિણામ ભોગવ્યું

(એજન્સી) પૂર્ણે તા 27

ન્યૂઝીલેન્ડ ટીમે 3 મેચની ટેસ્ટ સિરીઝની પહેલી બે મેચ જીતીને ભારતીય ટીમ સામે આ ઐતિહાસિક સિરીઝ જીતી લીધી હતી. 12 વર્ષ પહેલાં ઇંગ્લેન્ડે ભારતને ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાં હરાવ્યું હતું. આ પછી 12 વર્ષ, 4331 દિવસ અને 18 સતત હોમ સિરીઝ પછી ટીમ ઈન્ડિયા પોતાના હોમ ગ્રાઉન્ડ પર ટેસ્ટ સિરીઝ હારી છે. જો કે, આજે અમે તમને તે 7 કારણો વિશે જણાવવા જઈ રહ્યા છીએ જેના કારણે ભારત ટેસ્ટ સિરીઝ હારી ગયું.

ભારતીય ટીમની ખરાબ બેટિંગ, રોહિત-વિરાટ ખરાબ રીતે નિષ્ફળ રહ્યા ભારતીય ટીમની બેટિંગ બંને ઈનિંગ્સમાં સંપૂર્ણ ફ્લોપ રહી હતી. ટીમ ઈન્ડિયા પહેલી ઈનિંગમાં માત્ર 156 રનમાં સમેટાઈ ગઈ હતી. તો આના પર બીજી ઈનિંગમાં 359 રનનો ટાર્ગેટ હતો. મોટી મેચમાં ટીમની નજર તેમના સૌથી સિનિયર ખેલાડીઓ પર હોય છે, જે ટીમ ઈન્ડિયા પાસે રોહિત શર્મા અને વિરાટ કોહલીના રૂપમાં છે. પરંતુ બંને દિગ્ગજો સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યા હતા. જ્યાં રોહિતે પ્રથમ ઈનિંગમાં શૂન્ય અને બીજી ઈનિંગમાં 8 રન બનાવ્યા હતા. જ્યારે વિરાટ પહેલી ઈનિંગમાં 1 રન અને બીજી ઈનિંગમાં 17 રન બનાવીને આઉટ થયો હતો.

### ન્યૂઝીલેન્ડને હળવાશથી લેવાનું પરિણામ ભોગવવું પડ્યું

ન્યૂઝીલેન્ડની ટીમ 1955થી ભારતનો પ્રવાસ કરી રહી છે, પરંતુ તે પહેલા ક્યારેય અહીં ટેસ્ટ સિરીઝ જીતવામાં સફળ રહી ન હતી. આ કારણે ભારતીય મેનેજમેન્ટે કદાચ ન્યૂઝીલેન્ડને ગંભીરતાથી લીધું ન હતું. આ સિરીઝ પહેલાં કિવી ટીમને શ્રીલંકામાં હારનો સામનો કરવો પડ્યો હતો. મોટાભાગના ભારતીય ચાહકો અને નિષ્ણાતોને વિશ્વાસ હતો કે ન્યૂઝીલેન્ડ સામેની સિરીઝ જીતવી એ ભારત માટે કેક-વોક સાબિત થશે. પણ હવે ઊલટું થયું. કિવીઝને હળવાશથી લેવાનું પરિણામ ટીમ ઈન્ડિયાએ ભોગવ્યું છે.

### સ્ટ્રેટેજી સમજની બહાર, ગૌતમ ગંભીર દરેક મોરચે નિષ્ફળ ગયો

પુણે ટેસ્ટમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા અને કોચ ગૌતમ ગંભીરની રણનીતિ સંપૂર્ણ રીતે કામ કરી શકી ન હતી. ટૉસ હાર્યા પછી પ્રથમ બોલિંગ કરવાનો હિટમેનનો પ્રયાસ સફળ રહ્યો ન હતો. જેમ જેમ રમત આગળ વધતી ગઈ, તેમ તેમ બેટિંગ માટે પિચ ખરાબ બનતી ગઈ. આવી સ્થિતિમાં ભારત પ્રથમ બેટિંગ કરી શક્યું હોત, તો સ્થિતિ કંઈ અલગ હોત. આ સિવાય ભારતની આટલી ઊંડી બેટિંગ કરવાની રણનીતિ પણ ફ્લોપ રહી હતી.

**ન્યૂઝીલેન્ડ સારી તૈયારી સાથે આવ્યું :** ભારતના પ્રવાસ પહેલા ન્યૂઝીલેન્ડની ટીમ શ્રીલંકા સામે બે ટેસ્ટ મેચની સિરીઝ રમીને ભારત આવી. ત્યાં કિવી ટીમને 0-2થી હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના ખેલાડીઓને સ્પિન ફ્રેન્ડલી સ્થિતિમાં રમવાની સારી પ્રેક્ટિસ મળી હતી. આ પ્રેક્ટિસ ભારત સામેની પ્રથમ બે ટેસ્ટ મેચમાં કામ આવી.

## ઈન્ડિયાને ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં હરાવી રેકોર્ડની લાઈન લગાવી દીધી

ન્યુઝીલેન્ડની ક્રિકેટ ટીમે તે કરી બતાવ્યું જે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકા જેવી મજબૂત ટીમો પણ છેલ્લા 12 વર્ષમાં નથી કરી શકી. કીવી ટીમે ભારત આવીને ટીમ ઈન્ડિયાને ટેસ્ટ શ્રેણીમાં હરાવીને ઈતિહાસ રચ્યો છે. સાથે જ 12 વર્ષ બાદ ટીમ ઈન્ડિયાને ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામ સાથે ન્યુઝીલેન્ડે કેટલાક ખાસ રેકોર્ડ બનાવ્યા છે, જ્યારે ટીમ ઈન્ડિયા અને ભારતીય કેપ્ટને પોતાના ખાતામાં અનિચ્છનીય રેકોર્ડ નોંધાવ્યા છે.

**ટેસ્ટ ઈતિહાસમાં પ્રથમ વખત ન્યુઝીલેન્ડ ભારતમાં આવીને ટેસ્ટ સિરીઝ જીત્યું છે.** અગાઉ, કિવી ટીમે તેના લગભગ 70 વર્ષના ઈતિહાસમાં ભારતમાં માત્ર 2 ટેસ્ટ મેચ જીતી હતી, પરંતુ હવે તેમણે એક સાથે 2 મેચ અને એક શ્રેણી જીતીને ઈતિહાસ રચ્યો છે. સ્પિન સ્ટ્રેટેજી કામ ન કરી, ટીમ ઈન્ડિયા પોતાની જ જાળમાં ફસાઈ પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમની પિચ સ્પિનરો માટે સ્વર્ગથી ઓછી નહોતી. ભારતની યોજના કિવીઝ તેની જાળમાં ફસાવવાની હતી. પરંતુ ન્યૂઝીલેન્ડે બંને દાવમાં ભારત કરતાં વધુ સારી સ્પિન રમી હતી. જેના કારણે ટીમ ઈન્ડિયા પોતાની જ જાળમાં ફસાઈ ગઈ. મિચેલ સેન્ટનરની સામે ભારતીય બેટર્સ સંપૂર્ણપણે સ્તબ્ધ થઈ ગયા હતા.

21મી સદીમાં ન્યુઝીલેન્ડ ભારતમાં આવીને ટેસ્ટ શ્રેણી જીતનારી માત્ર ચોથી ટીમ બની છે. આ 24 વર્ષોમાં દક્ષિણ આફ્રિકા (2000), ઓસ્ટ્રેલિયા (2004) અને ઈંગ્લેન્ડ (2012)એ ભારતમાં ટેસ્ટ શ્રેણી જીતી હતી.

**મિશેલ સેન્ટનરે પુણેમાં ટેસ્ટ મેચમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પણ બનાવ્યો :** સેન્ટનર ભારતમાં એક ટેસ્ટમાં સૌથી વધુ વિકેટ લેનારો બીજો સર્વશ્રેષ્ઠ લેફ્ટ આર્મ સ્પિનર બની ગયો છે. નંબર-1 પર તેનો સાથી એજાઝ પટેલ છે, જેણે 2021માં મુંબઈ ટેસ્ટમાં 14 વિકેટ લીધી હતી.

## વોર્નરની કેપ્ટનશિપ પરથી આજીવન પ્રતિબંધ હટાવ્યો




(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 27

ઓસ્ટ્રેલિયાના ઓપનર ડેવિડ વોર્નર પર સુકાનીપદેથી લાગેલો આજીવન પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. 2018માં, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા વોર્નરને ઓસ્ટ્રેલિયામાં કોઈપણ ટીમની કેપ્ટનશિપ કરવા માટે આજીવન પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના આચાર પંચે નિર્ણયની સમીક્ષા કરી છે અને વોર્નર પરનો પ્રતિબંધ હટાવવાનો નિર્ણય લીધો છે. પ્રતિબંધ હટાવવાની સાથે, તે આગામી BBL સિઝનમાં સિડની થંડર્સની કેપ્ટનશિપ કરશે તેવી અટકળો ચાલી રહી છે. ડેવિડ વોર્નર પર 2018માં સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ મેચમાં બોલ ટેમ્પરિંગ માટે આ પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. વોર્નર ઉપરાંત સ્ટીવ સ્મિથ અને કેમરૂન બેનક્રોફ્ટ પણ બોલ ટેમ્પરિંગ કેસમાં દોષિત ઠર્યા હતા, જેમના પર એક વર્ષનો ક્રિકેટથી પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ડેવિડ વોર્નર પર પ્રતિબંધ લગાવ્યાના છ વર્ષ બાદ ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. આ અંગે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા દ્વારા એક પ્રેસ રિલીઝ જારી કરવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે 25 ઓક્ટોબરના રોજ આચાર આયોગની 3 સભ્યોની પેનલે વોર્નર પર લગાવવામાં આવેલ આજીવન નેતૃત્વ પ્રતિબંધ હટાવવાનો નિર્ણય લીધો હતો. પેનલને જાણવા મળ્યું કે વર્ષ 2022માં ઓસ્ટ્રેલિયન ક્રિકેટની આચાર સંહિતામાં કરાયેલા ફેરફારો અનુસાર વોર્નર પ્રતિબંધ હટાવવાના નિયમોનું પાલન કરે છે. 2018માં તેની સામે આજીવન નેતૃત્વ પ્રતિબંધ લાદવામાં આવ્યો તે પછી જ ડેવિડ વોર્નરે તેને પાછી ખેંચવાની અપીલ કરી. વોર્નર 2022માં પોતાના પર લાગેલા પ્રતિબંધથી એટલો કંટાળી ગયો હતો.

## અમે ના કરી શક્યા..! પાકિસ્તાન સામે હાર બાદ દુ:ખી થયો બેન સ્ટોક્સ

(એજન્સી) પેશાવર તા 27

ઈંગ્લેન્ડને ટેસ્ટ સિરીઝમાં પાકિસ્તાનના હાથે 1-2થી હારનો સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાને શનિવારે ત્રીજી અને નિર્ણાયક ટેસ્ટમાં ઈંગ્લેન્ડને 9 વિકેટે હરાવ્યું હતું. રાવલપિંડીમાં પાકિસ્તાનને માત્ર 36 રનનો ટાર્ગેટ મળ્યો હતો. ઈંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટ એક દાવ અને 47 રનથી જીતી હતી પરંતુ તે પછી સતત બે મેચ હારી હતી. પાકિસ્તાન સામે ટેસ્ટ સિરીઝ હાર્યા બાદ ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સની પીડા વ્યક્ત કરવામાં આવી છે. તેણે કહ્યું કે ઈંગ્લેન્ડની ટીમ પડકારોનો મજબૂત રીતે સામનો કરી શકી નથી, જેના કારણે તેને પરિણામ ભોગવવા પડશે.




સ્ટોક્સે રાવલપિંડીમાં હાર બાદ કહ્યું હતું કે મેચ હારવી અને સિરીઝ ગુમાવવી નિરાશાજનક છે. છેલ્લી બે મેચમાં અમે પડકારોનો સામનો કરી શક્યા ન હતા. આનો શ્રેય પાકિસ્તાનને જાય છે. આગળ જતાં અમે તે પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરીશું. થોડા અઠવાડિયા પછી અમારે ન્યુઝીલેન્ડ સામે (28 નવેમ્બરથી ત્રણ મેચની ટેસ્ટ સિરીઝ) રમવાનું છે. અમારા ખેલાડીઓએ સખત મહેનત કરી પરંતુ જ્યારે તમે મેદાન પર આવો છો ત્યારે બધું જ અલગ હોય છે. તમે માત્ર સખત મહેનત કરી શકો છો. તમારે પોઝિટીવ રહેવું જોઈએ: સ્ટોક્સ

કેપ્ટને વધુમાં કહ્યું કે તમે સારું કરો કે ન કરો, તમારે હંમેશા સકારાત્મક રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. પરિણામ ગમે તે હોય, ત્યાં કેટલાક આકર્ષક વ્યક્તિગત પ્રદર્શન હતા. ચોક્કસપણે ઘણું શીખવા જેવું છે. તમે તે પાસાને જુઓ અને તેને જુઓ. રેહાન અહેમદ અને બશીર બશીર અહીં પરિવારની સામે ક્રિકેટ રમતા હતા. આ તેમના માટે મોટી વાત છે. તેઓ બે અવિશ્વસનીય ક્રિકેટર છે જે હમણાં જ તેમની કારકિર્દીની શરૂઆત ઓ કરી રહ્યા છે.

## શું ટીમ ઈન્ડિયામાં મો. શમીની સફર પૂરી થઈ ગઈ ?



(એજન્સી) નવી દિલ્હી તા 27

બોર્ડર-ગાવસ્કર ટ્રોફી 2024-25 માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ ઝડપી બોલર મોહમ્મદ શમીને ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટેની ટીમમાં પસંદ કરવામાં આવ્યો નથી. તેણે તાજેતરમાં જ પોતાને ફિટ જાહેર કર્યો હતો. આ સિવાય તે સંપૂર્ણ રન-અપ સાથે બોલિંગ કરતો જોવા મળ્યો હતો. તેમ છતાં તેની ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટેની ટીમમાં પસંદગી કરવામાં આવી નથી. ટીમ ઈન્ડિયા હાલમાં ન્યુઝીલેન્ડ સામે ટેસ્ટ સિરીઝ રમી રહી છે. આ પછી ભારતીય ટીમ તેની આગામી ટેસ્ટ શ્રેણી ઓસ્ટ્રેલિયા સામે રમશે. 22મી નવેમ્બરથી રમાનારી આ શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી આ પ્રવાસમાં ટીમનો ભાગ નહીં હોય.મોહમ્મદ શમી 2023 ODI વર્લ્ડ કપથી ટીમ ઈન્ડિયાની બહાર છે. ટૂર્નામેન્ટ દરમિયાન તેને ઈજા થઈ હતી, જેના કારણે તે ફેબ્રુઆરી 2024માં લંડન ગયો હતો અને સર્જરી કરાવી હતી. એવું માનવામાં આવતું હતું કે તે ઓસ્ટ્રેલિયાના આ પ્રવાસમાં વાપસી કરી શકે છે, પરંતુ આવું થયું નથી. ઓસ્ટ્રેલિયા પ્રવાસની સાથે, BCCIએ દક્ષિણ આફ્રિકાના પ્રવાસ માટે પણ ટીમની જાહેરાત કરી છે, જ્યાં T20 શ્રેણી રમવાની છે. આ સમય દરમિયાન BCCIએ ઈજાના કારણે ટીમમાં પસંદ ન કરાયેલા ખેલાડીઓ અંગે એક અલગ અપડેટ પણ આપી છે, જેમાં કુલદીપ યાદવ, મયંક યાદવ, શિવમ દુબે અને રિયાન પરાગ જેવા ખેલાડીઓનો સમાવેશ થાય છે. પરંતુ BCCIએ પોતાની પ્રેસ રિલીઝમાં મોહમ્મદ શમી અંગે કોઈ અપડેટ નથી આપી, જેનાથી બધાને આશ્ચર્ય થયું છે. મોહમ્મદ શમીએ હાલમાં જ એક ઈવેન્ટ દરમિયાન પોતાની ઈજા અંગે કહ્યું હતું કે તેને હવે કોઈ પીડા નથી લાગતી અને આવતા મહિને શરૂ થઈ.

## ટીમ ઈન્ડિયાને હારતી જોઈને કોહલી થઈ ગયો બેબાકળો

(એજન્સી) પૂર્ણે તા 27

ન્યુઝીલેન્ડે પુણે ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને 113 રને હરાવીને શ્રેણીમાં 2-0ની અજેય સરસાઈ મેળવી લીધી છે. ન્યુઝીલેન્ડની ટીમે ભારતમાં પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતી છે. 12 વર્ષ અને 18 શ્રેણી પછી, ટીમ ઈન્ડિયાને ઘરેલું ટેસ્ટ શ્રેણીમાં હારનો સામનો કરવો પડ્યો છે. ટીમ ઈન્ડિયાને હારતી જોઈને વિરાટ કોહલી બેબાકળો થઈ ગયો હતો અને ગુસ્સામાં જે પ્રતિક્રિયા આપી, તેનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ન્યુઝીલેન્ડે બીજી ટેસ્ટ મેચમાં પણ ટીમ ઈન્ડિયાને કારમી હાર આપી હતી.



મેચના ત્રીજા દિવસે ભારતને 113 રને હરાવીને સિરીઝ 2-0થી કબજે કરી હતી. ટીમ ઈન્ડિયાને હારતી જોઈને વિરાટ કોહલી પણ પોતાના પર કાબૂ રાખી શક્યો નહીં. મેચ દરમિયાન તે બેકાબૂ બની ગયો અને પોતાનો ગુસ્સો ઠાલવ્યો. વાસ્તવમાં, મેચના ત્રીજા દિવસે, કોહલીએ તેનું સંયમ પાછું મેળવ્યું હતું અને તે એકદમ નિયંત્રણમાં દેખાતો હતો. પરંતુ તે કમનસીબે આઉટ થયો હતો. તે આઉટ થતાની સાથે જ અડધી ભારતીય ટીમ પેવેલિયનમાં પહોંચી ગઈ હતી. આનાથી તેને હારનો અહેસાસ થયો. તે અમ્પાયરના નિર્ણયથી પણ ખુશ નહોતો, જેના કારણે તેણે ડ્રેસિંગ રૂમમાં પરત ફરતી વખતે વોટર બોક્સ પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. તેનો આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

## ન્યુઝીલેન્ડ સામે હાર બાદ રોહિતનું મોટું નિવેદન

ટીમ ઈન્ડિયાને ન્યુઝીલેન્ડ સામેની ત્રણ મેચોની ટેસ્ટ શ્રેણીની બીજી મેચમાં 113 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ભારતીય ટીમ 12 વર્ષ બાદ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ હારી છે. આ સિરીઝમાં ટીમ ઈન્ડિયાનું અત્યાર સુધીનું પ્રદર્શન સંપૂર્ણપણે ફ્લોપ રહ્યું છે, ન તો બેટ્સમેન કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યા છે અને ન તો બોલર મેચ વિનર સાબિત થયા. આ સાથે જ ટીમ ઈન્ડિયાનો ભારતમાં સતત ટેસ્ટ શ્રેણી જીતવાનો સિલસિલો પણ તૂટી ગયો છે. આ મોટી હાર સાથે ભારતીય કેપ્ટન રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સ કરી મેચ હારવાનું કારણ જણાવ્યું. આ શ્રેણીની પ્રથમ મેચમાં ટીમ ઈન્ડિયાને 8 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં ભારતીય ટીમે બીજી મેચ માટે સ્પિન ફ્રેન્ડલી પિચ બનાવી હતી. પરંતુ અહીં પણ તેનો પરાજય થયો હતો. આ મેચ માત્ર 3 દિવસ જ ચાલી શકી હતી. આવી સ્થિતિમાં રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં મોટું નિવેદન આપ્યું અને હારનું કારણ જણાવ્યું. તેણે ટીમની નબળી બેટિંગ અંગે ખુલીને વાત કરી હતી. ક્યાંક ને ક્યાંક તેણે આ મેચમાં હાર માટે બેટ્સમેનોને જવાબદાર ઠેરવ્યા હતા. રોહિત શર્માએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'આ મેચમાં પિચ ખરાબ ન હતી, અમે ખરાબ બેટિંગ કરી કારણ કે અમે પ્રથમ દાવમાં તેમના સ્કોર સુધી પણ પહોંચી શક્યા ન હતા અને બેટ્સમેનોને લાગે છે કે તેમણે ભૂલો કરી છે. વિકેટો સતત પડતી રહી અને તે સ્પષ્ટ હતું કે મેચ સરકી રહી છે. અમે દબાણનો સામનો કરવામાં નિષ્ફળ ગયા. અમે હંમેશા જાણતા હતા.

## ટીમ ઈન્ડિયા WTCની ફાઈનલ નહીં રમી શકશે? જાણો પુણે ટેસ્ટમાં હાર બાદ શું છે સમીકરણ

(એજન્સી)પૂર્ણે તા 27

ટીમ ઈન્ડિયાને પુણે ટેસ્ટમાં ન્યુઝીલેન્ડના હાથે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ન્યુઝીલેન્ડે સિરીઝ 2-0થી કબજે કરી લીધી છે. આ હારને કારણે ભારતીય ટીમ પર WTCની ફાઈનલમાં જવાનો ખતરો છે કારણ કે હવે તેની 6 મેચ બાકી છે. એવામાં ટીમ ઈન્ડિયા માટે WTCની ફાઈનલમાં પહોંચવું મુશ્કેલ બની ગયું છે. ટીમ ઈન્ડિયા WTCની ફાઈનલ નહીં રમી શકશે? જાણો પુણે ટેસ્ટમાં હાર બાદ શું છે સમીકરણ ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં સરળતાથી જગ્યા બનાવી રહી હોય તેવું લાગી રહ્યું હતું, પરંતુ અચાનક તેનું સમીકરણ બદલાઈ રહ્યું છે. ટીમ ઈન્ડિયા પર WTC ફાઈનલની રેસમાંથી બહાર થઈ જવાનો ખતરો છે. તેનું કારણ ન્યુઝીલેન્ડ છે. ચાહકોને આશા હતી કે ભારત મુલાકાતી ટીમને 3-0 અથવા 2-1થી હરાવીને સરળતાથી પોતાનું સ્થાન સુરક્ષિત કરશે. પરંતુ ન્યુઝીલેન્ડની ટીમે ટેબલ ફેરવી દીધું છે. પુણેમાં હાર બાદ ટીમ ઈન્ડિયાના પોઈન્ટ્સની ટકાવારી ઘટીને 62.82 થઈ ગઈ છે. જો કે, પોઝિશન પર કોઈ અસર થઈ નથી, કારણ કે હાર છતાં, રોહિત શર્માની ટીમ 0.32 ટકા પોઈન્ટના મામૂલી માર્જિનથી આગળ છે. એટલે કે નંબર વનનો તાજ જવાનો છે. આ જીતનો ફાયદો ન્યુઝીલેન્ડની ટીમને થયો છે. ન્યુઝીલેન્ડે 50 ટકા પોઈન્ટ હાંસલ કર્યા છે અને દક્ષિણ આફ્રિકાને પાછળ છોડીને ચોથા સ્થાને આવી ગયું છે. પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને રહેલી શ્રીલંકાની 4 મેચ બાકી છે જેમાંથી તેને 3 જીતવી જરૂરી છે. આમાં તેમણે ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે 2 મેચ રમવાની છે જ્યારે બાકીની 2 મેચ દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે રમવાની છે. આ સિવાય ચોથા નંબર પર રહેલી ન્યુઝીલેન્ડની હવે આ WTC સર્કલમાં 4 મેચ બાકી છે, જેમાંથી એક મેચ ભારત સામે મુંબઈમાં રમવાની છે. ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે 3 મેચ રમવાની છે. સીધા ફાઈનલમાં જવા માટે ન્યુઝીલેન્ડને આ તમામ મેચ જીતવી પડશે. દક્ષિણ આફ્રિકાએ બાકીની 5 મેચમાંથી 4 મેચ જીતવી પડશે. તેમાંથી આફ્રિકાએ બાંગ્લાદેશ સામે 1 અને શ્રીલંકા-પાકિસ્તાન સામે 2 મેચ રમવાની છે.




### પુણે ટેસ્ટ બાદ WTCના સમીકરણમાં બદલાવ

તેમણે 3 મેચની ટેસ્ટ શ્રેણીમાં 2-0ની લીડ મેળવી લીધી છે. ભારતીય ટીમને પહેલા બેંગલુરુ અને પછી પુણેમાં હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી મેચ હારવાની સાથે જ ભારતીય ટીમ 12 વર્ષ બાદ ઘરઆંગણે સિરીઝ હારી ગઈ હતી અને હવે ભારતને WTC ફાઈનલ માટે પણ સખત મહેનત કરવી પડશે. આવો જાણીએ પૂણે ટેસ્ટ બાદ WTCના સમીકરણમાં શું બદલાવ આવ્યો છે. પુણે ટેસ્ટમાં હારની શું અસર પડી? રોહિત શર્માની કપ્તાનીવાળી ટીમ ઈન્ડિયા પુણે ટેસ્ટ પહેલા WTC પોઈન્ટ ટેબલમાં 68.06 ટકા પોઈન્ટ સાથે ટોચ પર હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ 62.50 ટકા પોઈન્ટ સાથે બીજા સ્થાને હતી. આ સિવાય શ્રીલંકા 55.56 ટકા પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને, દક્ષિણ આફ્રિકા 47.62 ટકા પોઈન્ટ સાથે ચોથા સ્થાને અને ન્યુઝીલેન્ડ 44.44 ટકા પોઈન્ટ સાથે પાંચમા સ્થાને હતું.

### ટીમ ઈન્ડિયા WTC ફાઈનલમાંથી બહાર થશે?

પુણે ટેસ્ટમાં મળેલી હાર બાદ સૌથી મોટો સવાલ એ છે કે શું ભારતીય ટીમ WTC ફાઈનલની રેસમાંથી બહાર થઈ જશે? હાલમાં ટીમ ઈન્ડિયા બહાર નથી થઈ, પરંતુ બહાર થવાનો ખતરો ચોક્કસપણે મંડરાઈ રહ્યો છે. WTC સર્કલમાં ભારતીય ટીમની હવે 6 મેચ બાકી છે. જો તેમણે કોઈપણ ટીમ પર નિર્ભર થયા વિના ફાઈનલમાં પહોંચવું હોય તો ઓછામાં ઓછી 4 મેચ જીતવી પડશે. પરંતુ આવું થવું મુશ્કેલ લાગે છે, કારણ કે એક મેચ ઈનફોર્મ ન્યુઝીલેન્ડ સામે છે અને 5 મેચ ઓસ્ટ્રેલિયા સામે તેમના ઘરઆંગણે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈરાનમાં ઈઝરાયલના હુમલામાં બે સૈનિકના મોત

ઈઝરાયલે ઈરાન પર વહેલી પરોઢિયે 100 ફાઈટર જેટથી ભીષણ હુમલો કરી ઈરાન સામે બદલો લઈ લીધો હતો. ઈઝરાયલના આ હુમલામાં ઈરાનના સૈન્ય સ્થળોને ટાર્ગેટ કરી હુમલો કરાયો હતો જેમાં ઘણા સ્થળો ધ્વસ્ત થયા હતા. આ હુમલા પછી ઈઝરાયલે એક નિવેદન બહાર પાડ્યું હતું.

ઈઝરાયલે કહ્યું કે, તેની પર સતત ઈરાન અને તેના ટેકેદારો તરફથી હુમલા થઈ રહ્યા હતા. અમે પણ વળતો હુમલો કરી બદલો લઈ લીધો છે. અમે પોતાના લોકો અને દેશના બચાવવા કંઈ પણ કરી છૂટીશું. ઈઝરાયલે આ હુમલાની જાણકારી અમેરિકાને આપી હતી. જો કે, અમેરિકા પણ આની પર સતત નજર રાખી રહ્યું છે.ઈરાનના વિદેશ મંત્રાલયે તાજેતરના નિવેદનમાં કહ્યુ છે કે ઈરાન પાસે વિદેશી હુમલાઓ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર અને ફરજ છે. આ પ્રતિક્રિયા તાજેતરના ઈઝરાયલ હુમલા પછી આવી છે, જેમાં તેહરાને તેની સાર્વભૌમત્વ પરના કોઈપણ હુમલાનો સખત જવાબ આપવાની ચેતવણી આપી છે. ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું, "ઈરાન પાસે વિદેશી આક્રમણ સામે પોતાનો બચાવ કરવાનો અધિકાર અને ફરજ છે." આ નિવેદન બાદ આ ક્ષેત્રમાં તણાવ વધુ વધી શકે છે, જ્યાં બંને દેશો વચ્ચે રાજકીય અને સુરક્ષા મુદ્દે મતભેદો ચાલુ છે.

### ઉત્તર વઝીરિસ્તાનમાં આત્મઘાતી બોમ્બ હુમલો, 4 પોલીસ કર્મચારીઓના મોત

પાકિસ્તાનના ઉત્તર વઝીરિસ્તાનમાં શનિવારે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ થયો હોવાની માહિતી મળી હતી. 4 પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. આ હુમલામાં મીર અલીના ઈદક વિસ્તારમાં પોલીસ ચોકીને નિશાન બનાવવામાં આવી હતી. બોમ્બ ધડાકા બાદ ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમના મૃતદેહોને હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

પાકિસ્તાનના ઉત્તર વઝીરિસ્તાનમાં શનિવારે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ થયો હોવાની માહિતી મળી હતી. 4 પોલીસ અધિકારીઓ સહિત ઓછામાં ઓછા છ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ હુમલામાં મીર અલીના ઈદક વિસ્તારમાં પોલીસ ચોકીને નિશાન બનાવવામાં આવી હતી.

બોમ્બ ધડાકા બાદ ઘાયલ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા અને તેમના મૃતદેહોને હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. હુમલાના જવાબમાં સુરક્ષા દળોએ વિસ્તારને સીલ કરી દીધો છે.

2021માં અફઘાનિસ્તાનમાં તાલિબાને ફરી સત્તા મેળવી ત્યારથી, પાકિસ્તાને આતંકવાદમાં નોંધપાત્ર બલૂચિસ્તાન જેવા અફઘાનિસ્તાનની સરહદે આવેલા પ્રાંતોમાં આ મહિને, ઉત્તર વઝિરિસ્તાનમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી દરમિયાન લગભગ એક ડઝન આતંકવાદીઓ માર્યા ગયા હતા.

### ઈરાન પર ઈઝરાયેલના હુમલા વચ્ચે પોલીસ કાફલા પર હુમલો

શનિવારે સવારે ઈરાન પર ઈઝરાયેલના હવાઈ હુમલા વચ્ચે પોલીસ કાફલા પર મોટો આતંકી હુમલો થયો હતો. આ હુમલામાં 10 પોલીસ અધિકારીઓના મોત થયા છે. ઈરાન સરકારે હુમલાની તપાસના આદેશ આપ્યા છે.

ઈરાનમાં ઈઝરાયેલના હુમલા વચ્ચે એક મોટી ઘટના બની છે. શનિવારે, ઈરાનના અશાંત બલૂચિસ્તાન અને દક્ષિણ પ્રાંત સિસ્તાનમાં ઈરાની પોલીસ કાફલા પર મોટો હુમલો થયો હતો. આ હુમલામાં 10 પોલીસ અધિકારીઓના મોત થયા હતા. હુમલાની ઘટના ગોહર કુહમાં બની હતી. તે ઈરાનની રાજધાની તેહરાનથી લગભગ 1,200 કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં સ્થિત છે.

એક સંક્ષિપ્ત નિવેદનમાં, ન્યાય માટે સશસ્ત્ર સંગઠને તફ્તાન શહેરમાં 10 પોલીસ અધિકારીઓને માર્યા ગયેલા બે લશ્કરી વાહનો પરના સશસ્ત્ર હુમલાની જવાબદારી સ્વીકારી, ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના બલૂચ લોકો માટે હિમાયત કરતી સંસ્થા હેલ વેશના અહેવાલ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે.

### અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને વતન પરત મોકલવામાં આવ્યાં

ડોલરિયા દેશમાં ધૂમ કમાણી કરવાના સપનાં લઈને અમેરિકામાં જેમતેમ કરીને ઘુસેલા ભારતીયોને પરત મોકલવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અમેરિકામાં ગેરકાયદે વસવાટ કરતા ભારતીયોને ચાર્ટર્ડ ફ્લાઈટથી વતન મોકલવામાં આવ્યા છે. અમેરિકાના હોમલેન્ડ સુરક્ષા વિભાગના જણાવ્યા અનુસાર, આ પગલું ભારત સરકારના સહયોગથી ઉઠાવવામાં આવ્યું છે. અમેરિકાના હોમલેન્ડ સુરક્ષા વિભાગ તરફથી અપાયેલા નિવેદનમાં કહેવાયું કે, જે ભારતીય નાગરિક અમેરિકામાં ગેરકાયદે રહી રહ્યા છે તેઓને પરત મોકલાશે. આવા પ્રવાસીઓ દલાલોના સકંજામાં ન આવે અને તેઓને ખોટી જાણકારી આપતા હોય છે. આ વિશેષ ફ્લાઈટ 22 ઑક્ટોબરે ભારત મોકલવામાં આવી હતી. DHSએ એમ પણ કહ્યું હતું કે તેઓ યુએસ ઈમિગ્રેશન કાયદાનો કડક અમલ કરી રહ્યા છે અને ગેરકાયદેસર પ્રોત્સાહિત કરી રહ્યા છે. આ વર્ષે જૂનથી, યુએસ-મેક્સિકો સરહદે ગેરકાયદેસર સ્થળાંતર 55 ટકા ઘટ્યું છે.

## આટલા અશાંત કેમ, અંગ્રેજોના ભાગલા, શિયા-સુન્નીની લડાઈ, વિવાદના 3 કારણો

# એક ઈઝરાયલી ફોન કોલને કારણે ઈરાનમાં 3 કલાક હુમલો

રશિયા તા 27

અરબ લોકો પર એવી વ્યવસ્થા થોપવાના પ્રયાસમાં કોણ જાણે કેટલા લોકો મૃત્યુ પામશે. જેની તેમણે ક્યારેય માગ પણ કરી ન હતી. વર્ષ 1920માં મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે આ વાત બ્રિટિશ અખબારમાં છપાઈ હતી. ત્યાર પછી 104 વર્ષ વીતી ગયા છે, પરંતુ મધ્ય પૂર્વ હજુ પણ એ જ રીતે સળગી રહ્યું છે. શનિવારે ઈઝરાયલે એક પછી એક 20 ઈરાનના સ્થળો પર હુમલો કર્યો. 1 ઓક્ટોબરના રોજ ઈરાને 200 મિસાઈલો છોડીને ઈઝરાયલ પર વળતો પ્રહાર કર્યો હતો. લેબનન અને ગાઝામાં પણ ઈઝરાયલના હુમલા ચાલુ છે. લગભગ 3 કલાક સુધી ચાલેલા હુમલામાં 100થી વધુ ફાઈટર જેટ ઈરાનમાં પ્રવેશ્યા હતા. ઈઝરાયલે ઓપરેશનને 'પસ્તાવાનો દિવસ' નામ આપ્યું. મધ્ય પૂર્વમાં ક્યારેય શાંતિ નથી હોતી, છેલ્લા 30 વર્ષથી અહીં દર ચાર વર્ષે એક યુદ્ધ લડવામાં આવે છે. તેનું કારણ 104 વર્ષ પહેલા અંગ્રેજો દ્વારા લેવામાં આવેલો નિર્ણય છે જેમાં આરબ દેશોના ભાગલા પડ્યા હતા.

3 કરારો જેણે મધ્ય પૂર્વનું ભાવિ ખરાબ કર્યું આજનું મધ્ય પૂર્વ પ્રથમ વિશ્વ યુદ્ધ પહેલાં આવું દેખાતું ન હતું. યુદ્ધ સમાપ્ત થતાંની સાથે જ બ્રિટન અને ફ્રાન્સે આ વિસ્તાર પર કબજો કરી લીધો અને તેમના હિતો અનુસાર તેનું વિભાજન કરવાનું શરૂ કર્યું આ વિવાદિત સરહદોને કારણે આજ સુધી આ દેશો એકબીજા સાથે યુદ્ધ લડી રહ્યા છે. પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં, મધ્ય પૂર્વના મોટા ભાગ પર ઓટ્ટોમન સામ્રાજ્ય (તુર્કી)નો કબજો હતો. 1918માં યુદ્ધ સમાપ્ત થાય તે પહેલાં જ, બ્રિટન અને ફ્રાન્સે મધ્ય પૂર્વ પર તેમના દાવા મજબૂત કર્યા. મધ્ય પૂર્વનો નવો નકશો બનાવવા માટે યુરોપમાં ત્રણ મહત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યા હતા.



**1975માં શરૂ થયેલું આ ગૃહયુદ્ધ આગામી 15 વર્ષ સુધી ચાલુ રહ્યું.**

બાલફોર કરાર હેઠળ બ્રિટિશ સરકારે પેલેસ્ટાઈનમાં યહૂદીઓને વસાવવાનું શરૂ કર્યું. 1919થી 1923 સુધીમાં, લગભગ 35 હજાર યહૂદીઓ પેલેસ્ટાઈનમાં સ્થાયી થયા હતા. યહૂદીઓએ અલગ દેશની માગણી શરૂ કરી. આ પછી પેલેસ્ટાઈનમાં આરબ મુસ્લિમો અને યહૂદીઓ વચ્ચે મતભેદો વધવા લાગ્યા. હિલેલ કોહેનના પુસ્તક Zionism is a Blessing to the Arabs અનુસાર, આરબ લેખક મુસા કાઝિમ અલ-હુસેનીએ ઓગસ્ટ 1921માં વિન્સ્ટન ચર્ચિલને એક પત્ર લખ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'પેલેસ્ટાઇનમાં યહૂદી વસાહતીઓ જમીન અને મિલકતની કિંમતમાં ઘટાડો કરી રહ્યા છે અને તે જ સમયે નાણાકીય કટોકટીને જન્મ આપી રહ્યા છે. શું યુરોપ આશા રાખી શકે છે કે આરબો આવા પાડોશી સાથે રહે અને કામ કરે?'

**મધ્ય પૂર્વમાં તેલ માટે યુદ્ધ :** મિડલ ઈસ્ટની સીમા દોર્યા બાદ અહીં વિવાદ ચાલી રહ્યો હતો. આ દેશોમાં તેલના ભંડાર મળવા લાગ્યા. જેના કારણે ત્યાંની સમસ્યાઓમાં વધુ વધારો થયો છે. હવે દરેક દેશ અને જૂથ આ તેલના ભંડાર પર કબજો કરવા માગે છે. તેલએ મધ્ય પૂર્વમાં નવા યુદ્ધો શરૂ કર્યા. અમેરિકા અને બ્રિટન જેવી મોટી શક્તિઓ પણ આ તેલ ભંડાર પર પોતાનો અધિકાર ઈચ્છતી હતી.

**લોહજનની સંધિ 1923 :** અંતે, 24 જુલાઈ 1923ના રોજ, તુર્કી અને તમામ સાથી દેશો (બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, જાપાન, રોમાનિયા, સર્બિયા અને યુગોસ્લાવિયા) વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડમાં એક કરાર થયો. તેને લોહજનની સંધિ કહેવાય છે. આ કરારે મધ્ય પૂર્વના આજના નકશાનો પાયો નાખ્યો. જો કે, આ કરારમાં ઘણા જમીન વિવાદો અને મતભેદોને અવગણવામાં આવ્યા હતા. જેના કારણે મધ્ય પૂર્વમાં આજદિન સુધી સ્થિરતા પ્રાપ્ત થઈ શકી નથી.

**ઈરાન અને તુર્કી વચ્ચે કુર્દ સંઘર્ષ :** મધ્ય પૂર્વના વિભાજનમાં, કુર્દિશ લોકો માટે કોઈ દેશ બનાવવામાં આવ્યો ન હતો. કુર્દ લોકો જ્યાં રહેતા હતા તે વિસ્તાર તુર્કી, ઈરાક, ઈરાન અને સીરિયા વચ્ચે વહેંચાયેલો હતો, જ્યારે તેમની સંસ્કૃતિ અને ભાષા તે દેશો કરતા અલગ છે. કુર્દ આ વિસ્તારોમાં લઘુમતી બની ગયા અને ત્યારથી અલગ દેશની માગ કરી રહ્યા છે. આ કારણે ઈરાન અને તુર્કીમાં ઘણી વખત હિંસા થઈ છે.

**લેબનીઝ ગૃહ યુદ્ધ :** લોહજાનની સંધિ હેઠળ, સીરિયાને લેબનન નામના એક અલગ દેશમાં વહેંચવામાં આવ્યું હતું. તે ફ્રેન્ચ દ્વારા કબજો કરવામાં આવ્યો હતો. મોટાભાગે ખ્રિસ્તીઓ લેબનનમાં રહેતા હતા. આ હોવા છતાં, ફ્રાન્સે એક લેબનન બનાવવા માટે કેટલાક મુસ્લિમ વિસ્તારો પણ ઉમેર્યા.

**અંગ્રેજોએ પેલેસ્ટિનિયનોની અવગણના કરી. :** બંને જૂથો વચ્ચે તણાવ વધી ગયો. યહૂદીઓએ પોતાની સુરક્ષા માટે લશ્કર બનાવવાનું શરૂ કર્યું. આ પ્રોજેક્ટને આયર્ન વોલ નામ આપવામાં આવ્યું હતું. 1947માં યુએનએ પેલેસ્ટાઈનને બે ભાગમાં વહેંચી દીધું. એક ભાગ યહૂદીઓ માટે અને બીજો પેલેસ્ટિનિયનો માટે બનાવવામાં આવ્યો હતો. જેરૂસલેમને આંતરરાષ્ટ્રીય વહીવટીતંત્રના અધિકાર હેઠળ મૂકવામાં આવ્યું હતું. યહૂદીઓની સંખ્યા ઓછી હતી, પરંતુ તેમને ઈઝરાયલને પેલેસ્ટાઈનનો 62% આપવામાં આવ્યો હતો. 14 મે, 1948ના રોજ, ઈઝરાયલે પોતાને પેલેસ્ટાઇનમાં એક સાર્વભૌમ રાજ્ય જાહેર કર્યું.

# નાર્કો-ટેરરઃહિઝબુલ્લાહનો ખજાનો ખાલી થતાં યુરોપમાં 'ડ્રગ્સ'નો સપ્લાય વધાર્યો

(એજન્સી) વોશિંગ્ટન -બૈરુત તા 27

ઈઝરાયલે 21 ઓક્ટબરે લેબનોનની સૌથી મોટી બેન્ક અલ-કર્દ અલ-હસનની ઘણી શાખાઓ પર હુમલો કર્યો હતો. આ હુમલો લેબનોનમાં ઈરાનતરફી સંગઠન હિઝબુલ્લાહ માટે મોટો ફટકો માનવામાં આવે છે. વાસ્તવમાં લેબનોનની અર્ધ-બેન્કિંગ સંસ્થા અલ-કર્દ અલ-હસન પર હુમલાથી હિઝબુલ્લાહની કમર ભાંગી ગઈ છે કારણ હિઝબુલ્લાહને મળતું ફન્ડિંગ, ગેરકાયદે વસૂલી અને દક્ષિણ આફ્રિકાથી લઈ યુરોપ સુધી ફેલાયેલા તેના ડ્રગ્સના કાળા કારોબારથી થતી ઈન્કમના તમામ વ્યવહાર આ બેન્કમાં થતા હતા.

પૂર્વ અમેરિકી અધિકારીઓને ટાંકીને એક મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો છે કે ખજાનો ખાલી થતો જોઈ હિઝબુલ્લાહે યુરોપિયન માર્કેટમાં ડ્રગ્સનો સપ્લાય વધારી દીધો છે.

ડ્રગ્સ, રિયલ એસ્ટેટ, મીટ દ્વારા હિઝબુલ્લાહની કમાણી 27 સપ્ટેમ્બરે ઈઝરાયલના હુમલામાં માર્યા ગયેલા હિઝબુલ્લાહના વડા હસન નસરાલ્લાહે છેલ્લાં 30 વર્ષમાં સંગઠનને આર્થિક રીતે ખૂબ જ મજબૂત બનાવ્યું હતું. ફોર્બ્સની દુનિયાના સૌથી



ધનિક આતંકવાદી સંગઠનોની યાદીમાં હિઝબુલ્લાહ ટોચ પર હતું.

ફોર્બસનો અંદાજ છે કે હિઝબુલ્લાહને ફાળવવામાં આવેલું બજેટ વાર્ષિક રૂ. 5 હજાર કરોડથી રૂ. 6 હજાર કરોડની વચ્ચે હોવાનો અંદાજ છે. નસરાલ્લાહે હિઝબુલ્લાહની કમાણી માટે ઘણાં માધ્યમો તૈયાર કર્યાં હતાં. જેમાંથી ડ્રગ્સ સૌથી મોટું હતું. 3 દાયકા સુધી ચીફ રહીને નરસલ્લાએ તેના નજીકના મિત્ર ઈમાદ મુગનીહની મદદથી ડ્રગ્સનું નેટવર્ક ઊભું કર્યું હતું. 2008માં તેની હત્યા થઈ તે પહેલાં ઈમાદે દક્ષિણ અમેરિકામાં ડ્રગ્સનું મોટું નેટવર્ક બનાવ્યું હતું.

આર્જેન્ટિનાથી લઈ યુરોપ સુધી હિઝબુલ્લાહની કાર્ટેલ ફેલાયેલી છે

હિઝબુલ્લાહની ડ્રગ્સ કાર્ટેલ સમય સાથે મજબૂત બનતી ગઈ. જે હવે ઘણા ખંડોમાં સક્રિય છે. આ નેટવર્ક આર્જેન્ટિના, બ્રાઝિલ, પેરાગ્વેથી કોલંબિયા અને વેનેઝુએલા સુધી ફેલાયું છે. છેલ્લા એક દાયકામાં હિઝબાલ્લાહ કાર્ટેલે મેક્સિકોમાં પણ નેટવર્ક મજબૂત બનાવ્યું છે.

બ્લેક મનીને વ્હાઈટ કરવા માટે હિઝબુલ્લાહ 15% કમિશન લેતોહિઝબુલ્લાહનો રિયલ એસ્ટેટની સાથે માંસનો વ્યવસાય પણ ધમધમી રહ્યો છે, જેના દ્વારા ડ્રગ-મની લોન્ડરિંગના કાળાં નાણાંને વ્હાઈટમાં ફેરવે છે. બદલામાં તેઓ 15% સુધી કમિશન લે છે. દર મહિને અંદાજે 252 કરોડની કમાણી થાય છે. આ આવકના હિસા હિઝબુલ્લાહની બેન્ક પાસે હતા.

# ફિલિપાઈન્સમાં ચક્રવાત 'ટ્રામી'થી પૂર-ભૂસ્ખલનથી અત્યાર સુધી 130નાં મોત



(એજન્સી) ફિલિપાઇન્સ તા 27

દક્ષિણ-પૂર્વ એશિયન દેશ ફિલિપાઈન્સમાં ટાયફૂન ટ્રામીના કારણે મૃત્યુ પામેલા અને ગુમ થયેલા લોકોની સંખ્યા અત્યાર સુધીમાં 130ની નજીક પહોંચી ગઈ છે. ફિલિપાઈન્સના પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસે જણાવ્યું હતું કે બચાવ કાર્ય ચાલુ છે અને બને તેટલા લોકોને વહેલી તકે સુરક્ષિત સ્થળોએ લઈ જવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ચક્રવાત ટ્રામીએ ફિલિપાઈન્સને ઘમરોળ્યું છે. આ ચક્રવાત આ વર્ષે દક્ષિણપૂર્વ એશિયા દ્વીપસમૂહમાં સૌથી ભયંકર અને સૌથી વિનાશક વાવાઝોડું છે. આ વાવાઝોડાને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનના કારણે અત્યાર સુધીમાં મૃતકો અને ગુમ થયેલા લોકોની સંખ્યા 130 ઉપર પહોંચી ગઈ છે. ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસે કહ્યું કે, આ વિનાશકારી વાવાઝોડામાં ફસાયેલા લોકોને શક્ય તેટલી વહેલી તકે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. શુક્રવારે ચક્રવાત ટ્રામીના કારણે આવેલા ગંભીર પૂર અને ભૂસ્ખલનને કારણે માર્યા ગયેલા અને ગુમ થયેલા લોકોની સંખ્યા 41 હતી. ગુમ થયેલા લોકોની શોધખોળ ચાલુ છે. રાહત અને બચાવ કાર્ય માટે બચાવકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

અહેવાલો અનુસાર, મોટાભાગના મૃત્યુ ભૂસ્ખલનના કારણે થયા છે. પ્રમુખે અપીલ કરી હતી પ્રમુખ ફર્ડિનાન્ડ માર્કોસે મનીલાના દક્ષિણપૂર્વમાં ભારે અસરગ્રસ્ત વિસ્તારનું નિરીક્ષણ કર્યું અને અહેવાલ આપ્યો કે વાવાઝોડાને કારણે અસામાન્ય રીતે ભારે વરસાદ થયો છે. કેટલાક વિસ્તારોમાં, 24 કલાકમાં એકથી બે મહિના જેટલો વરસાદ પડ્યો, જેના કારણે પૂર નિયંત્રણ પ્રણાલી પર દબાણ આવ્યું.

તેણે કહ્યું, "ત્યાં ઘણું પાણી હતું. અમે હજુ પણ બચાવ કાર્યમાં વ્યસ્ત છીએ. અમારી સમસ્યા એ છે કે ઘણા વિસ્તારો હજુ પણ પૂર પ્રભાવિત છે, જેના કારણે રાહત સામગ્રી પહોંચાડવામાં અડચણ આવી રહી છે. માર્કોસે જણાવ્યું હતું કે તેમની સરકાર આબોહવા પરિવર્તન દ્વારા ઉદ્ભવતા અભુતપૂર્વ જોખમોનો સામનો કરવા માટે એક મોટો પૂર નિયંત્રણ પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના બનાવી રહી છે.

### ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યો, તેહરાન પાસે 5-બ્લાસ્ટ

ઈઝરાયેલે શનિવારે વહેલી સવારે ઈરાન પર ખતરનાક હુમલો કર્યો હતો. ઈઝરાયેલી સેનાએ હુમલાની પુષ્ટિ કરતા કહ્યું કે ઈરાનના સૈન્ય મથકો સહિત તેહરાન અને આસપાસના શહેરો પર બોમ્બમારો કરવામાં આવ્યો છે. હવે મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે સીધા યુદ્ધની શક્યતા પ્રબળ બની છે.

# વિદેશમાં નોકરી કરવાનું સપનું થશે સાકાર, જર્મનીએ ભારતીયોનો વર્ક વીઝા ક્વોટા વધારી 90000 કર્યો

(એજન્સી) જર્મની તા 27

જર્મનીએ ભારતીયો માટેના વર્ક વિઝા ક્વોટા 350 ટકા વધારી 90000 કર્યો છે. આવનારા સમયમાં ભારતીય નાગરિકો માટે જર્મનીમાં કામ કરવાનું ઘણુ જ આસાન થઈ જશે. જર્મનીના આ નિર્ણયથી હવે મોટી સંખ્યામાં ભારતીય નાગરિકો જર્મનીના વર્ક વિઝા મેળવી શકશે. વિદેશમાં નોકરી કરવાનું સપનું થશે સાકાર, જર્મનીએ ભારતીયોનો વર્ક વીઝા ક્વોટા વધારી 90000 કર્યો- આ રીતે કરી શકશો આવેદન જર્મનીએ ભારતમાંથી કુશળ વ્યાવસાયિકોને આપવામાં આવતા વિઝાની સંખ્યામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. દર વર્ષે જર્મની માત્ર 20 હજાર વિઝા આપે છે, જે હવે વધારીને 90 હજાર કરવામાં આવ્યો છે. જર્મન સરકારનો આ નિર્ણય બંને દેશો વચ્ચે મજબૂત આર્થિક અને વ્યાવસાયિક સંબંધો જાળવી રાખવામાં મદદરૂપ થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે 18મી એશિયા પેસિફિક કોન્ફરન્સ ઓફ જર્મન



બિઝનેસને સંબોધિત કરતા આ જાણકારી આપી હતી. પીએમ મોદીએ કહ્યું, "અમે આવનારા 25 વર્ષમાં વિકસિત ભારત માટે રોડમેપ તૈયાર કર્યો છે. મને ખૂબ જ આનંદ છે કે આ મહત્વપૂર્ણ સમયે, જર્મન કેબિનેટે 'ફોકસ ઓન ઈન્ડિયા' ડોક્યુમેન્ટ જારી કર્યો છે. જર્મનીએ સ્કિલ્ડ ભારતીય પ્રોફેશનલ્સની વિઝાકોટાને 20 હજારથી વધારી 90 હજાર કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી જર્મનીમાં વિકાસને નવો વેગ મળશે. જર્મનીના આ નિર્ણય બાદ આ યુરોપિયન દેશમાં ભારતીયો માટે નોકરીની વધુ તકો ઉપલબ્ધ થશે. જર્મનીમાં ભારતીયો માટે નોકરીની વિપુલ તકો

જર્મનીના નવા વિઝા નિયમો દર્શાવે છે કે તે ભારતના સ્કિલ્ડ વર્કફોર્સને આકર્ષવા માટે ઉત્સુક છે. આથી દર વર્ષે 20,000 થી 90,000 વિઝા આપવાથી, આઈટી, એન્જિનિયરિંગ, હેલ્થકેર જેવા વિવિધ ક્ષેત્રોના ભારતીય પ્રોફેશનલ્સને જર્મનીમાં કામ કરવાની વધુ તકો મળશે. આ નિર્ણય ભારત અને જર્મની વચ્ચે આર્થિક અને ટેકનોલોજિકલ સહયોગને વધુ મજબૂત કરવાના પ્રયાસોના ભાગરૂપે જોવામાં આવી રહ્યો છે. ભારતીય સ્કિલ્ડ વર્કર્સ લાંબા સમયથી ટેક્નોલોજી, મેડિસિન અને એન્જિનિયરિંગ ક્ષેત્રના નિષ્ણાતો તરીકે જર્મનીને હવે તેના વર્કફોર્સમાં ઉચ્ચ લાયકાત ધરાવતા હાઈલી ક્વોલિફાઈડ પ્રોફેશનલ્સનો સમાવેશ કરવાની તક મળશે.


## સિડનીથી લગભગ 55 માઈલ દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત અર્ધ-ગ્રામીણ વિસ્તારમાં બે કાટમાળના સ્થળે પહોંચી હતી

# ઓસ્ટ્રેલિયામાં બે વિમાન આકાશમાં એકબીજાને અથડાયા, ત્રણ લોકોનાં મોત

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 27

ઓસ્ટ્રેલિયામાં બે વિમાન આકાશમાં અથડાઈ જવાની ઘટના સામે આવી રહી છે. સિડનીની દક્ષિણ-પશ્ચિમમાં શનિવારે બે નાના વિમાન હવામાન અથડાયા પછી અકસ્માતનો ભોગ બનીને નીચે તૂટી પડયા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા હતા. ઘટનાની જાણકારી મળતા રાહત અને બચાવની ટીમ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયાની પોલીસ, ફાયર બ્રિગેડની ટીમ અને એમ્બ્યુલન્સ ટીમ સિડનીથી લગભગ 55 માઈલ દક્ષિણ-પશ્ચિમમાં સ્થિત અર્ધ-ગ્રામીણ વિસ્તારમાં બે કાટમાળના સ્થળે પહોંચી હતી. અકસ્માત બાદ વિમાનમાં આગ લાગી હતી. ન્યૂસાઉથ વેલ્સ પોલીસના કાર્યકારી



અધિકારીએ પુષ્ટિ કરી કે સેસના 182 એરક્રાફ્ટ બે લોકોને લઈ જઈ રહેલા અલ્ટ્રાલાઈટ એરક્રાફ્ટ સાથે અથડાયું હતું જે એક વ્યક્તિને લઈ જતું હતું. પીડિતો વિશે વધુ માહિતી આપવામાં આવી નથી.

આ બંને વિમાનો સામસામે ટકરાયા હતા. જેના કારણે તેમાં બેઠેલા હવાઈ મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયા છે અને બીજા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી અનુસાર, સાક્ષીઓએ "આકાશમાંથી કાટમાળ પડતો જોયો" અને મદદ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ "કદાચ કોઈ બચી જવાની અપેક્ષા નથી." એક સરકારી અધિકારીએ કહ્યું કે, "દુર્ભાગ્યવશ, તેઓ કંઈ કરી શક્યા ન હતા." આ અકસ્માતના કારણની તપાસ કરશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાજપની નવી ફોર્મ્યૂલાથી એકનાથ શિંદે ટેન્શનમાં, ચૂંટણી જીતે તોય નહીં મળે મુખ્યમંત્રી પદ!

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં સાથી પક્ષોને તેમની ઈચ્છા મુજબ બેઠકો આપીને ભાજપે સ્પષ્ટ કરી દીધું છે કે આગામી સમયમાં જ્યારે તે સત્તામાં આવશે ત્યારે મુખ્યમંત્રી તો સૌથી વધુ બેઠકો જીતનાર પક્ષનો જ હશે. એ પણ સ્પષ્ટ છે કે ભાજપ તરફથી દેવેન્દ્ર ફડણવીસ દાવેદાર રહેશે. ભાજપ અને મહાયુતિ ગઠબંધનના અન્ય પક્ષોએ ચૂંટણીમાં મુખ્યમંત્રી પદના ચહેરાની હજુ જાહેરાત કરી નથી, પરંતુ શિવસેનાના નેતા અને વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે ગઠબંધનમાં જ હાલ તો ચૂંટણી લડવામાં આવી રહી છે.બે દિવસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શિવસેનાના નેતા એકનાથ શિંદે અને એનસીપીના નેતા નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને ભાજપના નેતા ફડણવીસ સાથે લાંબી ચર્ચા કરી હતી. આ બેઠકમાં ઘણા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. ભાજપ રાજ્યમાં વધુ બેઠકો પર ચૂંટણી લડી રહ્યો છે અને વધુ બેઠકો જીતવાની અપેક્ષા છે, તેથી ભાજપે સંકેતો દ્વારા સ્પષ્ટ કર્યું છે કે ગઠબંધન સરકારમાં તેમનો જ મુખ્યમંત્રી રહેશે. ફડણવીસના નેતૃત્વમાં ભાજપ ચૂંટણી મેદાનમાં હોવાથી અગાઉ પણ મુખ્યમંત્રી રહી ચુકેલા ફડણવીસ ગઠબંધનની જીત બાદ ફરીથી મુખ્યમંત્રી બની શકે તેવી ચર્ચા છે.જોકે ચૂંટણી બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે.

### કોલ્ડ પ્લે, દિલજિતના કન્સર્ટની ટિકિટ કૌભાંડમાં ઈડીના દરોડા

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ તાજેતરમાં ભારતમાં યોજાઈ રહેલા બે મુખ્ય કન્સર્ટ માટે ટિકિટોના કથિત કાળા બજાર સાથે સંકળાયેલી મહત્વની અનિયમિતતા ખુલ્લી પાડી છે. મની લોન્ડરીંગ કેસમાં દિલ્હી, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક અને પંજાબ સહિત પાંચ રાજ્યોમાં ૧૩ સ્થળોએ શુક્રવારે દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ મુખ્યત્વે નવી મુંબઈમાં આગામી વર્ષે જાન્યુઆરીમાં આયોજિત થનાર બ્રિટિશ બેન્ડ કોલ્ડપ્લેની કન્સર્ટ અને હાલ દિલ્હીમાં આયોજિત એક્ટર-ગાયક દિલજીત દોસંજના કાર્યક્રમ માટેની ટિકિટોના વેચાણ બાબતે કરાઈ હતી.વ્યાપક છેતરપિંડીના અહેવાલ પછી ઈડીએ બોગસ અથવા વધુ મૂલ્યની ટિકિટો દ્વારા ચાહકોની ગેરદોરવણી અને ઠગાઈ થઈ હોવાના દાવાની ચકાસણી શરૂ કરી હતી. એજન્સીએ શંકાસ્પદ વેચાણ પદ્ધતિ પ્રકાશમાં લાવનાર સત્તાવાર ટિકિટીંગ પાર્ટનર બૂકમાયશો તરફથી કરાયેલી એકથી વધુ પોલીસ એફઆઈઆર અને ફરિયાદો ધ્યાનમાં લીધી હતી. એમાં વધુ માગનો લાભ લઈને બનાવટી ટિકિટોનું વેચાણ અને વધુ પડતી કિંમત સામેલ હતા, જેના કારણે ખરા ચાહકોને ખરાબ અનુભવ થયો હતો. દરોડામાં બનાવટી ટિકિટોના વેચાણ માટે ઉપયોગમાં લેવાયા હોવાના શંકાસ્પદ મોબાઈલ ફોન, લેપટોપ અને સિમ કાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા.

### કંગનાના મતવિસ્તારમાં ભયંકર અકસ્માત, ખીણમાં ખાબકી કાર, 5 લોકોનાં દર્દનાક મૃત્યુ થયા

મંડી : કંગના રણૌતના મતવિસ્તાર મંડી જિલ્લાના ચૌહારઘાટીના બર્ધનમાં એક મારુતિ કાર ઊંડી ખીણમાં ખાબકી ગઈ હતી. જેના કારણે કારમાં સવાર પાંચ યુવકોના ઘટના સ્થળે જ મૃત્યુ થઈ ગયા છે. આ પાંચેય યુવકો દુલ્હનને મુકીને ઘરે પરત ફરી રહ્યા હતા. આ ગમખ્વાર અકસ્માત શનિવારે મોડી રાત્રે થયો હતો. કારમાં સવાર તમામ યુવકો ધમચ્યાણ ગામના રહેવાસી છે. જેઓ બરોટમાં લગ્ન પ્રસંગમાં ગયા હતા. મોડી રાત્રે ઘરે પરત ફરતી વખતે આ અકસ્માત સર્જાયો હતો. જેની સૂચના રવિવારે સવારે મળી હતી.એક પશુપાલકે કારને રસ્તાથી લગભગ 700 મીટર નીચે ખીણમાં પડેલી જોઈ. ત્યારબાદ તેમણે આ સૂચના આસપાસના ગ્રામજનોને આપી. તે પછી પંચાયતના પ્રતિનિધિઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને ઘટનાની સૂચના ટિક્કન પોલીસ ચોકીને આપી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વિકૃત પડેલા મૃતદેહોને રસ્તા સુધી પહોંચાડવા માટે સ્થાનિક લોકોની મદદથી રેસ્ક્યુ શરૂ કર્યું છે. મૃતકોની ઓળખ રાજેશ, ગંગૂ, કર્ણ, સાગર અને અજય તરીકે થઈ છે. જેમાં એક 16 વર્ષની આસપાસનો કિશોર અને અન્ય ચારની ઉંમર 25 થી 30 વર્ષની વચ્ચે હોવાની માહિતી મળી રહી છે. આ દુ:ખદ અકસ્માતને કારણે સમગ્ર ચૌહારઘાટી શોકનું મોજુ ફરી વળ્યું છે.જો કે, પોલીસ તમામ મૃતદેહોનો કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ જોગેન્દ્રનગર લાવશે.

### કોંગ્રેસ-ઠાકરેથી નારાજ થયા અખિલેશ યાદવ: ચેતવણી આપતા કહ્યું- રાજકારણમાં ત્યાગને કોઈ સ્થાન નથી

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી અંગે રાજકીય પક્ષો ઉમેદવારોની જાહેરાત કરી રહી છે. જેમાં બેઠક ફાળવણી મુદ્દે મહા વિકાસ અઘાડીની મુશ્કેલીઓ દૂર થવાનું નામ લઈ રહી નથી. મહા વિકાસ અઘાડી સપાના અબુ આઝમીએ બેઠક ફાળવણી મુદ્દે શનિવારનું અલ્ટિમેટમ આપ્યા બાદ હવે સપાના અધ્યક્ષ અખિલેશ યાદવે પણ ચેતવણી આપી દીધી છે.સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં બેઠક ફાળવણી મુદ્દે સપાના પ્રદેશ પ્રમુખ નિર્ણય લેશે. અમે પહેલાં ગઠબંધનમાં રહેવાનો પ્રયાસ કરીશું. પરંતુ જો ગઠબંધનમાં અમને સ્થાન ન મળ્યું તો અમે એવી બેઠકો પર ચૂંટણી લડીશું, જ્યાં અમને મત મળવાની aબેઠકો પર ચૂંટણી લડીશું. પરંતુ રાજકારણમાં ત્યાગનું કોઈ સ્થાન નથી.મહા વિકાસ અઘાડી ગઠબંધનમાં સપાએ પાંચ બેઠકો માગી છે. પરંતુ કોંગ્રેસ, શિવસેના (યુબીટી), એનસીપી (શરદ) આ બેઠકો આપવા તૈયાર થઈ રહી ન હોવાની અટકળો છે. જેના લીધે સપા બળવો કરવાના મૂડમાં છે. મહારાષ્ટ્ર સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અબુ આઝમીએ જણાવ્યુ હતું કે, બેઠકોની ફાળવણી પહેલાં જ થઈ જવી જોઈતી હતી. અમે મહા વિકાસ અઘાડીનો હિસ્સો છે, પરંતુ બેઠકો પર ફાળવણી થઈ રહી નથી. અમે ક્યારેય પણ મતની ફાળવણી કરવા ઈચ્છતા નથી.

---

**વિવિધ રાજ્ય સરકારે મફત LPG સિલિન્ડરનું વિતરણ કરવાની જાહેરાત કરી**

# દિવાળીએ મફત LPG સિલિન્ડરની 'ભેટ', કેન્દ્ર સરકારની યોજનાના લાભાર્થીઓ માટે ગુડ ન્યૂઝ!

(એજન્સી) નવી દિલ્હી | તા 27

દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે. ત્યારે આ તહેવારને ધ્યાનમાં રાખીને દેશના વિવિધ રાજ્યો મફત LPG સિલિન્ડર વિતરણ કરવાની યોજના પર કામ કરી રહ્યા છે. હાલમાં જ ઉત્તર પ્રદેશ સરકારે દિવાળી પર રાજ્યના 1.86 કરોડ પરિવારોને મફત LPG સિલિન્ડરનું વિતરણ કરવાનું નક્કી કર્યું છે. આ જ રીતે આંધ્ર પ્રદેશ અને ઉત્તરાખંડની સરકારોએ પણ મફત LPG સિલિન્ડરનું વિતરણ કરવાની જાહેરાત કરી છે. આંધ્રપ્રદેશમાં તમામ પાત્ર મહિલાઓને 31મી ઓક્ટોબર એટલે કે દિવાળીના દિવસથી મફત LPG સિલિન્ડર મળવાનું શરૂ થશે. તેવી જ રીતે ઉત્તરાખંડમાં સરકાર દ્વારા મફત LPG સિલિન્ડર આપવાની યોજનાને વર્ષ 2027 સુધી લંબાવી દીધી છે. મોટા ભાગના રાજ્યોમાં મફત LPG સિલિન્ડરનો લાભ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના(પીએમયૂવાઈ)ના લાભાર્થીઓને મળે છે. પીએમ ઉજ્જવલા યોજનાની શરૂઆત વર્ષ 2016માં થઈ હતી. આ યોજના અંતર્ગત વર્ષ સપ્ટેમ્બર, 2019 સુધીમાં 8 કરોડ કનેક્શન આપવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવ્યું હતું. બીજા બાકી રહેલા ગરીબ પરિવારો માટે પીએમયૂવાઈ ફેઝ-2(ઉજવ્વલા 2.0) ની શરૂઆત ઓગસ્ટ 2021માં કરવામાં આવી હતી.તે જ સમયે જાન્યુઆરી 2023 સુધી 1.60 કરોડ ઉજ્જવલા 2.0 કનેક્શન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત સરકારે સપ્ટેમ્બર 2023માં વધારાના 75 લાખ પીએમયૂવાઈ કનેક્શન્સ આપવાની મંજૂરી આપી હતી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 8 જુલાઈ 2024 સુધીમાં આ 75 લાખ પીએમયૂવાઈ કનેક્શન્સન આપવાનું કામ પૂરું કર્યું હતું. જુલાઈ 2024 સુધીમાં પીએમયૂવાઈ હેઠળ 10.33 કરોડ LPG કનેક્શન અપાયા છે.સામાન્ય ગ્રાહકો કરતાં ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને 300 રૂપિયા સસ્તું સિલિન્ડર મળે છે. સરકારે આ વર્ષે માર્ચમાં માર્ચ 2025 સુધી 14.2 કિલોગ્રામ સિલિન્ડર દીઠ 300 રૂપિયાની સબસિડી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. નાણાકીય વર્ષ 2024-25 માટે કુલ ખર્ચ 12,000 કરોડ રૂપિયા રહેશે. સબસિડી લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે.



# વ્યક્તિ કોની સાથે રહે છે, તેનાથી તેનુ ચારિત્ર્ય આંકી શકાય નહિં: કેરળ હાઈકોર્ટે માતાને સોંપી કસ્ટડી

■ બાળકને સ્તનપાન કરાવવુ એ માતાનો અધિકાર ■ માતા પાસે બાળક સુરક્ષિત નહીં: બાળ કલ્યાણ સમિતિ

(એજન્સી) નવી દિલ્હી | તા 27

કેરળ હાઈકોર્ટે બાળ કલ્યાણ સમિતિના નિર્ણયને ખોટો ઠેરવતાં એક વર્ષના બાળકની કસ્ટડી તેની માતાને સોંપવાનો મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. બાળ કલ્યાણ સમિતિએ બાળક માતા પાસે સુરક્ષિત ન હોવાનું કહી તેની કસ્ટડી પિતાને સોંપી હતી. જો કે, જસ્ટિસ વી.જી. અરૂણે નૈતિક મૂલ્યોને ધ્યાનમાં રાખતાં બાળકની કસ્ટડી માતાને સોંપવા આદેશ આપ્યો છે. કેરળ હાઈકોર્ટે આ મામલે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, બાળકને સ્તનપાન કરાવવુ એ માતા અને બાળક બંનેનો મૌલિક અધિકાર છે. આ અધિકાર બંધારણની કલમ 21 હેઠળ જીવન જીવવાના અધિકારનો એક ભાગ છે. માતાની નૈતિક ફરજ અને મૂલ્યોને આ રીતે છીનવી શકાય નહીં.બાળ કલ્યાણ સમિતિએ




અવલોકન કર્યુ હતું કે, બાળક તેની માતા પાસે સુરક્ષિત નથી. કારણકે તે તેના સસરા સાથે ભાગી ગઈ હતી. પરંતુ જસ્ટિસ અરૂણે દલીલ કરી કે, બાળ કલ્યાણ સમિતિના આદેશમાં નૈતિક પૂર્વગ્રહ જોવા મળ્યો છે, વ્યક્તિ કોઈની સાથે રહે છે, તેનાથી તે વ્યક્તિનું ચારિત્ર્ય આંકી શકાય નહીં કે, તે એક સારી માતા નહીં બની શકે. પતિ જાતિય અને શારીરિક સતામણી કરતો હોવાથી પત્નિ પોતાના પિયર જતી રહી હતી. જ્યાં તે તેની માતા સાથે રહેતી હતી. પરંતુ એક દિવસ તેની પત્નિ ગુમ થઈ જતાં પતિએ ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તપાસ હાથ ધરતાં જાણવા મળ્યું કે, પત્નિ તેના પતિના સાવકા પિતા સાથે રહેવા જતી રહી હતી. પત્નિને સ્વૈચ્છિક રીતે કોની સાથે રહેવુ તે નિર્ણય લેવાનો અધિકાર હોવાનુ જણાવી કેસની પતાવટ કરતાં બાળક અંગનો નિર્ણય લેવાની સત્તા બાળ કલ્યાણ સમિતિને સોંપી હતી. જેમાં તેણે માતા તેના સસરા સાથે રહેતી હોવાથી સારી માતા નહીં બની શકેનો અંદાજ કાઢી એક વર્ષના બાળકની કસ્ટડી તેના પિતાને સોંપી હતી. આ નિર્ણયને પત્નિએ કેરળ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

**બગસરા અને રાજકોટ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં**

## શ્રી મધુબાલા મનસુખલાલ કોટીચા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા 250 લોકોને ભોજન કરાવ્યું



અશોક મણવર : અમરેલી

અમરેલીના બગસરા અને રાજકોટ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં ગત ૧૭ ઓક્ટોબર દશેરા નિમિત્તે શ્રી મધુબાલા મનસુખલાલ કોટીચા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૨૫૦ લોકોને રસોઈ વિતરણ કરવામાં આવ્યુ જેમાં ગરીબ પરીવારના લોકોને પૂરી, ઊંધિયું, કચોરી, લાડવા, ફ્રાયમ્સ, છાસ અને બિરયાની સહિત અલગ અલગ વાનગીઓ પીરસી ભરપેટે ભોજન કરાવ્યું આ તકે મનસુખભાઈ કોટીચા છાયા કોટીચા હર્ષ કોટીચા ધરવ કોટીચા જય મહેતા અને ઝંખના મહેતા સહિતની ઉપસ્થિત રહ્યા..

## ચૂંટણી જ નથી લડવી...', ટિકિટ આપી છતાં કેમ નારાજ થયા કોંગ્રેસી દિગ્ગજ

(એજન્સી) સિરસિલા | તા 27

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. તમામ પાર્ટી પોતાના ઉમેદવારો જાહેર કરી રહી છે. ત્યારે કોંગ્રેસે પણ શનિવારે પોતાના ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. આ યાદીમાં પાર્ટીએ 16 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં મહારાષ્ટ્ર કોંગ્રેસના મહાસચિવ સચિન સાવંતનું નામ પણ સામેલ છે. પાર્ટીએ સાવંતને અંધેરી વેસ્ટથી ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે, પરંતુ ટિકિટ મળવા છતાં પણ તેઓ નારાજ થયા છે. અંધેરી વેસ્ટ મતવિસ્તારમાંથી ટિકિટ આપવા અંગે કોંગ્રેસ નેતા સચિન સાવંતે એક ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા કહ્યું કે, 'મેં બાંદ્રા ઈસ્ટમાં કામ કર્યું છે અને ત્યાંથી જ મને બેઠક મળે એવી મારી ઈચ્છા હતી. મેં અંધેરી વેસ્ટ મતવિસ્તારમાંથી ટિકિટ નહોતી માગી. મેં પાર્ટી હાઈકમાન્ડને નમ્રતાપૂર્વક વિનંતી કરી છે કે, હું અંધેરી ઈસ્ટથી ચૂંટણી લડવા નથી માગતો.'સચિન સાવંતે આગળ કહ્યું કે, જો કે, મેં આ નિર્ણય પાર્ટી હાઈકમાન્ડ પર છોડ્યો છે અને અંધેરી વેસ્ટથી અન્ય કોઈ કાર્યકર્તાને આ ટિકિટ મળી જાય એ જ મારી ઈચ્છા છે. આ નારાજગી નથી. હું પાર્ટીનો એક ખૂબ જ વફાદાર કાર્યકર્તા છું. જે ક્ષેત્રમાં મેં કામ કર્યું ત્યાંથી જ ચૂંટણી લડુ એવી મારી ધારણા છે. હું ઈચ્છું છું કે, એમવીએ



મજબૂત રહે અને અમારો પ્રાથમિક ઉદ્દેશ્ય મહાયુતિને હરાવવાનો છે. તમને જણાવી દઈએ કે, કોંગ્રેસે અત્યાર સુધીમાં ત્રણ યાદી સાથે 87 ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. જો ઈસ્ટ પૂર્વ વિધાનસભા બેઠકની વાત કરીએ તો તે મહાવિકાસ અઘાડીના ઘટક શિવસેના યુબીટીના ખાતામાં ગઈ છે. 288 વિધાનસભા બેઠકો માટે નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને 20 નવેમ્બરે મતદાન થશે તથા 23 નવેમ્બરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે.

### કોંગ્રેસ નેતાની દીકરી પર ભાજપ નેતાની જીભ લપસી, લોકોએ પોલીસ સ્ટેશનને ઘેરી આગચંપી કરી

મુંબઈ : મહારાષ્ટ્રના અહિલ્યાનગર (અગાઉ અહમદનગર) જિલ્લાના સંગમનેરમાં ભાજપના નેતા વસંતરાવ દેશમુખની કોંગ્રેસ નેતા બાલાસાહેબ થોરાટની પુત્રી સાપ વિવાદિત ટિપ્પણી બાદ હોબાળો થયો છે. કોંગ્રેસના કાર્યકરો વિરોધ કરી રહ્યા છે. શુક્રવારે (25મી ઓક્ટોબર) ટોળાએ પોલીસ સ્ટેશનને ઘેરી લીધું હતું અને આગચંપી પણ કરી હતી. આ ઉપરાંત રસ્તો બ્લોક કરવામાં આવ્યો હતો.


પોલીસ સ્ટેશનની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. આ મામલે પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધ્યો છે. સંગમનેરમાં ભાજપના નેતા સુજય વિખે પાટીલ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં વસંતરાવ દેશમુખે બાલાસાહેબ થોરાટની પુત્રી જયશ્રી પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. ડોક્ટર જયશ્રી તેના પિતા માટે પ્રચાર કરી રહી છે, જેઓ સંગમનેર બેઠક પરથી નવમી વખત ચૂંટણી લડી રહ્યા છે.કોંગ્રેસના કાર્યકરોએ શુક્રવારે રાત્રે 10 વાગ્યાથી શનિવારે સવારે 6 વાગ્યા સુધી સંગમનેર તાલુકા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો.

## એકસાથે 30 વાંદરાના મૃતદેહ મળતાં ખળભળાટ, તેલંગાણા પોલીસ દોડતી થઇ, મોતનું કારણ અકબંધ

(એજન્સી) સિરસિલા | તા 27

તેલંગાણાના રાજન્ના સિરસિલા જિલ્લામાં એકસાથે લગભગ 30 વાંદરાના મૃતદેહ મળી આવ્યા છે. વાંદરાના મૃતદેહોના સમાચાર વિસ્તારમાં આગની જેમ ફેલાઈ ગયા છે. આ અંગે પોલીસે જાણકારી આપી છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, શુક્રવારે વેમુલાવાડા પોલીસ સીમા હેઠળના નામપલ્લી ગામની બહાર વાંદરાના 30 મૃતદેહો મળી આવ્યા હતા અને તેમને પોસ્ટમોર્ટમ માટે વેટરનરી હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યા છે.

પોલીસ અધિકારીએ કહ્યું કે, 'પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ વાંદરાઓના મોતનું કારણ જાણી શકાશે. વાંદરાઓના મોત પાછળનું કારણ જાણવા માટે વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. બીએનએસની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધી લેવામાં આવ્યો છે.' આ ચોંકાવનારી ઘટનાથી વેમુલવાડા મ્યુનિસિપલ હદના નામપલ્લી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે અને લોકોની ચિંતા વધી ગઈ છે. જો કે, વાંદરાના મૃત્યુનું કારણ અકબંધ છે અને સ્થળ પણ હજુ સ્પષ્ટ નથી થયું. જો કે, આ મામલે સ્થાનિક લોકોએ જણાવ્યું કે, અજાણ્યા લોકોએ વાંદરાની હત્યા કરીને તેમના મૃતદેહને ઘટના સ્થળ પર ફેંકી દીધા હતા.



**EDELWEISS ASSET RECONSTRUCTION CO LTD.** Edelweiss Asset Reconstruction
CIN:- U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ :- EDELWEISS હાઉસ, સીએસટી રોડ પર, કલીના, મુંબઈ 400098
+91 22 40886090/6620 3149

**પરિશિષ્ટ IV-A**
[નિયમ ૯(1) માટે નિયમ ૪(6)ની જોગવાઈ જુઓ]

**સુરક્ષિત સંપત્તિના વેચાણ માટે ઈ-ઓક્શન સેલ નોટિસ**

સિક્યોરિટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (**SARFAESI એક્ટ**) હેઠળ સુરક્ષિત અસ્કયામતોના ઈ-ઓક્શન વેચાણ માટેની જાહેર સૂચના સિક્યોરિટી ઈન્ટરેસ્ટના નિયમ 8(6) r/w નિયમ 9(1) ની (અમલીકરણ) નિયમો, 2002 (**નિયમો**) જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર અને બાંયધરી આપનારાઓને સૂચના આપવામાં આવે છે કે અહીં નીચે વર્ણવેલ સ્થાવર અને જંગમ સંપત્તિ (**સુરક્ષિત અસ્કયામતો**) અને એડલવાઈસ અસ્કયામતો પુનઃનિર્માણ કંપની લિમિટેડની તરફેણમાં ગીરો અને અનુમાનિત છે, તેના ટ્રસ્ટી તરીકે તેની ક્ષમતામાં કાર્ય કરે છે. EARC ટ્રસ્ટ SC-37 (EARC/Secured CREDITOR), જેનો ભૌતિક કબજો EARC ના અધિકૃત અધિકારીઓ દ્વારા 27 ડિસેમ્બર, 2022 ના રોજ લેવામાં આવ્યો છે, તે ઈ-ઓક્શન એજન્સી દ્વારા ઈ-ઓક્શન દ્વારા વેચવામાં આવશે, મેસર્સ ઈ- પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજી લિમિટેડ (ઓક્શન ટાઈગર) તેમની વેબસાઈટ/પોર્ટલ, https://edelweissarc.auctiontiger.net પર **નવેમ્બર 14, 2024 ના રોજ બપોરે 12:00 વાગ્યે થી બપોરે 01:00 વાગ્યા** વચ્ચે દરેક 5 મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે, જો ઈ-ઓક્શનની સમાપ્તિ પહેલા બિડ કરવામાં આવે તો, 'જેમ છે ત્યાં', 'જેમ છે', 'જે છે તે' અને 'કોઈ આશ્રય નથી'ના આધારે કુલ **રૂ:-1625372484/ની વસૂલાત માટે -(રૂપિયા એકસો બાંસઠ કરોડ ત્રેપન લાખ બોંતેર હજાર ચારસો ચોર્યાસી રૂપિયા માત્ર માટે) ફેબ્રુઆરી 08, 2023** ના રોજ વધુ વ્યાજ સાથે, કરારના દરે અને અન્ય ખર્ચાઓ અને તેના પર ખર્ચ, EARCને કારણે **De Core Nanosemiconductors limited (ઋણ લેનાર), હર્ષ ઈંદર લૂમ્બા, સ્વર્ગસ્થ શ્રી દીપક લૂમ્બા (વ્યક્તિગત બાંયધરી આપનાર) અને De Core સાયન્સ એન્ડ ટેક્નોલોજીસ લિમિટેડ (કોર્પોરેટ ગેરેંટર)ના કાનૂની વારસદાર તરીકે ક્ષમતામાં કામ કરે છે.**

સુરક્ષિત અસ્કયામતોની અનામત કિંમત અને બાનાની થાપણ નીચે મુજબ હોવી જોઈએ:-

| સુરક્ષિત સંપત્તિનું વિગતવાર વર્ણન | અનામત કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ |
|---|---|---|
| ગાંધીનગર ઈલેક્ટ્રોનિક સ્પેશિયલ ઈકોનોમિક ઝોન ઔદ્યોગિક વિસ્તાર/એસ્ટેટ, કોલાવડા રોડ, સેક્ટર 25, ગાંધીનગરમાં 5521.38 ચોરસ મીટર અને પ્લોટ નંબર 33,34 અને 35 13887 ચોરસ મીટરની જમીન ધરાવતા પ્લોટ નંબર 13ના તમામ શાંતિ અને પાર્સલમાં લીઝહોલ્ડ હકો gujarat) ફેક્ટરી બિલ્ડિંગ અને તેના પરના માળખા સાથે. | રૂ:- 12,37,00,000/- | રૂ:- 1,23,70,000/- |

| ઈ-ઓક્શનની સમયસરતા |
|---|
| **સ્થળ નિરીક્ષણ:**-07 નવેમ્બર , 2024 ના રોજ સવારે 11 થી સાંજના 4 વચ્ચે |
| **દસ્તાવેજની ચકાસણી:**- 5 નવેમ્બર 2024 ના રોજ થી 11 નવેમ્બર , 2024 સુધી રોજ કામકાજ ના દિવસો દરમિયાન સવારે 11 થી સાંજના 5 વચ્ચે |
| **બિડ દસ્તાવેજની ખરીદી:**- 07 નવેમ્બર , 2024 ના રોજ થી નવેમ્બર 11, 2024 સુધી રોજ કામકાજ ના દિવસો દરમિયાન સવારે 11 થી સાંજના 5 વચ્ચે |
| **EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ:**- નવેમ્બર 13, 2024 ના રોજ બપોરે 2 થી |
| **બિડ દસ્તાવેજ સબમિટ કરવાની છેલ્લી તારીખ, નવેમ્બર 13, 2024 ના રોજ બપોરે 5 થી** |
| **ઈ-ઓક્શનની શરૂઆત** - નવેમ્બર 14, 2024 ના રોજ બપોરે 12 વાગતા |
| **બેંક માહિતી** - એકાઉન્ટ નંબર :- 0004103000054719, IFSC નં:- IBKL000004, આઈડીબીઆઈ બેંક, મિત્તલ કોર્ટ, નરીમાન પોઈન્ટ, મુંબઈ |
| **ઓફિસર કોન્ટેક્ટ માહિતી :- Meghraj.Deshmukh@edelweissarc.in, +917506642534** |

ઈ-ઓક્શન સેલના વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને EARC ની વેબસાઈટ www edelweissarc.in/propertysale પરની લિંકનો સંદર્ભ લો.

તારીખ :- 28-10-2024
સ્થાન :- મુંબઈ

Sd/-
અધિકૃત અધિકારી

**આસામ રાઈફલ્સે કહ્યું- 426 ઈન્ટેલિજન્સ ઓપરેશનમાં લગભગ 130 બંકરો નષ્ટ કર્યા**

# મણિપુરમાં છેલ્લા એક વર્ષમાં 1480 હથિયારો ઝડપાયા

(એજન્સી) ઈમ્ફાલ| તા 27

છેલ્લા એક વર્ષમાં આસામ રાઈફલ્સે મણિપુરમાં 426 ઈન્ટેલિજન્સ ઓપરેશનમાં 1480 હથિયારો જપ્ત કર્યા છે. ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડ હેડક્વાર્ટર, કોલકાતાના એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે આ માહિતી આપી. તેમણે કહ્યું કે આ દરમિયાન આતંકવાદીઓના ઘણા ઠેકાણાઓને પણ નષ્ટ કરવામાં આવ્યા હતા. સેનાએ જણાવ્યું હતું કે મૈઈતેઈ સમુદાયનું પ્રભુત્વ ધરાવતી ઈમ્ફાલ ખીણમાં 220 ગુપ્તચર ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. તેમજ, કુકી સમુદાયના પ્રભુત્વવાળા મણિપુરના પહાડી વિસ્તારોમાં 206 ઓપરેશન થયા. આ દરમિયાન ઈમ્ફાલ ખીણમાંથી 550 અને પહાડી વિસ્તારોમાંથી 930 હથિયારો મળી આવ્યા હતા. આ ઉપરાંત, ઈમ્ફાલ ખીણમાં 51 બંકરો અને પહાડી વિસ્તારોમાં 78 બંકરો પણ નષ્ટ કરવામાં આવ્યા હતા. . આ જ ક્રમમાં, મણિપુર પોલીસે માહિતી આપી કે સુરક્ષા દળોએ શનિવારે બિષ્ણુપુર જિલ્લાના ઉયુંગમાખોંગમાંથી ઘણા હથિયારો જપ્ત કર્યા છે. તેમાં SLR 7.62 mm રાઈફલ, મેગેઝિન, HE 36 ગ્રેનેડ, ગ્રેનેડ આર્મ રિંગ, ટીયર ગેસ ગ્રેનેડ, સ્ટિંગર ગ્રેનેડ, વોકી-ટોકી સેટ, બુલેટ પ્રૂફ જેકેટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ચાર HE 36 ગ્રેનેડ ડિટોનેટર સાથે આશરે 2.3 કિલો વજનનું ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) પણ મળી આવ્યું હતું. આ દરમિયાન, સિંગલ બેરલ ગન, મેગેઝિન સાથેની 9 એમએમ પિસ્તોલ, 7.62 એલએમજી મેગેઝિન, ડેટોનેટર સાથેના ત્રણ એમ-67 ગ્રેનેડ અને અન્ય દારૂગોળો ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના શાંતિપુર મખા લેકાઈમાંથી જપ્ત કરવામાં આવ્યો હતો. ચાર દિવસ પહેલા પીપલ્સ વોર ગ્રુપના 6 સભ્યો ઝડપાયા હતા. મણિપુર પોલીસને 22 ઓક્ટોબરે બીજી મોટી સફળતા મળી હતી. પોલીસે ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી પ્રતિબંધિત કાંગલીપાક કમ્યુનિસ્ટ પાર્ટી (પીપલ્સ વોર ગ્રુપ)ના 6 સભ્યોની ધરપકડ કરી હતી. આ લોકો ખાનગી બિઝનેસ, સરકારી કચેરીઓ અને નાગરિકોને નિશાન બનાવીને ખંડણીનું નેટવર્ક ચલાવતા હતા. આ સિવાય તે ગેરકાયદેસર હથિયારોના સોદામાં પણ સામેલ હતો. પોલીસે તેમની પાસેથી આશરે રૂ. 3.89 લાખ રોકડા, એક કાર અને બે મોટરસાયકલ અને અનેક મોબાઈલ ફોન કબજે કર્યા હતા. તેમની ઓળખ ઓઈનમ અબુંગ મૈઈતેઈ, લેઈમાપોકપમ હરી મૈઈતેઈ, યાઈખોમ લુખોઈ સિંહ, ઓઈનમ બિજેન મૈઈતેઈ, અથોકપામ ઈનાઓબી દેવી અને મોઈરાંગથેમ ઈચાન દેવી તરીકે થઈ છે. દિલ્હીમાં બેઠક છતાં 8 દિવસ પહેલા ફરી હિંસા શરૂ થઈ જીરીબામ જિલ્લામાં 19 ઓક્ટોબરે હિંસા ફાટી નીકળી હતી. બોરોબેકરા વિસ્તારના એક ગામમાં સવારે 5 વાગ્યે ઉગ્રવાદીઓએ ગોળીબાર કર્યો હતો. બોરોબેકરા પોલીસે જણાવ્યું કે ઉગ્રવાદીઓએ ગામમાં બોમ્બમારો પણ કર્યો હતો. બોરોબેકરા જીરીબામથી 30 કિમી છે. આ વિસ્તારમાં ગાઢ જંગલો અને પહાડો છે અને ભૂતકાળમાં પણ અહીં ફાયરિંગ જેવી ઘટનાઓ બની હતી.

# સિટી એક્સપ્રેસ

MONDAY 28 OCTOBER-2024

AHMEDABAD


## અમદાવાદ : સાસરિયાના ત્રાસથી પરિણીતા કંટાળી

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં રહેતી 29 વર્ષે પરિણીતાને તેના પતિ અને સાસુ-સસરા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો તથા પરિણીતાને પોતાના પિયરમાં બાળક સાથે રહેવા મજબૂર કરી હતી. તદુપરાંત તેના ભાઈને જાનથી મારી નાખવા પણ તેના સાસરીયાઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી. વારંવાર મારઝૂડ અને ગાળાગાળીથી ત્રાસીને પરિણીતા પોતાના પિયરમાં રહેવા ચાલી ગઈ હોવાના ત્રણ મહિના વીતી ગયા હોવા છતાં સાસરીયાઓ અને પતિ દ્વારા કોઈ સમાધાન ન થતા પરિણીતાએ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અમદાવાદ : ફટાકડા ફોડતા બાળકોના વાલી સાવધાન

દિવાળી એટલે કે, દીવા, રોશની અને ફટાકડાનો તહેવાર. પરંતુ કેટલીક વખતે દિવાળીના ઉત્સાહ વચ્ચે કંઈક અજુગતું બની જાય છે અને નાની નિષ્કાળજી એક દુર્ઘટનાનું સ્વરૂપ લઈ લે છે. દિવાળીના તહેવાર દરમિયાન નાના બાળકોથી લઈને મોટા લોકો તમામ ફટાકડા ફોડવાની મજા માણે છે, પરંતુ એક નાનો ફટાકડો પણ શરીરના કોઈ અંગને દઝાડી શકે છે અથવા તો કેટલીક વખત તેની ગંભીર અસરો અથવા તો ફટાકડાનો તણખો ઉડવાથી આંખ ગુમાવવાનો પણ વારો આવી શકે છે. તેથી ફટાકડા ફોડતી વખતે ખૂબ જ કાળજી રાખવી આવશ્યક છે.



# ગેસ ગળતરથી બે કર્મચારીના મોત

## નારોલની એક ફેક્ટરીમાં કેમિકલ રિએક્શનથી 7 લોકો હોસ્પિટલમાં દાખલ, 4 વેન્ટિલેટર પર



(એજન્સી) અમદાવાદ | તા.27

અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં ગેસ ગળતર થતા બે કર્મચારીના મોત થયા છે. જ્યારે સાત લોકોને મણિનગરની LG હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ચાર લોકોની હાલત ગંભીર છે.

નારોલની દેવી સિન્થેટિક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં કેમિકલ લીક થવાના કારણે ફેક્ટરીમાં કામ કરતા વ્યક્તિને ગેસની અસર થતાં 108 મારફતે એલજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા અસલાલી ફાયરબ્રિગેડની ટીમ ઈમર્જન્સી વાન સાથે ઘટના સ્થળે પહોંચી હતી અને ગેસ ગળતર બંધ કરાવ્યું હતું. ગેસ ગળતરની ઘટનાને પગલે ફાયર બ્રિગેડ, GPCB, ફેક્ટરી ઈન્સ્પેક્ટર અને પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો છે.



### મૃતકના નામ

લવકુશ મિશ્રા (ઉ.વ. 17)
કમલકુમાર યાદવ (ઉ.વ. 25)
(તમામ રહે. નારોલ જીઆઈડીસી)

### ફાયર બ્રિગેડે તાત્કાલિક ગેસ ગળતર બંધ કરાવ્યું

ગેસ ગળતરની ઘટના બન્યા બાદ અમદાવાદ ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. જેના પગલે ડિવિઝનલ ફાયર ઓફિસર અને સ્ટેશન ફાયર ઓફિસર સહિત અસલાલી ફાયર સ્ટેશન ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સુરક્ષિત સાધનો સાથે તાત્કાલિક ધોરણે ગેસ ગળતર બંધ કરાવવામાં આવ્યું હતું. ચાર લોકો હાલ હોસ્પિટલમાં વેન્ટિલેટર ઉપર હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટના મામલે હવે પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

### ઈજાગ્રસ્તોના નામ

મફુઝ અંસારી (ઉ.વ. 42)
મહેન્દ્રભાઈ (ઉ.વ. 50)
ઈશાદ ખાન (ઉ.વ. 25)
મંગલ સિંઘ (ઉ.વ. 56)
અશોકભાઈ (ઉ.વ. 56)
માલજીભાઈ (ઉ.વ. 59)

### સલ્ફ્યુરિક એસિડનું ઠલવાતું હતું ત્યારે કોસ્ટિક સોડા સાથે રિએક્શન થયું

આ અંગે અમદાવાદ ફાયર બ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ નારોલ વિસ્તારમાં મટન ગલી પાસે આવેલી દેવી સિન્થેટિક પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં આજે સવારે ગેસ ગળતર થયું હતું. સલ્ફ્યુરિક એસિડ નામનું કેમિકલ ઉપયોગમાં લેવાતું હતું. આજે સવારે 11 વાગ્યાની આસપાસ કંપનીમાં સલ્ફ્યુરિક એસિડનું ટેન્કર ખાલી થતું હતું ત્યારે બ્લીચિંગ વિભાગમાં કોસ્ટિક સોડા સાથે રિએક્શન થતાં ગેસ ગળતર થયું હતું. જેને કારણે ફેક્ટરીમાં કામ કરતા લોકોને ગેસની અસર થતાં 9 લોકો બેભાન થઈ ગયા હતા. ત્યાર બાદ હાજર સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે 108 બોલાવી તમામને સારવાર અર્થે મણિનગરની LG હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જ્યાં બે વ્યક્તિને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે ચાર લોકોની હાલત ખૂબ ગંભીર છે.

### કેમિકલ રિએક્શન થયું ને સૌથી પહેલા જ લવકુશ ઢળી પડ્યો

અમદાવાદના નારોલમાં દેવી સિન્થેટિક ફેક્ટરીમાં ગેસ ગળતર થતાં બે કર્મચારીના મોત થયા છે. જ્યારે 7 લોકોને મણિનગરની LG હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જેમાં 4 લોકોની હાલત ગંભીર છે. આ ગંભીર દુર્ઘટનામાં 17 વર્ષીય લવકુશનું મોત થયું છે, જે દિવાળી વેકેશન પડ્યું હોવાથી હજુ 4 દિવસ પહેલા જ નોકરી પર લાગ્યો હતો. દુર્ઘટનાની બંધબારણે તપાસ થતી હોવાથી પોલીસની કામગીરી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. મૃતક લવકુશ ઈસનપુર નજીક આવેલી એક સ્કૂલમાં ધોરણ 11માં અભ્યાસ કરતો હતો.

# લગ્ન પહેલા સાસરિયાઓના ત્રાસથી આપઘાત

## મંગેતર સહિતનાએ ક્રેટા ગાડી, ફ્લેટ સહિતનીની માંગણી કરતા યુવતીએ ગળેફાંસો ખાધો

(એજન્સી) અમદાવાદ | તા.27



લગ્ન બાદ યુવતીઓને સાસરિયાઓ તરફથી ત્રાસ આપતો હોવાની ફરિયાદ નોંધાય છે, પરંતુ લગ્ન પહેલા જ મંગેતર અને સાસરિયાઓ દ્વારા દહેજની માંગણી કરવામાં આવી રહી હતી. યુવતી પાસે ક્રેટા ગાડી અને ફ્લેટની માંગણી કરતા યુવતીએ ગળે ફાંસોખાઈને આપઘાત કરી લીધો છે. સરખેજ પોલીસે ચાર વ્યક્તિ સામે આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૃતક આઈટી કંપનીમાં નોકરી કરતી હતી મધ્યપ્રદેશના ભોપાલમાં રહેતા ઈરફાન મોહમ્મદે સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમના બહેન ફાતમાં ખાતુનની 11 મેના રોજ મોહમ્મદ આસીમ સાથે સગાઈ થઈ હતી. ફાતમાં આઈટી કંપનીમાં નોકરી કરતી હતી અને અમદાવાદમાં રહેતી હતી. ગઈ 15 ઓક્ટોબરે ફાતમાએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો. ફાતમાની અંતિમ વિધિ પણ મધ્યપ્રદેશ કરવામાં આવી હતી.

### ફોન ચેક કરતા મોતનું કારણ સામે આવ્યું

ઈરફાને ફાતમાનો મોબાઈલ ચેક કર્યો હતો, ત્યારે તેને જાણવા મળ્યું હતું કે, આત્માના મોત માટે આસીમ અન્સારી અને તેનો પરિવાર જવાબદાર છે. આસીમ જ્યારે અમેરિકાથી આવ્યો ત્યારે આવવા-જવાના ખર્ચ માટે પણ 51 હજાર રૂપિયાની માંગણી કરી હતી. ત્યારબાદ આસિમ તેના પિતા, માતા અને બહેને પણ ફાતમા પાસે દહેજમાં ક્રેટા ગાડી અને ફ્લેટની માંગણી કરી હતી. આ અંગે કંટાળીને ફાતમાંએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે સરખેજ પોલીસે ચારેય સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે અગાઉ પણ આવા કેટલા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે.

## થેરાપિસ્ટ યુવક પાસેથી ટુકડે-ટુકડે 31.59 લાખ ખંખેરી સાઈબર ગઠિયાએ ઠગાઈ આચરી

(એજન્સી) અમદાવાદ | તા.27

અમદાવાદમાં રહેતા યુવકને વોટ્સએપ ગ્રુપમાં અજાણ્યા વ્યક્તિએ એડ કર્યો હતો. ત્યારબાદ યુવકને શેરબજારમાં રોકાણ કરવાનું કહીને સારી એવી રકમનો નફો થશે તેવી લાલચ આપીને યુવક પાસે ટુકડે-ટુકડે લાખો રૂપિયાનું



રોકાણ કરાવ્યું હતું. જ્યારે યુવકે પોતાની રકમ પરત લેવાની વાત કરી ત્યારે યુવકને 20 ટકા બીજી રકમ ભરવાનું કહ્યું, જેથી યુવકે 20 ટકા રકમ પણ ભરી હતી. તેમ છતાં યુવકને તેણે ભરેલી રકમ પરત ન આપી, જેથી યુવકે સાયબર ક્રાઈમમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ 31.59 લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાવી છે. જગતપુરમાં રહેતા સુરજ પટેલ એક્યુપ્રેશર થેરાપિસ્ટ તરીકે નોકરી કરે છે. જૂન 2024માં સુરજના વોટ્સએપ નંબરને એક ગ્રુપમાં અજાણી વ્યક્તિએ એડ કર્યો હતો. ત્યારબાદ અજાણી વ્યક્તિએ સુરજ પટેલને ફોન કરીને જણાવ્યું હતું કે, તે મોતીલાલ ઓસ્વાલ કંપનીમાંથી વાત કરે છે અને તેમની કંપની શેરબજારમાં ટ્રેડિંગ કરાવે છે.

## રાજસ્થાનના રણપ્રદેશથી આવતા પવનોને કારણે રાજ્યમાં ઉનાળો અનુભવાશે

# દિવાળીમાં ગુજરાતીઓ ગરમીમાં શેકાશે

### આગામી 7 દિવસ મહત્તમ તાપમાન યથાવત રહેશે

(એજન્સી) અમદાવાદ | તા.27

ગુજરાતના તમામ શહેરોમાં છેલ્લા પાંચ દિવસથી ઉનાળામાં જે પ્રકારે અંગ દઝાડતી ગરમી વરસે છે તેવી પરિસ્થિતિનો ઉદભવ થયો છે, ત્યારે હવામાન વિભાગે હજુ પણ આગામી સાત દિવસ આ વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. એટલે કે, દિવાળી સુધી ગુજરાતીઓને ઉનાળાનો અહેસાસ થઈ શકે છે. કારણ કે, હાલમાં અમદાવાદમાં જ મહત્તમ તાપમાન 37 ડિગ્રીને પાર પહોંચ્યું છે, ત્યારે હજુ પણ આગામી સાત દિવસ આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતાઓને પગલે દિવાળી ગરમીમાં નીકળી જાય તેવી શક્યતા છે. ત્યાર બાદ એટલે કે, નવેમ્બરના પ્રથમ સપ્તાહ બાદ ઠંડીની શરૂઆત થવાની શક્યતાઓ છે. એટલે કે, જ્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ જતી હોય છે, ત્યારે ગુજરાતીઓને ઉનાળા જેવો જ અનુભવ થઈ શકે છે.



### અમદાવાદનું મહત્તમ તાપમાન 38 ડિગ્રીને પાર પહોંચશે

ગુજરાતના મધ્ય ભાગમાં એટલે કે, અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આગામી સાત દિવસ દરમિયાન આ પ્રકારનું વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે. જેમાં છેલ્લા 24 કલાક દરમિયાન અમદાવાદનું મહત્તમ તાપમાન સમાન્ય કરતા 2 ડિગ્રી વધુ રહીને 37.4 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ સમાન્ય કરતાં 3.8 ડિગ્રી વધુ રહીને 23.6 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આજે પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 38 ડિગ્રીને પાર પહોંચી શકે છે. એટલે કે હજુ પણ આગામી 24 કલાક અમદાવાદીઓને અંગ દઝાડતી ગરમીનો અનુભવ થશે.
એટલે કે, ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ દિશા તરફથી પવન સુકાઈ રહ્યા હોવાથી દિવસ દરમિયાન ગરમી અને રાત્રે ઠંડકનો અહેસાસ થાય છે. હજુ પણ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન યથાવત રહેશે.

# દિવાળીના પર્વને લઈ લોકોએ પકડી વતનની વાટ



## અમદાવાદના ST બસ ડેપો અને રેલવે સ્ટેશન પર મુસાફરોનો ઘસારો


(એજન્સી) અમદાવાદ | તા.27

અમદાવાદમાં એસ.ટી બસ ડેપો ખાતે દિવાળી પર્વની ઉજવણી કરવા માદરે વતન જતા મુસાફરોમાં માટે વધુ બસ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. 8,340 જેટલી વધારની એસ.ટી. બસો દોડાવવા આવશે. દિવાળીના પર્વને લઈ બસ સ્ટેન્ડ પર મુસાફરોનો ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. મોટાભાગના કંપની અને શાળા-કોલેજોમાં રજા પડતા વિદ્યાર્થીઓ અને શ્રમિકો પોતાના વતન જતા હોવાથી એસ.ટી બસ ડેપો પર મુસાફરોની ભીડ જોવા મળી છે. બીજી તરફ રેલવે સ્ટેશન પર મુસાફરોથી ખચોખચ ભરાઈ ગયા છે. દિવાળીની ઉજવણી કરવા માટે અમદાવાદથી વતન તરફ રવાના થઈ રહ્યાં છે, કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ ઉમટી છે, ટિકિટ લેવા લોકોની પડાપડી થઈ રહી છે. વહેલી સવારથી બુકિંગ ટિકિટ કરાવવાને લઈ લોકોની ભીડ ઉમટી છે, કન્ફર્મ ટિકિટ લેવા માટે લોકો વહેલી સવારથી લાઈનમાં ઊભા છે. મસાફરોની ફરિયાદ છે કે, કલાકો સુધી લાઈનમાં ઊભા છતા પણ તત્કાલ ટિકિટ પણ મળતી નથી. નોંધનીય છે કે, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જતાં મુસાફરોને હાલાકી પડી રહી છે.

### એડવાન્સ બુકિંગમાં 20 ટકાનો વધારો

દિવાળીના તહેવારને લઈને એસ.ટી બસોમાં દૈનિક એડવાન્સ બુકિંગમાં 20 ટકાનો વધારો થયો છે. નોંધનીય છે કે, રાજ્યમાં કુલ 8,340 એક્સ્ટ્રા બસો દોડાવાશે. સુરતથી 2,200, દક્ષિણ-મધ્ય ગુજરાતથી 2,900, સૌરાષ્ટ્ર-કચ્છથી 2,150 અને ઉત્તર ગુજરાતથી 1,090 બસો દોડાવાશે. તહેવાર ટાણે ખાનગી બસોની સાથે હવે એક્સ્ટ્રા બસોમાં નિયમિત ભાડા કરતાં 1.25 ગણું ભાડું વધારે વસૂલાશે.

## અમદાવાદમાં પણ રાતના 10થી સવારના 6 વાગ્યા સુધી ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ, પોલીસનું જાહેરનામું



(એજન્સી) અમદાવાદ | તા.27

પોલીસ માટે નવરાત્રિ જેવી જ સ્થિતિ દિવાળીમાં સર્જાઈ રહી છે. અમદાવાદમાં રાત્રે 10 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પોલીસ કમિશનરે બહાર પાડ્યું છે. વર્ષના સૌથી મોટા તહેવારોની મુક્ત મનની ઉજવણીમાં કાયદાનું બંધન અનુભવાતું હોવાનું અનેક નાગરિકો કહે છે. આ વર્ષે દિવાળીનો માહોલ જામી રહ્યો છે ત્યારે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવાની પ્રક્રિયા કરવામાં આવી છે.

ધ્વનિ અને વાયુ પ્રદૂષણ અંગેના કાયદા કાગળ ઉપર મજબૂત છે. પરંતુ આ કાયદાઓની અમલવારી ઈચ્છા પડે ત્યારે અને પોતાની ઈચ્છાપૂર્તિ માટે અમુક પોલીસકર્મી કરતાં હોવાની લોકફરિયાદો પણ કાયદાઓ જેટલી જ મજબૂત છે.


### જાહેરનામાનો ભંગ કરનાર સામે થશે કડક કાર્યવાહી

પોલીસ કમિશનરે જાહાર કરેલા જાહરનામા અનુસાર, ધ્વનિ પ્રદૂષણ નિયમો 2000 અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નક્કી કરાયાં છે તેનું ચૂસ્તપણે પાલન જરૂરી છે. દરમિયાન લાઉડ સ્પીકર, ડ્રમ, પબ્લિક એડ્રેસ સિસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે. રહેણાંક વિસ્તારમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ, વાહનોની અવરજવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનોથી પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાય છે.

# વિવાદાસ્પદ કોન્ટ્રાક્ટ અપાયા: AMC ગાર્ડનને લગતી કામગીરી માટે દરેક કોન્ટ્રાક્ટરોના એકસરખા 9.98% વધારે ભાવથી 13 કરોડના કામોને મંજૂરી આપી

(એજન્સી) અમદાવાદ | તા.27

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત બગીચાઓ અને બગીચા વિભાગને લગતી કામગીરી માટે રૂ. 13 કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. દરેક ઝોનમાં ગાર્ડન વિભાગને લગતી કામગીરી 8 કલાક શિફ્ટ મુજબના ભરવામાં આવેલા ટેન્ડરમાં એક સરખા 9.98 ટકા વધારે ભાવથી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. બે કોન્ટ્રાક્ટરોને બે- બે જગ્યાએ અને એક કોન્ટ્રાક્ટરને એક જગ્યાએ કામગીરી સોંપવાની મંજૂરી આપવામાં આવી છે. AMC ગાર્ડન વિભાગના ઉચ્ચ અધિકારીઓથી લઈ અને શાસક પક્ષ દ્વારા કોન્ટ્રાક્ટરો સાથે ગોઠવણ કરી હોવાની ચર્ચા જાગી છે.



### સાતેય ઝોન માટે ટેન્ડર પ્રક્રિયા કરાઈ

સાતેય ઝોનમાં મજૂરો લેવા માટેની ટેન્ડર પ્રક્રિયામાં દર વખતે કોન્ટ્રાક્ટરો દ્વારા જે એક સરખા ભાવ ભરવાથી લઈને વધારે ભાવ આપવાની અધિકારીઓ દ્વારા રિંગ ગોઠવવામાં આવે છે. તેમ ફરીથી તે રીતે રિંગ ગોઠવી અને દરેક કોન્ટ્રાક્ટરને 9.98 ટકા જ વધુ ભાવે કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત મુકવામાં આવી હતી.

**લેબર કામગીરી માટેના આ કોન્ટ્રાક્ટ :** કોર્પોરેશનના ગાર્ડન વિભાગના પ્રિન્સિપલ ડાયરેક્ટર એ. સી. પટેલે જણાવ્યું હતું કે, ગાર્ડનિંગ વિભાગને લગતી કામગીરી માટે વિવિધ કંપનીઓને કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્તને મંજૂરી કરવા આપવામાં આવી છે. જેમાં લેબર કામગીરી માટેનો આ કોન્ટ્રાક્ટ છે. જ્યારે ટેન્ડરમાં કોન્ટ્રાક્ટરોને એકસરખા 9.98 ટકા જ વધારે ભાવ આપવામાં અમને પણ તેમની પાસે કોઈ જવાબ નહોતો.

## જાહેરમાં તલવાર સાથે ડાન્સ કરવો ભારે પડ્યો

**જન્મદિવસની ઊજવણીનો હથિયાર સાથેનો વીડિયો વાઈરલ થતાં પોલીસે દબોચ્યા, આરોપીઓને લંગડાતી હાલતમાં ફરી ઘટનાસ્થળે લવાયા**

(એજન્સી) અમદાવાદ | તા.27

શહેરમાં અસામાજિક તત્વોનો આતંક વધી રહ્યો છે ત્યારે પૂર્વ વિસ્તારમાં જ હાથમાં તલવાર સાથે ડાન્સ કરી રહેલા 8-9 શખ્સોનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયો વાયરલ થતાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરી ગુનો નોધવામાં આવ્યો હતો. પોલીસે 6 આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, મિત્રના જન્મ દિવસની ઉજવણી સમયે વીડિયો બનાવ્યો હતો. પોલીસે આરોપીઓને સાથે રાખીને જ સ્થળ પર પંચનામુ કર્યું હતું. સોશિયલ મીડિયામાં હાથમાં તલવાર સાથે ડાન્સ કરતા કેટલાક શખસોનો વીડિયો વાયરલ થયો હતો.